૬૬૫૯

શંકાથી સંકટ

અથવા

મોતનમાળા ખરી કે ખોટી ?

૬૬૫૬

શંકાથી સંકટ

અથવા

મોતનમાલા ખરી કે ખોટી ?

રચી પ્રકટ કરનાર,

વનમાલી લાધાભાઈ મોદી,

"હિંદુસ્તાન" પત્રનો અધિપતિ અને

"મણિમોહન" વગેરે પુસ્તકોનો કર્તા.

અમદાવાદ:

યુનિયન પ્રિ૦ પ્રેસ કં૦ લિમિટેડમાં છાપ્યું.

સન ૧૮૯૭. સંવત ૧૯૫૩.

મૂલ્ય ૭ આના.

ઉત્સર્ગ.

મહાપુન્યશાલી, પ્રતાપભાનુ, શ્રીમન્મહારાજા સરશ્રી યશવંતસિંહજી બહાદુર
કે. સી. આઈ. ઈ.
સંસ્થાન શ્રી લીંબડી.

કૃપાનિધાન !

આપની અનન્ય ગુણગ્રાહક શક્તિએ અને આપના અનુપમ ઔદાર્યે જેને જીવન પર્યંત આભારી બનાવ્યો છે—એવા આ સેવકની, અનેક ગ્રન્થોથી ગુંથીને આખી એક "યશવંતયશમાલા" બનાવવાની પ્રતિજ્ઞા પારપાડવાની સદા દક્ષતા અને ઉત્કંઠા છતાં, તેની સફલતા તો ભવિષ્યને જ સ્વાધીન છે ! પરંતુ અત્યારે તો એ માલાનો લ્યો, આ બીજો મણકો કૃપા કરી સ્વીકારો !!

આપનો આભારી,

વનમાલી.

" છે શક સાહસનું પરિણામ-
બહુ સંતાપ થશે જ થકી તે;
નિર્દોષ પ્રિયા પૂરી આપ નિહાળી-
દટાય દુઃખે પછી નાથ નકી તે."

શંકાથી સંકટ.

અથવા

મોતનમાલા ખરો કે ખોટી ?

પ્રકરણ પેહેલું.

પ્રેમી જોડું.

વિજયાગવરીના મ્હોંમાંથી શબ્દ નિકળતાં વાર લજ્જાશંકરે તે માન્ય કર્યો નહીં, એમ કદીપણ બન્યું નથી. તેમનો સંસાર ગરીબાઇનો જ હતો. લજ્જાશંકરને ત્રીકમજી શેઠને ત્યાંથી માત્ર માસિક પચીશ રૂપિયા મળતા હતા. વળી મુંબઇમાં રહીને ઠીકરીતિયે સંસાર ચલાવતાં એ પચીશ રૂપિયામાંથી બચાવ શાનો થાય ? કોઈ મહિને કદાચ બે ચાર રૂપિયાનો બચાવ થાય તો લજ્જાશંકર

પોતાની સ્ત્રીની ઈચ્છા પાર પાડવામાં ખર્ચતો હતો. તેણે કદીપણ પોતાની પ્રિય ભાર્યાનું દિલ દુભાવ્યું નથી. મહિને મહિને મળતો પગાર તથા તે ઉપરાંત સાંજ સવાર કોઈનું છૂટક નામું લખવાની મહિને થતી બે ચાર રૂપિયાની આવક તે પોતાની સ્ત્રીને સોંપતો હતો. પોતાના શેઠની ચાલીમાંની એક ઓરડી તેને રહેવા માટે મફત મળેલી હોવાથી ભાડા સંબંધી તેને કશો ખર્ચ કરવો પડતો નહોતો. મુંબઈમાં ગૃહસ્થને રહેવા જોગ એકજ ઓરડીનું ભાડું દર મહિને છ સાત રૂપિયા આપવું પડે છે; પણ તે ખર્ચ કરવો પડતો ન હોવાને લીધે લજ્જાશંકર ધારે તો જમા ખર્ચના પરિણામે થોડો બચાવ પણ કરી શકે; પરંતુ તેનો થોડો ખર્ચાળ સ્વભાવ હોવાથી અને પોતાની સ્ત્રીને પોતે પ્રાણ સમાન સમજતો હોઇને તેની સર્વ પ્રકારની ઈચ્છા પાર પાડવામાંજ તેને અત્યંત સુખ ઉપજતું હોવાથી વાસ્તવિક રહે-

વી જોઇએ તેટલી શિલક રહેવા પામતી નહોતી. લજ્જાશંકર વયમાં પચીશ છવીશ વર્ષનો હતો અને વિજયાગવરી વીશ એકવીશ વર્ષની હતી બન્ને જણાં સંસારના સબંધમાં જરા અજાણજ હતાં. તેમાં વળી વિજયાગવરી તો વિશેષ અજાણુ હતી. વયમાં તરૂણ, તેમાં વળી અતિશય સ્વતંત્રતા—ઘરમાં પતિ શિવાય કોઈ મોટું મનુષ્ય મળે નહીં! પતિ પોતાના અર્ધા વચનમાં—પોતાના મ્હોંમાંથી શબ્દ નિકળતાં વાર તે ઉપાડી લેવાને તૈયારજ! આમ હોવાથી તેને ભૂત ભવિષ્યનો વિચાર ઓછો રહે તેમાં નવાઈ શી? "પેહેરવાને થોડું ઘરેણુંગાંઠું હોવું જોઇએ. ચંદ્રકળા કે રેશમી સાડી હોય તો બહાર નિકળતી વેળાએ તે પેહેરવાથી શોભી નિકળીએ. રડયું જીંદગી સુધી લોહીનું પાણી કરીને રળવું તો છેજ; પણ એ રળેલું, સુખ મેળવવામાં ન ખર્ચીએ તો જીવ્યા કે રળ્યાનું સાર્થક શું?" એવા વિચારની હોંશીલી વિ-

જયાગવરી હતી. તેને ત્રીકમજી શેઠની સ્ત્રી રતનબાઈ પોતાની કને ચાર છ દિવસને આંતરે બોલાવતી હતી અને એ ધનવાન શેઠાણીના સહવાસને લીધે ટાપટીપથી રહેવાની તેની હોંશને ઉત્તેજન મળતું રહેતું હતું. સાંજ સવાર વાળ ઓળી અંબોડા વાળવો, તેમાં ગુંથેલાં પુષ્પોની વેણી નાંખવી; કિમતી કમખો કે રેશમી ચોળી કિંવા ચંદ્રકળા કે રેશમી સાડી બહાર જતી વેળાના પોશાક તરીકે રાખી, ભાતભાતનાં છીંટની ચોળીઓ અને ભાતભાતનાં છાયલો ઘરમાં નિત્યના પોશાક તરીકે ધારણ કરવાં, એ વિજયાગવરીનો ક્રમ થઈ પડયો હતો. આમ છતાં—એટલે તેની બણીઠણીને ટાપટીપથી રહેવાની અને ઘરેણુંગાંઠું પેહેરીને સુશોભિત થઈ રહેવાની હોંશ છતાં તે પોતાની દ્રવ્ય સંબંધી શક્તિનો વિચાર કરનારી સુજ્ઞ સ્ત્રી હતી. "ફલાણી વસ્તુ વિના ચાલે તેમ નથી અને તેથી પૈસા નથી તો શી ફિકર છે?

ભલે હાલ તે ઉધાર લઇને ચલાવો અને બે ચાર દહાડા પછી પૈસા હાથમાં આવશે ત્યારે આપી દેવાશે !" એવા હાનિકારક વિચારો તેને કદીપણ ઉપજવા પામ્યા નહોતા. તે પોતાની બેહેનપણીઓને હમેશાં શિખામણના રૂપમાં કહેતી હતી કે,—" પાસે પૈસા ન હોય તો વસ્તુ વિના ચલાવી લેવું; પણ કોઈના કરજદાર તો કદી પણ થવું નહીં. એકાદી વસ્તુ લેવાની હોંશ પૂરી ન પડી તો કાંઇ તેના વિના મરી જવાતું નથી અને પૈસા હાથમાં હોય ત્યારે તે હોંશ પાર પાડતાં ક્યાં નથી આવડતું ? ઊછીપાછીના કરીને કે કરજ કરીને હોંશ પૂરી પાડનાર સ્ત્રી પોતાના પતિને મુંજવણમાં નાંખી પોતે પણ દુઃખી થાય છે." વિજયાગવરીને ઉછીનુંપાછીનું લેવાનો બહુ તિરસ્કાર હતો. તે એકાદી વસ્તુ ખપી ગઈ હોય—મીઠું, મરચું, કે હલદર ખૂટી ગયાં હોય તો તેના વિના તે ચલાવી લેતી; પણ આ-

ડોશીપાડોશી કને કદી પણ ઉછીનું માગવા જતી નહોતી તે ખરેખરી મર્યાદશીલ સ્ત્રી હતી. તે પરાયા પુરૂષો સાથે તો શું; પરંતુ સ્ત્રીઓ સાથે પણ કદી ખડખડાટ હસી હોય એવું કોઇના જાણવામાં નહોતું. તે ઘણું કરીને પોતાની ઓરડીમાંથી ઉઠીને બીજાની ઓરડીમાં જતીજ નહોતી. પાડોશની બીજી સ્ત્રીઓને બેસવા તથા વાતચિત કરવા માટે તે પોતાને ત્યાં બોલાવતી હતી, અને તેમની સાથે મધુર હિતકારક સંભાષણ કરવા ઉપરાંત બની શકયા પ્રમાણે તેમનો સત્કાર પણ કરતી હતી. અન્ય અભણ સ્ત્રીઓની પેઠે કોઇની નકામી નિંદા કરવામાં કે નિરૂપયોગી વાતોના તડાકા મારવામાં તે કદી એક ક્ષણપણ ગુમાવતી નહોતી. તેને ઉનની ગળપટા વણવાનું, ચોળીપર ભરત ભરવાનું અને એ શિવાય ચિત્રો કહાડવાનું કામ આવડતું હતું, અને તેમાં તથા વ્યવહારની કુશળતાનું અને નીતિ—સદ્દવર્ત્તનનું શિક્ષણ

મળે તેવાં પુસ્તકો વાંચવામાં પોતાનો અવકાશનો વખત તે ગાળતી હતી. રતનબાઈ શેઠાણી તેની સદ્‌ગુરૂ હતી. તે તેને વારંવાર એવાજ પ્રકારનો ઉપદેશ આપતી હતી. વિજયાગવરી ઘરસંસારના કર્મમાં ઘણી દક્ષ રહેતી હોવાથી તથા તેના સંબંધમાં અન્ય સ્ત્રીઓને “નવરાશનો વખત ” જોવામાં નહીં આવવાથી તેઓ ઘણીવાર,–“ કેમ વિજયાબાઈ, એવડું તે તમોને શું કામ હોય છે? ઘડીની ફુરસદ જ નહીં ? આખો દહાડો ઘરમાં ગોંધાઈ રહેવામાં તે બાઈ તમોને શી મજાહ પડે છે ? લજ્જાશંકર ઘરમાં હોય છે, ત્યારે તો બાઈસાહેબના દર્શન જ દુર્લભ ! જગતમાં જાણે તમેજ સ્ત્રી પુરૂષ છો અને બાકીના તો × × × ” એમ મશ્કરીમાં બોલતી હતી. આવે પ્રસંગે વિજયાગવરી ગાલમાં હસવા ઉપરાંત તેમને કશો ઉત્તર આપતી નહોતી. કદી કદી ઉત્તર આપ્યા જેવું તેને લાગતું તો તે એટલુંજ કહેતી હતી

કે,—"બેહેનો, સ્ત્રીઓને પતિ એજ દૈવત છે. તેમની ઇચ્છા અનુકૂલ વર્તવું એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. નવરાશનો વખત તો ઘણો મળી શકે; પણ તે જેટલે દરજ્જે મેળવવા જઇએ તેટલેજ દરજ્જે સંસારસુખમાં હરકત આવે; માટે બેહેનો, ઘરસંસારનું કામકાજ સુઘડતાથી, કાળજીથી અને પ્રેમથી કરવા માટે નિમગ્ન થઈ રહેવામાં અને પતિની રૂડી ઇચ્છાને અનુકૂલ થઈ રહેવામાં જ સ્ત્રીઓએ પોતાના સર્વ કાળનો વ્યય કરવો ઘટે છે."

એ પ્રમાણે જો કે ગરીબાઇથી પણ જરા ઠીક હાઠથી આ જોડું પોતાનો સંસાર ચલાવતું હતું. તેનાં સુખનો પારાવાર નહોતો. વિજયાગવરીનું પરમ દૈવત લજ્જાશંકર અને લજ્જાશંકરનું પરમ દૈવત વિજયાગવરી—એ શિવાય એકબીજાંનાં મનમાં બીજો કશો ખ્યાલજ આવતો નહોતો. જેમ વિજયાગવરીને પિયરીઆમાં અતલગનું સગું કોઇજ નહોતું, તેમ

લજ્જાશંકરના ગોતરિયામાં પણ કોઈ અતલગનું સંબંધી નહોતું. સ્ત્રી પુરૂષ–બન્નેનો પરસ્પર વિલક્ષણ પ્રેમ હતો. આમ હોવાથી વિજયાગવરી પોતાના પ્રાણનાથની અને લજ્જાશંકર પોતાની પ્રિય ભાર્યાની ઈચ્છા અનુકૂલ વર્તવા માટે અહોરાત્ર મથતાં હતાં. વિજયાગરીનાં સુખ કે આનંદથી લજ્જાશંકરનાં સુખાનંદનો પાર રહેતો નહોતો અને લજ્જાશંકરનાં સુખ કે આનંદથી વિજયાગવરીની પણ તેવાજ પ્રકારની સ્થિતિ થતી હતી. જ્યાં આવો અપૂર્વ પ્રેમનો પ્રકાર હોય ત્યાં સુખ સુખ તે વળી બીજું કેવું જોઇએ! શ્રીમંત લોકો ભલે પોતાના મનમાં ધાર્યા કરે કે,–"આ સંસારમાંનું ખરૂં સુખ માત્ર અમેજ સમજનારા અને તેનો ઉપભોગ પણ અમેજ લેનારા!" પરંતુ લજ્જાશંકર અને વિજયાગવરી સરખાં એકબીજાંપર પૂર્ણપણે રત થયેલા ગરીબ જોડાને પ્રાપ્ત થનારાં સુખની કલ્પના પણ કરવાને એ શ્રીમંતો અશક્ત છે, તો પછી તે-

ઓ તેવું વાસ્તવિક સુખતો ક્યાંથીજ પ્રાપ્ત કરી શકે ? એકલા દ્રવ્યની અનુકૂલતાથી ખરૂં સુખ પ્રાપ્ત થઈ શકતું નથી, એકલા આજ્ઞાધારક દાસદાસીઓથી ખરૂં સુખ પ્રાપ્ત થઈ શકતું નથી, અમુક એક વ્યક્તિના એકલા મોહાંધ અંતઃકરણથી ખરૂં સુખ પ્રાપ્ત થઈ શકતું નથી; પણ ખરૂં સુખ તો પતિપત્નીના પરસ્પરના અપૂર્વ પ્રેમથી, એ અપૂર્વ પ્રેમવડે પરસ્પરના તન્મય થઈ ગયેલાં અંતઃકરણથી અને એ પ્રેમી અંતઃકરણવડે ઉપજેલી શ્રદ્ધા—આસ્થાથીજ પ્રાપ્ત કરી શકાય છે. પ્રેમ વડે પ્રાપ્ત થતાં સુખમાં ગરીબાઈ કે શ્રીમંતાઇનો ભેદ રહેવા પામતો નથી, એ ખરૂં છે; તથાપિ એમ પણ સમજવું જોઈએ કે ખરૂં સુખ માત્ર ગરીબાઇમાં કે શ્રીમંતાઇમાં હોતું નથી. ખરૂં સુખતો સમાધાન યુક્ત પ્રેમમાં કિંવા પ્રેમયુક્ત સમાધાનમાંજ હોય છે. "માત્ર સ્ત્રી સાથે ગપ્પાં મારવામાં તે કેટલો વખત ગુમાવવો ? ચાલ

જરા બહાર ફરી આવું ? કિંવા પ્રયોજન તો કશું નથી, પણ ખાલી મિત્રોને ત્યાં જઇને આનંદ મેળવી આવું." એવો વિચાર લજ્જાશંકરના મનમાં કદી પણ ઉપજવા પામ્યો નહોતો. કામ પૂરૂં થયું કે તુરતજ તે ઘેર આવીને પોતાની પ્રિયપત્ની સાથે વાતચિત કરવામાં ગુંથાતો હતો, કિંવા તે ઘરનું કામકાજ કરવામાં રોકાયલી હોય તો તેમાં તેને મદદ કરવા મંડી જતો હતો.

પણ હવે આપણા આ પ્રેમળ જોડાંનું વિશેષ વર્ણન ન કરતાં, તેમનું જે ચરિત્ર પ્રકટ કરવાનું છે, તે લખવાનોજ પ્રારંભ કરવો લેખકને વધારે ઉચિત જણાય છે.

પ્રકરણ બીજું.

—:૦:—

જીંદગીનો વીમો!

શનિવારના રોજ વિશેષ કામ ન હોવાથી લજ્જાશંકર શેઠજીના ઘેરથી ચાર વાગ્યાના સુમારે પોતાને ઘેર પાછો આવ્યો. ઘેર આવતાં વાર અંગરખું અને પાઘડી ખીંટીએ ભેરવી પોતે ઓરડીમાં પડેલી એક ગાદીપર આડે પડખે પડીને હાથમાંની બીડી સળગાવવા માટે દીવાસળી ઘસવાની તૈયારીમાં હતો, તેવામાં વિજયાગવરી હાથમાં ચોળી લઈ, તે શિવવા માટે જોડમાં આવીને બેઠી. લજ્જાશંકરે બીડી સળગાવી, તે પીતાં પીતાં કહ્યું,–"કેમ ત્યારે સેવિંગ્સબેંકમાંથી રૂપિયા લઈ આવવાજ પડશે? મોતનમાલા વિના નહીં ચાલે ?"

વિજયાગરીએ એકદમ ઉત્તમ આપ્યો,– "એમ કેમ બોલો છો? મ્હોટા લોકની સાથે લગ્નમાં જવું અને અડવા શરીરે જવું કેમ પાલવે? આપણે શ્રીમંત નથી, તથાપિ ગરીબાઈ

પ્રમાણેજ, પણ કાંઈક તો ઠીકઠાક થઇને જવું જોઇએ કે નહીં ? પેહેરવા માટે રેશમી સાડી અને કિનખાબની ચોળી તો છે અને તેથી પોશાકના સંબંધમાં કાંઈ ખર્ચ કરવો પડે તેમ નથી. પગમાં કડલાં કે સાંકળાં પેહેરવાનો રીવાજ આપણામાંથી નિકળી ગયો છે. હાથમાં ચુડીઓને બદલે મુંબઇમાં સોનાની બંગડીઓ પેહેરવાનો ચાલ થયા છતાં એ તો મોટા ખર્ચની વાત હોવાથી તે કરાવવી પાલવે તેમ નથી, તો પણ છતે રૂપિયે અડવી ડોકે ફરવું, એ મને ઠીક લાગતું નથી, તેથી આપને મોતનમાલા કરાવી આપવાની વિનતિ કરી છે. એકલા મંગલસૂત્રથી આટલા દિવસ ચલાવ્યું છે તે તો આપ જાણો છો, અને મંગલસૂત્ર મારા પ્રાણ કરતાં મને અધિક વહાલું છે; પણ મોતનમાલા કરાવી આપવાનો જ્યારે આપના હાથમાં અવેજ છે, ત્યારે તો મારી એ હોંશ–"

"હા, વ્હાલી તારી એ હોંશ પૂરી પાડવા હું

તૈયાર છું પણ–" લજ્જાશંકરને બોલતો અ-ટકાવીને વિજયાગવરીએ કહેવા માંડયું,–" પણ શું ? ત્રણસો ચાળીશ રૂપિયાની રકમ બેંકમાં છે, તેમાંથી ત્રણસો રૂપિયાની મોતનમાલા થશે. ઘણા વખતથી બૂમ માર્યા કરૂં છું, કહી કહીને થાકી છું અને તેથી હવે તો આપને માટે દસ પંદર રૂપિયાનો એક રેશમી ધોતી-જોટો પણ લીધા વિના છૂટકો થશે નહીં. બાકી પચીશ રૂપિયા રહેશે તે હું પુને મારી સાથે લઈ જઈશ." "પચીશ રૂપિયા શા માટે તારે સાથે લઈ જવા જોઇએ?" "વાહવાહ! હું કહું છું તે શું ખોટું છે કે આ-પનામાં થોડું સંસાર--વ્યવહારનું જ્ઞાન કમી છે! પુના સરખા શેહેરમાં જાઉંછું. જાનમાંની બી-જી સ્ત્રીઓ ત્યાંનું વખણાતું કંકુ લેશે, બદામ ઘાટની પાન સોપારીની પેટી ખરીદશે અને એવીજ બીજી ઉપયોગી વસ્તુઓ પણ મરજી પ્રમાણે વેચાતી લેશે અને તે વેળાએ મારે

શું તેઓનાં મ્હોં સામે જોઇને બગાસાં ખાવાં? વારૂ એ તો ઠીક; પણ–" "કેમ બોલતી અટકી પડી ?" વિજયાગવરીને લજ્જાશંકરે આતુરતાથી પ્રશ્ન પૂછ્યો કે તુરત તેણે પોતાનું બોલવું આગળ ચલાવ્યું,–" શેઠજીનો એકનો એક લાડકવાયો પુત્ર પરણે છે, આપના ઉપર શેઠજીનું અને મારા ઉપર શેઠાણીનું કેટલું બધું હેત છે ? અને તેથી ઘણું જાણીએ છીએ કે આપણું કર્યું ફોકટ જનાર નથી, પણ રીતિ પ્રમાણે સારી રકમનો ચાંલ્લો કર્યા વિના ચાલે તેમ છે?" " આપણે નોકર, આપણો ચાંલ્લો રાખેજ નહીં; પણ રીતિ પ્રમાણે ચાંલ્લો કરવાથી જો કે તે તુરતને માટે તો લેવામાં આવશે, પણ પાછળથી એથી બમણી ત્રમણી રકમ પાછી વળ્યા વિના રહેશે નહીં. ખુશીથી ચાંલ્લો કરવાની આપણે તને રજા આપીએ છીએ." "ત્યારે મારી ઇચ્છા પ્રમાણે પુનામાંથી મનગમતી ચીજો ખરીદવાની શું મના કરો છો ?" " તારી ઇચ્છાનો અનાદર મેં કદી પણ

કર્યો છે કે આ વેળાએ કરૂં ? પુનામાં ગયા પછી તારી ઈચ્છા પ્રમાણે મનગમતી વસ્તુઓ ખરી-દવાની પણ તને પરવાનગી છે, થા હવે ખુશી!" લજ્જાશંકરે એટલું પોતાની પ્રિય ભાર્યા પ્રત્યે ઘણા પ્રેમથી કહીને તેનાં મ્હોંપર બીડીના ધુમાડાની એક ફુંક મારી. વિજયાગવરી બોલી,—"આ બીડી પીવાનો આપને કંટાળોજ આવતો ન-થી, તો હું ઘરમાં તેને રહેવાજ દઈશ નહીં. આપ લાવશો, તો હું ભાંગીને ફેંકી દઈશ. કેવી તેની ખરાબ વાસ આવે છે ? મને તો એ બીડી બિલકુલ ગમતી નથી." "બીડીને લીધે મારા ઉપર અણગમો તો નહીં થાય, એ ધાસ્તીથી હવે તે મારે પીવી છોડી દેવી પ-ડશે !" "મારી કેટલી ધાસ્તી રાખોછો તે હું સારી રીતે જાણું છું; પણ બીડીને લીધે આપ-ના ઉપર અણગમો મને કયારે ઉપજશે, તે આપ જાણો છો ? જયારે મારા કરતાં બીડીને અ-ધિક વહાલી ગણશો ત્યારે !" "અરે ઘેલી, હું

ધારૂં છું કે તારામાં સમજશક્તિ ઓછી છે! બીડીને તો હું દિવસમાં સાતસો વખત ચુંબન લેતો હોઇશ અને તને તો માંડ એકાદ બેવાર! કહે જોઉં તારા કરતાં મને બીડી અધિક વહાલી નથી?" "ઠીક છે ત્યારે, હવે એ મારી સોકયના કેવા ભુંડા હાલ કરૂં છું તે તમે પણ જોશો!! બીડી પીવાથી તો આપને વારંવાર "ખોંખોં ખોંખોં" કરવું પડે છે. બીડી પીવાથી ઘણાઓને છાતીમાં કફ થાય છે અને એ કફ પ્રકોપ છેલ્લે ક્ષયનું સ્વરૂપ ધારણ કરે છે. બીડીમાં આપ રત થયા છો અને તેથી એ હાનિકારક કુલટાને આપ જ્યાં સુધી તજશો નહીં, ત્યાં સુધી એ કુલટાના સ્પર્શથી અભડાયલા આપના મુખપર, આ દાસી આતુર અને ઉત્કંઠિત્ છતાં ચુંબન લઈ શકશે નહીં!!" "આતો કફના પ્રકોપ પેહેલાંજ આપનો પ્રકોપ પ્રકટ થયો! માફ કરો. કોપ શમાવો. બીડી બાઇને આજથી પાણીચું પરખાવીએ,

પછી છે કાંઈ? બીડી બાપડીના ભોગ કે તે-
ના ઉપર આપ સરખી પંડિતાનું ભાષણ આ-
પવામાં લક્ષ દોરાયું ! વારૂ એ તો ઠીક; પણ
ત્રણસો મોતનમાલા માટે, દસપંદર ધોતીજોટા
માટે, અને પચીશ સાથે લઇ જવા માટે, ત્યારે
બેંકમાં શિલકને નામે તો આંબળા જેવડું ર-
હેશે !"

"ત્યારે કરવું કેમ ? બેંકમાં નાણું મેલ-
વાનું કારણ તો એજ કે ખરે વખતે તે ઉપ-
યોગી થઈ પડે, ઘરેણું ગાંઠુ કરાવવામાં આ-
પણે કાંઈ નાણું ફોકટ ગુમાવતા નથી. વળી
શોભાની શોભા અને નાણાની સાચવણની
સાચવણ ઘરેણાંથીજ થાય છે. આપજ વિ-
ચાર કરો કે છતે અવેજે અડવી ડોકે શા
માટે રહેવું જોઇએ ? મારે માટે મોતનમાલા
કરાવવાની અને આપને માટે ધોતીજોટા
લેવાની મારી મરજી છે, વરરાજાને ચાંલ્લો કર-
વાની તો આપની પણ સંમતિ છે, અને ત્યારે

પુનામાંથી બેચાર રૂપિયાની વસ્તુઓ ખરીદવાનો વિચાર માંડી વાળીએ, તો તેટલેથી કાંઈ આપના કે મારા મનનું સમાધાન થવાનું હતું કે?" "કેવું દ્વિઅર્થી બોલવું થાય છે! જો વિચાર માંડી વાળવામાં આવે તો તારા મનનું સમાધાન થાય નહીં અને તેટલી નજીવી રકમ બચાવવાથી મારા મનનું પણ સમાધાન થાય નહીં!!"

"ત્યરે કહો તો મોતનમાળા કરાવવાનો વિચાર માંડી વાળવા સાથે લગ્નમાં જવાનો વિચાર પણ માંડી વાળીએ!" લજ્જાશંકરના મનને આ વેળાએ, ખિન્ન વદનની બનેલી પોતાની સ્રીને ઉત્તર આપવો યોગ્ય જણાયો નહીં. તે માત્ર તેના સામે પરાણે ગાલમાં હસ્યો અને ઇશારતથી એમ સૂચવ્યું કે,—"મોતનમાળા થશે અને લગ્નમાં પણ જવાશે!"

"હાલ તુરત મોતનમાલા વેચાતી નહીં લેતાં પેહેરવા માટે કોઇને ત્યાંથી માગી લાવી

પ્રસંગ ઉકેલી લઇએ તો કેમ ?” એમ પોતાની સ્ત્રીને પૂછવાની લજ્જાશંકરની ઇચ્છા થઈ હતી. વાક્ય હૈયામાંથી હોઠે આવી રહ્યા છતાં, તે તેનાથી પ્રકટ કરી શકાયું નહીં. મોતનમાલા માગી લાવીને પેહેરવાનો વિચાર પોતાની સ્ત્રીને રૂચશે નહીં, એ પોતે સારી રીતે સમજતો હતો. પોતાની સ્ત્રીની ઇચ્છાનો અનાદર કરવાનો વિચાર પણ તેનું હૃદય માન્ય કરી શકતું નહોતું. આખરે પોતાને નિદ્રા આવે છે, એવા મિષથી તેણે ચક્ષુઓ મીંચીને ક્ષણ માત્ર વિચાર કરી જોયો અને પછી એક ધીમો નિશ્વાસ નાંખી પોતાની સ્ત્રી પ્રત્યે બોલ્યો, “ઠીક ત્યારે, ખુશીથી તારી ઇચ્છા પાર પાડ. આજે શનિવાર છે, આવતી કાલે રવિવાર હોવાથી પોસ્ટઑફિસનું નાણા પ્રકરણી કામ બંધ જ રહેવાનું; પરમ દિવસે રૂપિયા લઈ આવીશ; પરંતુ મારે તને સ્પષ્ટ જણાવવું જોઇએ કે મોતી લાવવાની પણ મને ફુરસદ

નથી. આવતી કાલે શેઠજીને ત્યાં એટલું તો કામ છે કે મને ઘેર જમવા આવવાનો અવકાશ મળશે કે નહીં, તે પણ મારાથી કહી શકાતું નથી. પરમ દિવસે ગમે તેમ કરીને વખત મેળવી પોસ્ટમાંથી રૂપિયા લાવીશ; પણ ભલી થઇને હું કહું તેમ કર. મંગળવારે તો તમારે અહીંથી જાન સાથે જવું જોઈએ; આમ હોવાથી આવી રીતે એક બે દિવસમાં કાંઈ મોતનમાલા તૈયાર થઈ શકે નહીં; માટે પરમદહાડે રૂપિયા હું તને લાવી આંપું, તે તું રતનબાઈ શેઠાણીને આપ અને કહે કે,—"પુનામાં ગયા પછી મને મોતનમાલા કરાવી આપો." પુનામાં જતાંવાર તેઓ તે કામ તુરતજ ઘણી સારી રીતે કરાવી આપશે. મને લાગે છે કે એમજ કરવું ઠીક પડશે. શેઠજીએ મને એકવાર કહ્યું કે—"તુ પણ જાનમાં ચાલ." પણ ફરી બીજીવાર કહ્યું કે,—"અહીંયા કોઈ નથી. દુકાનની વ્યવસ્થા સંભાળવી જોઇએ. ઉઘરાણી

પણ નિયમિત રીતિયે કરવી જોઇએ." મેં પણ "ત્યારે તો હું અહીંજ રહીશ," એવો ઉત્તર આપ્યો. પુને જાન ગયા પછી દસ દિવસ કેડે લગ્નનું મુહૂર્ત્ત છે, અને લગ્ન પછી પણ દસ બાર દહાડા ત્યાં રહેવું થશે." વિજયાગવરી બોલી,–"એટલા દિવસ તો સહજ લાગશે. એ શું આપણાં સરખાં ગરીબગુરબાંનું લગ્ન છે કે એ દિવસમાં પૂરૂં થઈ જાય! બન્ને વેવાહીઓ તરફથી નાતો જમાડવામાં આવશે. પેહેરામણીના સમારંભો થશે. લગ્નમાં ખરૂં મહાલવું તો શ્રીમંતોને ત્યાંજ!" "ખરી વાત છે."

એવી રીતે તે પતિપત્ની વચ્ચે ઘણો સમય સુધી વાતચિત ચાલી રહી હતી. સાયંકાળ થતાંવાર વિજયાગવરી ચુલો સળગાવવા તથા નળપરથી બે ગાગર પાણી લાવવાના કામ માટે ઉઠી. લજ્જાશંકર જેમનો તેમ ગાદીપરજ પડયો રહ્યો. મોતનમાલાની વાત નિક-

ળ્યા પછીથી તેનું મન જરા અસ્વસ્થ થઈ રહ્યું હતું. "પરમ દહાડે રૂપિયા લાવી આપીશ" એમ કહેતી વેળાએ તેણે ધીમો નિશ્વાસ નાખ્યો હતો, એ પ્રિયવાચકોના લક્ષમાં હોવું જોઇએ. વળી જે લજ્જાશંકર પોતાની પ્રિય ભાર્યાના મ્હોંમાંથી વચન નિકળ્યું કે તુરત તે ઉપાડી લેવામાં તત્પર, જે લજ્જાશંકર પોતાની પ્રિય પત્નીની ઈચ્છા અનુકૂલ વર્તવા માટે અતિશય દક્ષ રહેનારો, તેજ લજ્જાશંકર મોતનમાલા માટે રૂપિયા લાવી આપવાના સંબંધમાં ધીમો નિશ્વાસ નાંખે, એ માટે પણ પ્રિયવાચકોને જરૂર આશ્ચર્ય ઉપજ્યું હશે; પરંતુ જે દિવસે આપણી આ પ્રસ્તુત વાર્તાનો આરંભ થયો, તે દિવસથી એક મહિનાપર બનેલો એક બનાવ અને એ બનાવના સંબંધમાં લજ્જાશંકરના મનમાં એક મહિનાથી ઘોળાતા વિચારો સમજવામાં આવતાંવાર લજ્જાશંકરના આજના વર્તન વિષે તેમન આશ્ચર્ય

પામવા જેવું લાગશે નહીં. લજ્જાશંકરના મન માં એક મહિનાથી જે વિચારો ઘોળાતા હતા તે નીચે લખ્યા પ્રમાણે હતા.

લજ્જાશંકરનો કૃષ્ણશંકર નામનો એક સારો સ્નેહી હતો. લજ્જાશંકરની પેઠે તે પણ મુંબઇમાં પોતાની સ્ત્રી સાથે રહેતો હતો. કૃષ્ણશંકરનાં માતપિતા અતિશય વૃદ્ધ હોવાથી ગુજરાત મધ્યે તેના વતન મહુધામાં રહેતાં હતાં. કૃષ્ણશંકરને માસિક પચીશ રૂપિયાની બી બી. સી. આઈ. રેલવેની ઑડિટ ઑફિસમાં નોકરી હતી. એ પચીશ રૂપિયાની આવક માંથી મુંબઇમાંનો પોતાનો ખર્ચ કહાડતાં પાંચ સાત રૂપિયાનો બચાવ કરી મહુધે પણ મોકલતો હતો. એટલી પાંચ સાત રૂપિયાની રકમથી તેનાં માતપિતા ગુજરાન ચલાવતાં હતાં. આવી રીતિયે વ્યવહાર ચાલતાં ચાલતાં દુષ્ટ દુર્દૈવને લીધે એક વેળાએ કૃષ્ણશંકરને વિષમજ્વર લાગુ પડયો અને ફક્ત દસ દિવસના

મંદવાડમાં તેનુ મૃત્યુ થયું. આ વેળાએ તેની સ્ત્રી સુવાવડ કરવા માટે મહુધા ગયેલી હતી. કૃષ્ણુશંકરના મૃત્યુના માઠા વર્ત્તમાન જ્યારે તેની સ્ત્રીના અને તેનાં વૃદ્ધ માતાપિતાના સાંભળવામાં આવ્યા હશે, ત્યારે તેઓની કેવી અવસ્થા થઈ હશે, તેની કલ્પના દયાળુ હૃદયના વાચકોએજ કરી લેવી ! કારણુ કે તેનું વર્ણુન કરવાથી અતિશય ઉપજતા શોકને લીધેજ લેખકથી તે કાર્ય પાર પડી શકવાનો સંભવ નથી. કૃષ્ણુશંકરની સ્ત્રીની સ્થિતિ મનમાં આવતાંવાર અંતઃકરણુમાં ઉપજેલા શોક અને કરૂણાના પ્રબળથી લજ્જાશંકરને ઘણો વખત સુધી અશ્રુપાત કરવાની ફરજ પડી. કૃષ્ણુશંકરનું મૃત્યુ થયું, ત્યારથીજ લજ્જાશંકરના મનમાં,—"કદાચ તેવોજ પ્રસંગ મારા સંબંધમાં બન્યો તો પછી મારી વ્હાલી સ્ત્રીની શી અવસ્થા ?" એ વિચાર વારંવાર ઉપજી તેના ચિત્તને અતિશય ઉદાસ અને અસ્વસ્થ કરી

નાખતો હતો. "અનિશ્ચિત જીવનનો કાંઈ ભરોંસો નથી. મૃત્યુ ક્યારે આવશે તે કાંઈ કહી શકાતું નથી, અને તેથી પોતાની પાછળ પોતાની સ્ત્રીના ભરણપોષણ માટે હરકત ન આવે તેવો બંદોબસ્ત કરી નાંખવો ઘટે છે. મારી આયુષ્યનો વિમો ઉતરાવી નાખું તો પછી તે વિષેની મને ચિંતાજ રહે નહીં." એવા વિચારથી વિમો ઉતરાવી નાંખવા માટે લજ્જાશંકર ઘણોજ આતુર બની રહ્યો હતો. "જો હું મારી જીંદગીનો વીમો અઢી હજાર રુપિયાનો ઉતરાવું તો વર્ષના મારે આશરે સવાસો રુપિયા ભરવા પડે. એટલે મહિને દસ રુપિયા તો કરકસરથી ઘર સંસાર ચલાવીએ, તો ઘણી ખુશાલીથી બચાવી શકાય. માટે એ કાર્ય જેમ બને તેમ જલદીથી પાર પાડવું," એવો પોતાના મન સાથે તેણે ઠરાવ કરી રાખ્યો હતો. સાત આઠ દિવસમાં એ ઠરાવ મુજબ તે પોતાની જીંદગીનો વિમો ઉ-

તરાવી નાંખનાર હતો; પરંતુ વચમાં આ મોતનમાલાનું લફરૂં ઉભું થવાથી તેને જરા માઠું લાગ્યું. વિમો ઉતરાવવાની વાત પોતાની પ્રિય પત્નીને કહેવી એ ઠીક નહીં, એમ તેને લાગ્યું; કારણ કે તેને તે વાત કહેવાથી,–"મરણની અશુભ વાતને અંગે આ વીમાની રકમ મેળવનારી કેવી દુર્ભાગી!" એમ બોલી તે રડવા લાગે અને વીમો નહીં ઉતરાવવા માટે આકરી પ્રતિજ્ઞા લેવરાવે, તો પછી કરવું શું?" એવો તેને વિચાર ઉપજ્યો હતો; આમ છતાં એકવાર કોઈ ત્રાહિતના સંબંધમાં તેણે વીમો ઉતરાવ્યાની વાત કહીને તેનો અભિપ્રાય પૂછ્યો કે,–"તેણે વિમો ઉતરાવ્યો તે ઠીક કર્યું કે નહીં?" તે વેળાએ વિજયાગવરીએ વિમો ઉતરાવવાના કામને પેહેલેથીજ અશુભ ઇચ્છવાના પગરણ સરખું જણાવી તે તરફ ભારે તિરસ્કાર બતાવ્યો; આથી તેને તે સંબંધી બિલકુલ નહીં જણાવતાં ગુપ ચુપ પોતાની

જીંદગીનો અઢી હજાર રૂપિયાની રકમનો વિમો ઉતરાવવાનો તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો; પરંતુ એટલામાં તો શેઠજીને ત્યાં લગ્ન પ્રસંગ આવવાથી મોતનમાલાનું લફરૂં જાગ્યું! "મોતનમાલા હાલ ન કરાવતાં, લગ્ન પ્રસંગ પર્યંત, કોઇની માગી લાવીને પેહેરી ચલાવી લેવું" એમ પોતાની સ્ત્રીને જણાવી તેનું દિલ તેનાથી દુભાવી શકાયું નહીં. "ગળે ગાંઠ અને મ્હોંડે ડૂચો," કિંવા "સૂડી વચ્ચે સોપારી" જેવી લજ્જાશંકરની સ્થિતિ થઈ પડી. "ત્યારે હવે કરવું શું?" તે વિષેનો નિર્ણય કરવાને તેનું મન કેવળ અશક્ત થઈ પડ્યું. "વીમો ઉતરાવવામાં એક વર્ષના સવાસો રૂપિયા પ્રથમજ ભરવા જોઇએ. કદાચ મહિને મહિને ભરવાના હફતા બાંધીએ, તો એક વર્ષની મુદત પૂરી થયા પછી જ વીમાની રકમ મેળવવાનો હક્ક થાય. હફતા બાંધીને કદાચ બે ચાર હફતા ભરાયા પછી—એટલે વર્ષ પૂરૂં

થતાં પેહેલાંજ મરણ નિપજે તો વીમાની રક-
મ મળે નહીં, પરંતુ ઉલટી હફતાથી ભરેલી
રકમ પણ જાય; માટે એકદમ વર્ષની રકમ
ભરી કહાડવી એજ ઉત્તમ રસ્તો છે; પરંતુ
મોતનમાલામાં બેંકમાંની સઘળી રકમ ખર્ચાઈ
જશે અને હવે તો સવાસો રૂપિયા બચાવતાં
એક વર્ષનો અવધી જોઇએ. આટલા અવધી-
ની અંદર કદાચ વિકાળ મૃત્યુને શરણ થવું
પડ્યું તો પછી મહારી વ્હાલી સ્ત્રીની શી
અવસ્થા ?" જેમ જેમ તે, એ સંબંધમાં અ-
ધિકાધિક વિચાર કરવા લાગ્યો, તેમ તેમ તેની
મુંજવણ પણ વધતી ચાલી. આ મુંજવણને
લીધેજ મોતનમાલા માટે બેંકમાંથી રૂપિયા
લાવવાની વાત નિકળતી વખતે લજ્જાશંકરના
હૃદયમાંથી નિશ્વાસ નિકળવો શું સ્વભાવિક
નથી ? પોતાની પ્રિય ભાર્યાની પ્રસ્તુત ઇચ્છાને
પાર પાડી તેને રાજી રાખવી અને પોતાની
પાછળ તેની માઠી અવસ્થા ન થાય તે માટે

વ્યવસ્થા કરી રાખવી. એ બન્ને પ્રકારના વિચારોનું તેના અંતઃકરણમાં યુદ્ધ ચાલી રહ્યું હતું. આમ છતાં પોતાની સ્ત્રીને એ વાર્તા કહી સંભળાવી ને નિર્ણય પર આપવાનો રસ્તો તેને યોગ્ય લાગ્યો નહીં. તે દિવસે રાત્રીએ ભોજન કરી શયન કરવાના હેતુથી લજ્જાશંકર અને વિજયાગવરી બિછાનાપર સૂતાં; પરંતુ જેમ પોતાને હવે મોતનમાલા મળવાથી અત્યંત આનંદ પામનારી બિચારી વિજયાગવરીને પોતાના પતિનું અંતઃકરણ અત્યારે કેવી અવસ્થા ભોગવે છે, તે વિષેનો ખ્યાલ ઉપજવા પામ્યો નહીં, તેમ અતિશય ચિંતાતુર થઈ રહેલો લજ્જાશંકર પોતાની પ્રિય ભાર્યા અત્યારે મોતનમાલા વિષેના આનંદમાં કેવી નિમગ્ન થઈ રહી છે, તે વિષેની પણ કલ્પના કરી શકયો નહીં. આ પણ કેવો ચમત્કાર!

" હવે શું કરવું ? કદાચ વીમો ઉતરાવવા જેટલી રકમ એકઠી કરતાં પેહેલાંજ મરણ

થયું તો અરેરે પાછળથી કેમ થશે ? ” એવા ભયપ્રદ અને દુઃખકર વિચારો જેના અંતઃકરણમાં એક સરખા ઘોળાઈ રહ્યા છે, તેવો લજ્જાશંકર જે બિછાનાપર નિદ્રા વિના ટળવળ્યા કરે છે, તેજ બિછાના પર તેનીજ જોડમાં સુતેલી વિજયાગવરી મોતનમાલા પેહેરી બણીઠણીને ત્રીકમજી શેઠના દિકરાના લગ્ન સમારંભમાં મહાલતી ફર્યાનો પ્રસંગ સ્વપ્નાવસ્થામાં અનુભવે છે! ખચિત બાપડા લજ્જાશંકરના મનની સ્થિતિ જીંદગીનો વિમો ઉતરાવવા વિષેની આતુરતાથી કેવળ વિલક્ષણ બની રહી હતી.

પ્રકરણ ત્રીજું.

—:૦:—

સ્વપ્નનો કેવો ચમત્કાર!

રવિવારે લજ્જાશંકરને અતિશય કામ હતું, તે વાચકોના ધ્યાનમાં જ છે. તે સવારમાં ચહા પીને ઘરમાંથી નિકળ્યો તે બરોબર બપોરના બાર ઉપર એક વાગતે જમવા માટે ઘેર પાછો આવ્યો. જમીને એક કલાકની અંદર પાછો તૈયાર થઈ, "રાત્રીએ હું બહુ જ મો'ડો આવીશ. જમવા માટે મારી રાહ જોવી નહીં. હું આવીશ ત્યારે માત્ર ચહા પીશ." એટલું કહી બહાર નિકળ્યો તે રાત્રીના દસ વાગતે ઘેર આવ્યો. ઘેર આવી ચહા પીને પોતાની પ્રિય પત્નીને આખા દહાડાના શ્રમની વાત કહેતો કહેતો તે નિદ્રાધીન થઈ પડયો. આગલે દિવસે જે બનાવે તેને નિદ્રા આવવા દીધી નહોતી, તે જ બનાવે આજે તેને જાગ્રતાવસ્થામાં ત્રાસ આપ્યો નહીં. દિવસે કામકાજને અંગે અતિશય શ્રમ

પડવાથી તેને બિછાનાપર પડતાંવાર નિદ્રા આવી ગઈ; પરંતુ તે નિદ્રામાં પણ તેનું ચિત્ત અસ્વસ્થ હતું. મધ્યરાત્રી વીતી ગયા પછી તેને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નની હકીકત જો કે કેવલ ઢંગધડા વિનાની હતી, તો પણ તે સ્વપ્નની મુખ્ય મતલબ એવી હતી કે,– "બેંકમાંથી રૂપિયા લઈ આવીને મેં સ્રીને મોતનમાલા કરાવી આપી; આથી જીંદગીનો વિમો ઉતરાવવાનું બની શક્યું નહીં. ત્યાર પછી થોડીજ મુદતની અંદર હું આજારી થઈ પડયો. પાસે પાઈ સરખી મળે નહીં. ઔષધોપચાર બરોબર થઈ શક્યા નહીં. મરવાનો વખત નજીક આવ્યો !" આ ઉપરાંત એ સ્વપ્નાને અંગે અનેક માઠી બાબતો તેના અનુભવવામાં આવી. એ સ્વપ્નમાં જણાયલી હકીકતુ એટલા તો વિસ્તારવાળી હતી કે બીજે દિવસે તે પૂરેપૂરી તેને યાદ પણ રહી શકી નહીં. સ્વપ્નમાં ઘણોજ વિલક્ષણ અને ભયંકર દેખાવ અનુ-

મવવામાં આવવાથી, રાત્રીએ સુમારે ત્રણ વાગતે તે જાગ્રત થયો. જાગ્રત થયા પછી પણ કેટલોક વખત સુધી તો, પોતાને સ્વપ્ન પ્રાપ્ત થયું હતું કે પોતે ખરેખર તેવી માઠી જ અવસ્થા ભોગવે છે, તેનું પણ તેને ભાન રહેવા પામ્યું નહીં. જાગ્રત થયા પછી થયેલા સ્થિત્યંતરના સબંધમાં તેનું મન એમ એકાએક નિર્ણયપર ન આવી શકવાને લીધે, તે બિછાનાપર વારંવાર પડખા ફેરવવા લાગ્યો. પોતે પથારીમાંથી વારમવાર બેઠો થઈને તથા પોતાના હાથ પગ લાંબા કરીને 'પોતે આજારી તો નથી !' એવી ખાત્રી કરવા લાગ્યો. છેલ્લે જ્યારે તેના મનને પૂરતી રીતે લાગ્યું કે,—"આ તો સ્વપ્ન જ ઉપજ્યું હતું. એમાં સત્યતાનો જરા પણ અંશ નથી," ત્યારે તેની છાતીપરનો બોજો નિકળી ગયા જેવું થયું. થોડા વખત પછી તેને પોતાના બિહકણપણા માટે મોટેથી હસવું આવ્યું, અને જોડમાં નિદ્રાધીન થઈ

પડેલી પોતાની પ્રિયાને દૃઢાલિંગન દઇને અતિ-પ્રેમથી તેને જાગ્રત કરી. પોતાના સ્વપ્નની વાત તેને કહી સંભળાવવાના વિચારથી જ તેણે જાગ્રત કરી. તે જાગ્રત બનીને કંઈ કહેવા જતી હતી, તેટલામાં તો તેનો તે વિચાર એકદમ બદલાઈ ગયો. "સ્વપ્નની વાત કહેવાથી વાંમો ઉતરાવવાની વાત પણ તેને લગતી હોવાથી કહેવી પડશે," એમ ધારીને તે વાત કહેવાનો વિચાર તેણે માંડી વાળ્યો. વિજયાગવરીએ પોતાના પ્રાણનાથ પ્રત્યે કહ્યું,–" ઠીક થયું કે આપે મને જાગ્રત કરી. મને કે નહીં એક ઘણું જ લાભકારક–શુભસૂચક સ્વપ્નું આવ્યું હતું, શું હું ધારૂં છું તેમ થશે? એવો સુદિન જલદી આવો! (હસીને) મને એ સ્વપ્ન યાદ આવવાથી બહુ હસવું આવે છે." "એવું તે વળી કેવું તને સ્વપ્ન આવ્યું હતું?" લજ્જાશંકરને પોતાને ઉપજેલા સ્વપ્નનું સ્મરણ થવાથી, તે પોતાના ધ્યાનમાંથી કહાડી નાખવાના હેતુથી તેણે એ-

કદમ પ્રશ્ન પૂછયો. વિજયાગવરીએ ફરી હસતાં હસતાં કહ્યું,–"મને તો એ સ્વપ્નની હકીકત કહી સંભળાવતાં બાઈ બહુ લજ્જા ઉપજે છે. સ્વપ્ન એવું આવ્યું કે હું જાણે બનીઠણીને બેઠી છું, ગળામાં મોતનમાલા પેહેરેલી છે. મારી જોડમાં બીજી પડોશની સ્ત્રીઓ પણ બેસીને મારા ઠાઠમાઠનાં તથા મારી સુઘડતાનાં વખાણ કરે છે અને–" "તારાં વખાણ કોણ કરતું નથી વારૂ ? સ્વપ્નમાં પણ મોતનમાલા તો ખરી જ કે ! મનમાં તો તું ઇચ્છતી હોઇશ કે આવું રોજ સ્વપ્ન પડે તો ઠીક ! રાત્રદિવસ મોતનમાલાનું જ રટન, પણ–" "પણ મશ્કરી કરવાનું આપને એ ઠીક સાધન મળ્યું ! સ્વપ્ન પૂરૂં સાંભળ્યાં પછી ભલે જોઇએ તેવી મશ્કરી કરજ્યો., સ્વપ્નની હકીકતમાં ખરી મજાહ તો હવે આવે તેમ છે અને તેટલામાં તો વચ્ચે બોલી ઉઠયા !" "ઠીક ત્યારે મજાહ ભરેલી હકીકત કહી સંભળાવ જોઉં." વિજયાગવરી

સ્વપ્નની હકીકત આગળ કહેવા લાગી, " હું એવા ઠાઠમાં બેઠેલી છું, બીજી સ્ત્રીઓ મારાં વખાણ કરી રહેલી છે, તેવામાં મારી બ્હેન-પણી સુંદરબાઈ એકદમ બોલી ઉઠી,–"અરે વિજયા ઉઠઉઠ, તારા ખોળામાં સાપ !" આ વેળાએ હું એટલો તો ભય પામી કે ન પૂછો વાત ! પણ એ સાપ મને કાંઈ કરડયો નહીં. મેં એકદમ ખોળામાંથી તેને ઉડાડયો; પણ તે તો ફરીને મારા તરફજ આવવા લાગ્યો. સુંદરબાઇએ કોઈ પુરૂષને બોલાવી પકડાવવા માટે બૂમરાણ કરી મૂક્યું. મેં કહ્યું,– " ભલેને બિચારો ગમે ત્યાં જાય. મારા ખોળામાં આવ્યા છતાં તે કાંઈ કરડયો નથી. સર્પને મ્હોંડે પણ સત્રામણનું તાળું હોય છે. કિરતારની આજ્ઞા વિના તેનાથી કાંઈ કરડી શકાતું નથી. ભલે તે ગમે ત્યાં જાય. એને પકડાવશો નહીં " આટલું હું કહું છું, તેટલામાં તો ત્યાંથી તે અલોપ થઈ ગયો; અને તેટલામાં તો આપે મને જાગ્રત કરી.

કેવું મજાહનું લાભદાયક આ સ્વપ્નું ?" "આમાં મજાહ શી અને લાભ શો. તે કાંઇ હું સમજી શકતો નથી" 'કેમ જાણે ન્હાના બાળકની પેઠે તમે કાંઈ સમજતા જ નથી ! મને પણ ઠીક બનાવવા માંડી છે. એમ કાંઈ હું છેતરાઈ જાઉં તેમ નથી, સમજ્યા ?" "ખરેખર મને કાંઈ સમજાતું નથી એ સ્વપ્નથી શી મજાહ અને શો લાભ તે કાંઈ હું જાણતો નથી." "ત્યારે કહું હું પણ બાઈ કહેતાં મને શરમ ઉપજે છે ! કે નહીં આવી રીતે સ્વપ્નની અંદર ખોળામાં સર્પ દેખાય તો-" એટલું બોલી વિજયાગવરી વળી પાછી હસી પડી.

લજ્જાશંકરને એવા પ્રકારના સ્વપ્નના પરિણામ વિષે કશી માહિતી ન હોવાથી તે અધિક અધિક પૂછવા લાગ્યો. છેલ્લે શરમાતાં શરમાતાં વિજયાગવરીએ કહ્યું-'પુત્ર પ્રાપ્ત થવાનો હોય ત્યારે આવું સર્પનું સ્વપ્નું આવે છે, હવે સમજ્યા ? અને વળી આ ઉપરથી સ-

મજવું કે કાંઈ છે અથવા થોડા દહાડામાં રહેશે!!" વિજયાગવરીનું એ આનદનું બોલવું સાંભળી લજ્જાશંકરને પણ ઠીક લાગ્યું; એટલુંજ નહીં, પણ પોતાની પ્રાણાધિક પ્રિય પત્નીને આવું આનંદદાયક સ્વપ્ન આવેલું છતાં તેમાંથી તેને જાગ્રત કરી પોતે પોતાના ભયંકર અને અમંગલ સ્વપ્નની હકીકત કહી સંભળાવીને, તેના આનંદમાં દુઃખ અને ભય ઉત્પન્ન કર્યાં નહીં, તેથી તેના મનનું ઠીક સમાધાન થયું. વળી પોતાની સ્ત્રીના તે આનંદમય સ્વપ્નની હકીકત શ્રવણ કર્યા પછી તેને એમ પણ લાગ્યું કે—'મારા ભયંકર સ્વપ્નની હકીકત તેને નહીં કહી સંભળાવવામાં મ્હોટું ડહાપણ વાપર્યું ;" પરંતુ એવા પ્રકારની તેના મનની સમાધાની વધારે વાર રહેવા પામી નહીં. પોતાની ભાર્યાના સ્વપ્નની હકીકત શ્રવણ કર્યા પછી થોડા જ વારમાં તેને પ્રાપ્ત થયેલો તે, ક્ષણભરનો આનંદ એકદમ વિલય પામીને તેને એક નવીન

જ પ્રકારની ચિંતા ઉત્પન્ન થઇ. તેનો જેમ સ્વપ્નપર વિશ્વાસ નહોતો, તેમ વિશ્વાસ હતો પણ ખરો ! સારાંશ તેણે તે સંબંધી અદ્યાપિ પર્યંત તેની સત્યતા કે અસત્યતાના સંબંધમાં પૂરતો વિચાર કરીને બુદ્ધિપૂર્વક કશો પણ નિર્ણય કર્યો નહોતો. તે વિશેષ સુશિક્ષિત પણ નહોતો. સાધારણ "મેટ્રીક્યુલેશન" પર્યંત અભ્યાસ કર્યા પછી બે ત્રણ વાર પરીક્ષામાં નાપાસ થવાથી અભ્યાસ તજીને તેણે શાહુકારી નોકરી અંગિકાર કરી હતી. તેના શિક્ષણ અને સંસ્કારની આવી સાધારણ સ્થિતિ હોવાથી સ્વપ્નના ખરા ખોટાપણા વિષે, ભૂત—પિશાચાદિનાં અસ્તિત્વ વિષે અને શુભ અશુભ શુકનના પ્રભાવે થતાં સારાં માઠાં પરિણામ વિષે, તે કશા પણ નિર્ણયપર આવી શક્યો નહોતો—કહો કે તેણે તે સંબંધી કદી પણ વિશેષ વિચાર જ કર્યો નહોતો. ક્યારેક એ સર્વ બાબતોને તે ખોટી કહેતો અને ક્યારેક ખરી

પણ કહેતો હતો! આવી સ્થિતિનો તે માણુસ હોવાથી પોતાની સ્ત્રીને ઉપજેલું સ્વપ્નું આ વેળાએ ખરૂં માની, પોતાને થોડાજ સમયમાં પુત્રરત્ન પ્રાપ્ત થશે, એમ તે માની બેઠો, અને એવું માની લીધા પછી,—"પુત્ર પ્રાપ્ત થાય, સ્ત્રી સુવાવડમાંજ હોય અને કદાચ મારા સંબંધમાં માઠો બનાવ બને—એટલે દુષ્ટ દુર્દૈવે કરી મારૂં મૃત્યુ થાય, તો પછી એ નિરાધાર થઈ પડેલાં સ્ત્રી બાળકોની શી અવસ્થા! મારી પાછળ મારી નિરાશ્રિત સ્ત્રી પોતાનું અને ગભરૂ બાળકનું શી રીતે પોષણ કરી શકે!" આવા વિચારો ઉપજવાથી તેનું અંતઃકરણ ભય અને ચિંતાથી કેવળ અસ્વસ્થ થઈ આતુર બની રહ્યું. પોતાને ઉપજેલા પેલા ભયંકર સ્વપ્નનું આ વેળાએ ફરી તેને સ્મરણ થયું. તુરતજ તેનો ચેહેરો ઉતરી ગયો. તેને ટહાડના ચમકારા આવવા લાગ્યા, તે ભય અને દુઃખથી ધ્રુજવા લાગ્યો, તેનું અંતઃકરણ ગદ્દગદિત થઈ રહ્યું;

તેના મરણ પામેલા મિત્ર કૃષ્ણશંકરની વિધવા સ્ત્રીની સ્થિતિનું પણ તેને સ્મરણ થયા વિના રહ્યું નહીં. પોતાને જ્વર આવ્યા જેવું તેને જણાયું. શંકાથી તે પોતાનો હાથ પોતાના કપાળપર અને પેટપર અડાડવા લાગ્યો. તે બહુ અકળાયો. સારૂં થયું કે રાત્રી હોવાથી તેનો આ વેળાનો ચેહેરો વિજયાગવરીના જોવામાં આવ્યો નહીં તેણે ત્યારપછી વિજયાગવરી તરફથી પોતાનું મોહો ફેરવ્યું અને તે બીજે પડખે સ્તબ્ધ થઈ પડ્યો રહ્યો.

પોતે આનંદદાયક સ્વપ્નની હકીકત કહી સંભળાવ્યા છતાં પોતાના સ્વામિ કશું જ બોલ્યા નહીં કિંવા તેમણે તેમના સ્વભાવ પ્રમાણે પોતાની મશ્કરી પણ કરી નહીં, એમ જાણી વિજયાગવરીને જરા ચમત્કારિક લાગ્યું "મારા મુખથી સ્વપ્નો અર્થ સાંભળ્યા પછી તેઓ મારી વણી મશ્કરી કર્યા વિના રહેશે નહીં," એમ પ્રથમ વિજયાગવરીને લાગ્યું હતું; પરંતુ તેમ કશું

નહીં કરતાં તેઓએ જ્યારે બીજી બાજુએ પડખું ફેરવ્યુ, ત્યારે વિજયાગવરી બોલી,–"કેમવારૂ એ તરફ મ્હોં ફેરવ્યું ?" "ઉત્તર શો આપવો ?" એ વિષેના વિચારમાં લજ્જાશંકર પડી ગયો. ફરી વિજયાગવરીએ તે જ પ્રશ્ન પૂછ્યો ત્યારે તે બોલ્યો,–"નિદ્રા આવવા લાગી તેથી આ પડખે ફરીને સુતો. એ શિવાય મ્હોં ફેરવવાનું બીજું કશું કારણ નથી" વિજયાગવરીને પોતાના પતિનુ એવા પ્રકારનુ બોલવું સાચું લાગ્યું; કારણ કે હમણા હમણા શેઠને ત્યાં લગન પ્રસંગ હોવાથી કામકાજને અંગે તેને બહુ શ્રમ કરવો પડે છે, એ તેના જાણવામાં હતું. "નથ, માથુ દુઃખતું હોય તો કહો. "કોલનવૉટર"ની કહો તો ઘડી મુકું. પગ દુઃખતા હોય તો કહો હું તે ચાંપું" એમ વિનય અને પ્રેમથી પતિપ્રેમાસક્તા વિજયાગવરી કહેવા લાગી લજ્જાશંકરે ઉત્તર આપ્યો,–" કંઈ પણ કરવાની જરૂર નથી. માથું કે પગ કશું દુઃખતું

નથી. મને માત્ર નિદ્રા આવે છે. બીજું કશું કારણ નથી.” થોડીવાર થઈ નહીં એટલામાં લજ્જાશંકર ખોંખાર્યો, તેને જાગ્રત સમજી વિજયાગવરીએ કહ્યું,–“સાંભળ્યું કે! હજી જાગો છો તેથી કહું છું કે બેંકમાંથી આજે પેલા રૂપિયા લાવવાની વાત લક્ષમાં રાખજ્યો.” આ વાકય સાંભળતાંવાર લજ્જાશંકરના મનને કેવું લાગ્યું હશે તે ચતુર વાચકોએ કલ્પનાથીજ સમજી લેવું. લજ્જાશંકરે,–“લક્ષમાંજ છે. તું હવે સ્વસ્થ નિદ્રા લે,”એટલોજ ઉત્તર આપ્યો. એ પછી તુરતજ વિજયાગવરી નિદ્રાધીન થઈ રહી લજ્જાશંકરને માત્ર બિલકુલ નિદ્રા આવી નહીં. તેના મનમાં પુનઃ પોતાને પડેલા સ્વપ્નનો પ્રકાર ઉપસ્થિત થયો, મરણ પામેલો તે મિત્ર કૃષ્ણશંકર, તેની દુઃખી નિરાશ્રિત થઈ પડેલી વિધવા, પોતાની સ્ત્રીને પડેલા સુખદાયક સ્વપ્નથી પુત્ર પ્રાપ્ત થવાનું ચિન્હ અને તે પ્રાપ્ત થયા પછી પોતાનું મૃત્યુ

થાય તો તે સ્ત્રી બાળકની થનાર દુઃખદાયક અવસ્થા—એ સર્વ બાબતો તેના હૃદયમાં ઘોળાવા લાગી. "વેરી ન ચિંતવે તેટલું મન ચિંતવે—" એટલે દુશ્મન કરતાં પણ મન વધારે માઠું ધારે—એવો પ્રકાર લજ્જાશંકરના સંબંધમાં અત્યારે બન્યો. લજ્જાશંકરના મનમાં ગયા એક મહિનામાં અને વિશેષે કરીને ગયા બે દિવસમાં પોતાના સંબંધમાં તથા પોતાની પશ્ચાત પોતાની સ્ત્રીની ભાવી સ્થિતિના સંબંધમાં જે જે માઠા વિચારો ઉપજ્યા તે તે, તેનો ગમે તેવો હાડવૈરી છતાં પણ તેના અંતઃકરણમાં ઉપજ્યા ન હોત, એમ આ વાર્તાનો લેખક કહેવાની હિમ્મત કરી શકે છે. એ આખી રાત્ર લજ્જાશંકરે નિદ્રા લીધા વિનાજ પૂરી કરી. સ્વપ્નનો આ કેવો ચમત્કાર!!

પ્રકરણ ચોથું.

—:૦:—

સમજુની બલિહારી!

પ્રભાત થતાં વાર લજ્જાશંકરે વિજયગવરીને ઉઠાડી અને શૌચ તથા મુખમાર્જનાદિ પ્રકારથી પરવાર્યા પછી ચહા તૈયાર કરાવી તે પીને ઘરમાંથી નિકળ્યો. જતાં જતાં સેવંગ્ઝસબૅંકની ચોપડી ખિસ્સામાં નાખતો ગયો. બહારથી ઘેર આવતાં પેહેલાં સુમારે સાડાબાર વાગતે તે પોસ્ટઑફિસમાં ગયો. પોસ્ટઑફિસમાં જઇને જેટલા હતા તેટલા—ત્રણસો ચાળીશ રૂપિયા ઉપાડતાં તેને કેવું લાગ્યું હશે. તે બિચારો તે પોતેજ જાણે! કિંવા તેના સરખા મનનો અને તેનાજ સરખા વિચારનો જે કોઇ પુરૂષ હોય તેજ જાણે! વર્ણન કરવાથી એ શિવાય અન્યના સમજવામાં શું આવવાનું હતું? રૂપિયા લઇને તે ઘેર આવ્યો. તેણે પોતાની ભાર્યાને

તે રૂપિયા આપ્યા. જો એ રૂપિયા તે અંતઃકરણ પૂર્વક લાવ્યો હોત તો પ્રથમ તો તેણે,–"રૂપિયા લાવવાનું ભૂલી ગયો કિંવા આજે પોસ્ટઑફિસમાંથી રૂપિયા મળ્યા નહીં!" એ વગેરે કેટલુંક કહીને તેની સ્ત્રીને ચીડવી હોત અને તેની મશ્કરી કરવાનો પણ યત્ન કર્યો હોત; પરતુ તેનું ચિત્ત ઉદાસ બની રહેલું હોવાથી તેમ તે કરી શક્યો નહીં. "હવે હું આજારી થઈ પડીશ, સ્થિતિ બહુ ભયંકર થઈ પડશે, અને પાછળથી મારી સ્ત્રીની દુર્દશા થશે." એવા અમંગલ અને ભયંકર વિચારો અત્યારે પણ તેના મનમાં ઘોળાઈ રહ્યા હતા, તો પછી શાનું ચિડવવાનું અને શાની મશ્કરી કરવાનું સુઝે? જો કે પોતાના મનની સ્થિતિ છૂપાવવાના હેતુથી તે પરાણે હસતું મોં રાખવાનો યત્ન કરતો હતો; પણ તે તેનો યત્ન ઈચ્છાપૂર્વક નહોતો. આમ છતાં આજે તો પોતાના **પ્રાણનાથની તેવા પ્રકારની સ્થિતિ વિજયાગ-**

વરીના સમજવામાં આવ્યા વિના રહી નહીં. તેના મનની અસ્થિરતા અને ઉદાસપણું વિજયાગવરી જાણી ગઈ; પરંતુ એક તો અવેજ પોતાના હાથમાં આવવાથી હવે મોતનમાળા જલદીથી પ્રાપ્ત થશે, એવા વિચારમાં તેનું ચિત્ત પરોવાયું હોવાથી અને બીજું આજ એ દિવસથી કામકાજને અંગે પોતાના સ્વામિને ઘણો શ્રમ પડવાથી તેઓ કદાચ થાકીને ઉદાસ થઈ રહેલા હોવા જોઇએ, એવા અનુમાનથી તેણે તે તરફ બિલકુલ લક્ષ આપ્યું નહીં. વિજયાગવરી અત્યારે આનંદમાં આવી ગઈ હતી અને ગમ્મત કરીને–કાંઈક ગતકડું કહાડીને–મધુર મર્મનાં વચનો બોલીને પોતાના પતિનું ચિત્ત પ્રસન્ન કરવાનો યત્ન કરવા લાગી હતી આ વેળાએ તેનો તે આનંદ નિરખી લજ્જાશંકરને પણ જરા આનંદ સાથે કૌતુક ઉપજ્યા વિના રહ્યું નહીં. જમી પરવારીને ફરી તે બહાર જવા માટે તૈયાર થયો. જતાં

જતાં તેણે,–"નોટો બરાબર સંભાળી મૂકજે અને બપોરે રતનબાઈ શેઠાણીકને જઈને સોંપી આવજે અને મેં કહ્યું છે, તેમ કહી સંભળાવજે." એટલું પોતાની ભાર્યા પ્રત્યે કહ્યું.

રૂપિયા પ્રાપ્ત થવાથી અને રૂપિયાને લીધે મોતનમાલા પ્રાપ્ત થવાની આશા પૂર્ણ થવા જેવું થવાથી વિજયાગરીને ઉપજેલો આનંદ તેના હૃદયરૂપ ગગનમાં સમાતો નહોતો. તેણે ઉતાવળે ઉતાવળે ઘરનું કામકાજ પરવારી નાંખ્યું. આડોશીપાડોશીની જે સ્ત્રીઓ પોતાને ત્યાં આવી તે સર્વને મોતનમાલાની વાત તેણે ઉત્સાહથી કહી સંભળાવી. શેઠજીને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી પોતે પુના જનાર છે, એમ કહીને ચાંલ્લો કરવા વિષે તે સ્ત્રીઓનો તેણે અભિપ્રાય પણ લીધો. બીજે દહાડે જાનમાં તે પુના જનાર હોવાથી તેની કેટલીક બેહેનપણીઓએ અમુક અમુક વસ્તુઓ પોતપોતાને માટે લાવવાની ભલામણ કરી. કોઈએ કંકુ,

કોઇએ હાથીદાંતની કાંસકી અને કોઇએ પાનદાની વગેરે વસ્તુઓ મંગાવી. વિજયાગવરીએ સર્વેને "હા, લાવીશ." એવો હસતે વદને ઉત્તર આપ્યો. ચાર વાગતાના સુમારે તે સુશોભિત પોશાક પેહેરીને ત્રીકમજી શેઠને ત્યાં જવા માટે નિકળી. ત્યાં જઇને જુએ છે તો રતનબાઈ શેઠાણી કને પુષ્કળ સ્ત્રીઓ એકઠી મળી હતી. રતનબાઈનો ઉલ્હાસ હૃદયમાં સમાતો નહોતો. રતનબાઇએ વિજયાગવરીને સત્કારના શબ્દો કહી પોતાની જોડમાં બેસાડી. થોડીવાર પછી વિજયાગવરીએ શેઠાણીને કહ્યું, "આ ત્રણસો રૂપિયા એમણે મોતનમાલા માટે આપ્યા છે અને કહ્યું છે કે અહીં રૂતાવળમાં તે લેવાનું કામ બની શકે તેમ નથી; માટે શેઠાણીને આપી કહેવું કે તેઓ પુના ગયા પછી ત્યાંથી મોતનમાલા કરાવી આપે" રતન શેઠાણીએ "મને પણ એ સંબંધી આજ બપોરે લજ્જાશંકરે કહ્યું હતું." એટલું કહી

પ્રસન્નમુદ્રાથી તે રૂપિયા ગણી લીધા. રતનબાઈ વયમાં ચાળીશ બેતાળીશ વર્ષની-પુખ્ત હતી. તેને આ પરણનાર મોહનલાલ-એ એકનો એક પંદર વર્ષનો તરૂણ પુત્ર હતો. રતનબાઈ બહુ દયાળુ અને ઘણી સભ્ય હતી. વિજયાગવરી ઉપર તે બહુ મમતા રાખતી હતી. વિજયાગવરી પણ કાંઈ છીછરી સ્ત્રી નહોતી. બીજા નોકરોની કેટલીક સ્ત્રીઓની પેઠે શેઠાણી કને જઈને ખડખડાટ હસી પડવું, વાત વાતમાં છણકા કરી નખવો, અન્યની કુથલી અને નિંદા ભરેલી વાતો કરવી, શેઠાણીની અત્યુક્ત સ્તુતિ કરીને તેને ફુલાવવી-એ વગેરે દુર્ગુણો વિજયાગવરીમાં મુદ્દલ નહોતા. તે તો ઉલટી એવા દુર્ગુણોવાળી સ્ત્રીઓને ધિક્કારી કહાડતી હતી. આમ હોવાથી રતનબાઈને વિજયાગવરી બહુ પ્રિય થઈ પડી હતી; કારણ કે રતનબાઈ ખરી ગુણજ્ઞ અને પરીક્ષક-ઉદાર અંતઃકરણની ગૃહિણી હ-

તી. તેનામાં દ્રવ્યનું અભિમાન નહોતું. મ્હોટા-
ઇનો ગર્વ નહોતો. તે બહુ મલતાવડા અને
સરલ સ્વભાવની હતી. વિજયાગવરીના મર્યા-
દશીલ વર્ત્તનની તે બહુવાર પ્રશંસા કરતી હતી.
પૂર્વે એકવાર તો તેણે લજ્જાશંકરને એમ પણ
કહી સંભળાવ્યું હતું કે,—"તમે ભાગ્યશાલી
છો. સ્ત્રી બહુ ડાહી મળી છે." આવા પ્રકા
રની પોતાની સ્ત્રીની પ્રશંસા શ્રવણ કરવામાં
આવી તે વેળાએ લજ્જાશંકરના આનંદનો પાર
ન રહે, તેમાં વિશેષતા શી ?

રતનબાઈને રૂપિયા આપ્યા પછી પણ થોડો
વખત બેસી સુમારે સાડા પાંચ વાગતે રજા
લઈ વિજયાગવરી પોતાને ઘેર આવવા માટે
નિકળી. ત્રીકમજી શેઠનું ઘર વિઠ્ઠલવાડીમાં હતું
અને લજ્જાશંકર નવી વાડીના રસ્તાપરની એ
શેઠજીનીજ ચાલીમાં રહેતો હતો. વિઠ્ઠલવાડીમાંથી
નિકળી નાકાપરના દ્વારકાંનાથજીના મંદિર ન-
જીક જેવી તે આવે છે, તેવીજ તેની બે ઓ-

ળખીતી સ્ત્રીઓ દર્શન કરીને મંદિરમાંથી નિકળી બહાર વાતો કરતી ઉભી રહેલી તેના જોવામાં આવી. એ સ્ત્રીઓને મળવાના હેતુથી જેવી તે તેની નજીક જાય છે, તેવીજ એક સ્ત્રીનું આ પ્રમાણેનું બોલવું તેના સાંભળવામાં આવ્યું,—"બેહેન દુર્ગા! ધ્યાન આપ. મેં જે કહી તે દરમહિને પચાસ રૂપિયા મેળવનારાની કથા, સમજી! બાઈ કાળનો કાંઈ ભરોંસો છે? કાલે શું થશે, તેની કોને ખબર છે? કુયી વેળાએ કેવો પ્રસંગ ગુજરશે તે કાંઈ કોઇના જાણવામાં હોતું નથી, અને તેથીજ પ્રથમથીજ મનુષ્ય માત્રે સાવચેત રહેવાની જરૂર છે."

એવા પ્રકારનું બોલવું સાંભળવામાં આવતાંવાર એ સ્ત્રીઓની નજીક જઇને વિજયાગવરીએ પૂછ્યું,—"કોના સંબંધમાં શી વાત ચાલે છે?" તેમાંની કમલાબાઇએ કહેવા માંડ્યું,—"કાંઈ નહીં બાઇ, એ તો અમારી ચાલીમાંના પેલા બિચારા માધવજીની વાત. તેની

સ્ત્રી ધણી ઉડાઉ. ધણી જેટલું કમાતો હતો તેટલું લાવીને તેની સ્ત્રી શિવગંગાના હાથમાં સોંપતો હતો. શિવગંગાને આગલો પાછલો વિચાર નહીં. જે આવ્યું તે ખરચી નાંખ્યું. ઘરસંસાર સ્ત્રીઓનો કહેવાય છે. સ્ત્રીઓએ વિવેક વિચારથી ઓછે ખરચે સુખથી રહેવાની ઘરસંસારમાં તજવીજ કરવાની છે; પણ શિવગંગામાં સમજણ ઓછી. હવે તો બાપડીને બહુ પરિતાપ થતો હશે; પણ ઉપાય શો ?" એટલું કહીને મોટો નિશ્વાસ નાંખી કમલાબાઈ બોલતી અટકી પડી. તે હકીકત પૂરી સાંભળવા માટે વિજયાગવરીની આતુરતા વધવાથી તેણે કહ્યું,—"પછી શું થયું ?" "પછી શું થયું ? બાઈ એ હકીકત સાંભળી તમારૂં હૃદય પીગળી જાય તેમ છે. આજથી દશ દહાડાપર માધવજી ઉતાવળે દાદરપર ચઢતા પડી ગયો રસ્તાપરજ ચાલી હોવાથી તે બાપડો ભુંડી રીતે રસ્તાપર પડ્યો અને તેવામાં ઉતાવળે "વિકટોરિઆ"

(ગાડી) દોડતી આવતી હોવાથી તે તેના શરીર-પર ફરીવળી અને એ પછી બે દિવસ બહુ કષ્ટ ભોગવી, તે બિચારો મરણ પામ્યો. શિવગંગા કેવળ નિરાધાર થઈ પડી. પતિની હયાતીમાં જેટલું મેળવવામાં આવતું તેટલું ઉડાવી દેવાતું હતું, અને તેથી હવે આજ અને દાંત વચ્ચે વેર ભોગવવાનો એ શિવગંગાને વખત આવ્યો છે! આના કરતાં તે બૂરી દશા બીજી કેવી હોય!! દુર્ગાબાઇને એ હકીકત કહીને મેં કહ્યું કે માણસોએ આગળથી જ ભવિષ્યનો વિચાર કરીને સાવધાનીથી વર્તવું જોઇએ; કારણ કે કાળનો કાંઇ ભરોંસો હોતો નથી." "બાઈ સાચું કહોછો; પણ અરેરે તે બિચારી શિવ-ગંગાનું હવે કેમ થશે?" "અરે બાઈ તેની હવે વાતજ ન પૂછો! તેના સંબંધની વિશેષ વાત કહેવાથી મારૂં હૈડું હાથ રહેતું નથી—મારાથી રડી જવાય છે. પોતાના વતનમાં જ-વાનું પણ ભાડું ન હોવાથી, જ્યારે થોડું

ધણું રાચરચિલું વેચ્યું ત્યારે તે ત્યાં જઇ શકી! ચોથા દહાડા ઉપર જ તે ત્યાં ગઇ! ત્યાં જઇને બિચારી દળણું ખાંડણું કરીને જન્મારો પુરો કરશે! પ્રથમથી જો સમજીને પાંચ પૈસા બચાવ્યા હોત તો આવા પ્રસંગે બહુ ઉપયોગી થઇ પડત; પણ બાઈ આપણા લોકોને 'રાંડ્યા પછીનુંજ ડહાપણ' સૂજે છે, એ બહુ દુઃખદાયક વાત છે." એ સાંભળતાં વાર વિજયાગવરીના મ્હોંમાંથી એકદમ "અરેરાટ"નો ઉદ્દગાર નિકળવા સાથેજ તેનાં ચક્ષુઓમાંથી પણ ઉષ્ણ આંસુડાં ટપકી પડ્યાં. એ પછી તે ત્રણે જણીઓ ત્યાંથી ચાલી નિકળી. તે ત્રણેની સોબત ફક્ત રામવાડી પર્યંત રહેવા પામી. ત્યાંથી પેલી દુર્ગાબાઈ અને કમળાબાઈ વિજયાગવરીથી જૂદી પડીને ચાલવા લાગી અને વિજયાગવરીએ નવીવાડી તરફ આવવા માટે દાદીશેઠ અગિયારીનો રસ્તો પકડ્યો. માધવ-

જીની તથા તેની હતુભાગી સ્ત્રીની હકીકત સાંભળ્યા પછી વિજયાગવરીના અંતઃકરણનો અંધકારરૂપ પડદો એકદમ ખસી ગયો હતો. તેના હૃદયમાં પોતાની સ્થિતિ વિષેના વિચારો, માધવજીની સ્ત્રીની સ્થિતિ વિષેના વિચારો સાથે સરખામણીમાં મૂકાવા લાગ્યા હતા. આથી તેનું મન અત્યંત અસ્વસ્થ બની ગયું. તેને લાગ્યું કે,—" માધવજીની પેઠે મારા પતિ પણ પોતાની સર્વ પેદાશ મારાજ હાથમાં આપે છે અને માધવજીની સ્ત્રીની પેઠે હું પણ તે સર્વ ઉડાવી દઉં છું !" તેને વિચારો ઉપજવા લાગ્યા કે,—" માધવજીની સ્ત્રી પોતાની ઇચ્છાઓ પાર પાડવા માટે દ્રવ્યનો વગર વિચાર્યો ખર્ચ કરતી હતી અને હું પણ તેવીજ રીતિયે સ્વછંદે વરતું છું. કદાચ ભવિષ્યમાં માધવજીની સ્ત્રીની પેઠે દુર્ઘટ પ્રસંગ આવ્યો, તો પછી હાય હાય મારી શી અવસ્થા ! !"

પ્રિય વાચકવૃંદ ! મોતનમાલા પ્રાપ્ત થવા

વિષેનો વિજયાગવરીનો આનંદ અત્યારે એકદમ નાશ પામ્યો. મનુષ્યનું મન કેવું વિલક્ષણ હોય છે, ઘડી ઘડીમાં પ્રસંગાનુસાર તેની સ્થિતિ કેવી એકદમ બદલાઈ જાય છે, તે તમારે બરોબર તપાસવું હોય તો અત્યારે જ આપણી આ વિજયાગવરીને નિરખી લ્યો ! લોકો કહે છે કે,–' સમજુની બલિહારી છે, " તેમાં જરા પણ ખોટું નથી વિજયાગવરી સમજુ હતી તેથી તેના વિવેકી હૃદયમાં, માધવજી તથા તેની સ્ત્રીની દુઃખદાયક હકીકત સાંભળ્યા પછી એકદમ વિવેક ઉપજ્યો–વિવેકથી તેનું હૃદય એકદમ જાગ્રત થઇ ગયું. સમજુ માણસ કદાચ સમજથી ઉલટું ફંટાયું હોય તો તે જ્યારે ત્યારે પણ એકદમ સમજુ થયા વિના રહેતું નથી, એ વાત કાંઈ ખોટી નથી. આડાકડીનો પ્રસંગ આવ્યો, એટલે આપણને બાળક બુદ્ધિની જરા ઉછાંછળી જણાતી તરૂણ સ્ત્રી, એકદમ એકાદી ડાહી–પુખ્ત સ્ત્રીના

સરખી બની ગયેલી જણાય છે; તેવોજ પ્રકાર અત્યારે વિજયાગવરીના સંબંધમાં બનવા પામ્યો. જો કોઈ આ વેળાની વિજયાગવરીના અંતઃકરણની વાસ્તવિક સ્થિતિ સમજી શકે, તો તેને તે વિષેની તુરત ખાત્રી થયા વિના રહે જ નહીં. "પોતે અત્યાર સુધી કેવી રીતે વરતી, આવક તપાસીને ખર્ચ કરવાનું કેટલી વાર ભૂલી ગઈ, જો એવી ભૂલ ન કરી હોત—જો સંભાળીને કરકસરથી નહિ તો, ત્રેવડથીજ વરતી હોત તો કેવડી મોટી રકમ બચાવી શકી હોત!" ઈત્યાદિ વિચારોમાં વિજયાગવરીનું હૃદય હમણા કેવળ વ્યાપ્ત બની રહ્યું હતુ. રોજનો જાણીતો રસ્તો હોવાથી તે સીધી રીતે ચાલી જતી હતી; પણ વિચારોમાં નિમગ્ન થવાથી તેને જોઇએ તેટલું ભાન પણ રહેવા પામ્યું નહોતું. "મારો છેડો જરા ખસી ગયો છે કિંવા મારા તરફ કોણ જુએ છે," તે વિષેનો પણ તેનામાં શુદ્ધ રહેવા પામી

નહોતી. એવી સ્થિતિમાં તે પોતાને ઘેર જઈ પહોંચી. ઘેર જતાંવાર ઓરડીમાં પ્રવેશ કરી, અંદરથી સાંકળ વાસી, ગાદીપર બેસીને તે વિચાર કરવા લાગી. વાસ્તવિક જોતાં તેણે આટલા બધા ઉંડા વિચારમાં ઉતરી પડવાનું કારણ નહોતું. ખરી રીતે જોતાં તે કાંઈ એટલીબધી ઉડાઉ નહોતી. માત્ર સારાં વસ્ત્રો ધારણ કરવાની અને બની શકે તો થોડું ઘરેણું ગાંઠું પેહેરવાની તેને હોંશ હતી. એ હોંશ પૂરી પાડવા માટે કરજનો કૂવો ખોદવાનો યત્ન કરવાની તેણે પોતાના પતિને કદી પણ ફરજ પાડી નહોતી, અથવા તો શક્તિ ઉપરાંતનો ખર્ચ કરવા વિષેનો પોતાના પતિ કને તેણે કદી પણ દુરાગ્રહ બતાવ્યો નહોતો. આવકની અંદરજ પોતાની ઇચ્છા અનુકૂલ ખર્ચ કરનારી તે સમજુ સ્ત્રી હતી, તો પણ તેને અત્યારે ભાવિ સ્થિતિની કલ્પના ઉપજવાથી કાંઈ થોડો પરિતાપ થતો નહોતો. લજ્જાશંકરને નોક-

રીમાં પડયાને કાંઈ વધારે વર્ષો થયાં નહોતાં. વળી તેને કાંઈ ભારે રકમનો પગાર પણ મળતો નહોતો; પરંતુ માધવજીની હકીકત સાંભળ્યા પછી તેને એમ લાગવા માંડયું કે—"હું બહુ ઉડાઉપણે વરતી છું. ઘરસંસાર ચલાવવામાં રાખવી જોઇતી ત્રેવડ હું રાખી શકી નથી. ભવિષ્યનો મને કશો પણ વિચાર રહ્યો નથી. નકામું ઘરેણું કે જે વખત આવ્યે બરોબર ઉપયોગી થઈ શકે નહીં—તેવું કરાવવામાં મેં ઘણું ધન વાપરી દીધું છે. કાનનાં લોળિયાં, લાખ ભરેલું અંબોડામાં નાંખવાનું ફુલ, હાથમાંના તેવાજ પ્રકારનાં કંકણો—એ શું ઉપયોગી દાગીના કહેવાય ? વેચવા જઇએ ત્યારે મોતીની અરધી કિંમત પણ ન ઉપજે અને લાખ ભરેલા દાગીનાની પણ ઘડાઈ બાદ જતાં તેવા પ્રસંગે માંડ બાર આની નાણું ઉપજવાની પણ પંચાતી ! માધવજીની ઉપર જેવો પ્રસંગ ગુજર્યો તેવો પ્રસંગ જો મારા ઉપર

ગુજરે તો આવી સ્થિતિમાં મારા દુઃખની સીમાજ ન રહે!" આવા વિચારથી તેનું મન મોટી મુંજવણમાં પડી ગયું. તેનાં ચક્ષુઓમાંથી અશ્રુની ધારા વેહેવા લાગી. હીબકાં ભરીને તેનાથી રડી જવાયું. થોડી વાર એવી સ્થિતિ ભોગવ્યા પછી વળી,–" એવો પ્રસંગ ગુજરેલો નહીં છતાં કેવળ કલ્પના કરીનેજ મેં દુઃખ વ્હોરી લીધું!" એવો પણ તેને વિચાર ઉપજ્યો; વળી તેનું ચિત્ત જરા શાંત થયું. તેનો મનની જે કેવળ અસ્વસ્થતા થઈ રહેવાથી તે અતિશય અકળાઈને દુઃખી બની ગઈ હતી, તે દુઃખ અને અસ્વસ્થતા જરા ઓછાં થયાં. તેના હૃદયનો ભાર હલકો થયો. " થયું તે થયું! ગઈ તિથિ વાંચવામાં કાંઈ સાર નથી. ગયેલો વખત કાંઈ ફરી હાથ લાગતો નથી. ગઈ ગુજરી વાતનો પરિતાપ પામવામાં કાંઈ ફળ નથી; પણ હવે પછીથી સંભાળથી વર્ત્તવાની બહુ જરૂર છે." એમ

તેના મનમાં થયું. એમ તેના મનમાં થતાં-વાર—" હવે મોતનમાલા કરાવવા કે નહીં? મોતનમાલા નહીં કરાવતાં રૂપિયા એમને એમ રહેવા દેવા તે ઠીક કે નહીં?" એવો પણ તેને વિચાર ઉપજ્યો. દાગીનાની હોંશ અદ્યાપિ તેનામાંથી જો કે સમૂળગી નાશ પામી નહોતી તો પણ અત્યારે એ હોંશનું પ્રબલ જરા કમી થઈ ગયું હતું. એકવાર તેને તેનું મન કહેવા લાગતું કે,—" રૂપિયા બેંકમાંથી લાવીને શેઠાણીને જ્યારે આપી દીધા છે, ત્યારે તે પાછા લાવવાની ભાંજગડમાં પડવું, પોતે અનિશ્ચિત મનની છે એવો વિચાર શેઠાણીના મનમાં ઉત્પન્ન કરવો અને છતે રૂપિયે અડવા રહેવું એ ઠીક નહીં; માટે મોતનમાલાજ કરાવી નાંખવી એ ઠીક છે!" અને વળી બીજીવાર તેનું મન એવા વિચારપર આવતું કે,—" મોતનમાલા કરાવવાથી જ્યારે કાંઈજ શિલક રહેતા પામતી નથી અને મોતનમાલા કરવ્યા છતાં

જ્યારે મારા પ્રસંગે એ મોતીના દાગીનાની અરધી કિંમત પણ ઉપજી શકે તેમ નથી, ત્યારે મોતનમાલાકરાવીને પેહેરવાથી લાભશો? એના કરતાં તો મોતનમાલા વિના અડવા રહેવામાંજ વધારે ફાયદો છે!" ઘડીમાં તેને લાગતું કે,–"મોટા માણસને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી ત્યાં ઘણી સ્ત્રીઓ સોના મોતીના અને હીરા માણેકના દાગીના પેહેરી બણીઠણીને મહાલ્યા કરશે અને તેજ પ્રસંગે મારે ત્યાં અડવીં ડોકે વિલે મુખડે જવું પડે એ ઠીક નહીં. આમ હોવાથી આટલી એક મોતનમાલાતો કરાવી નાંખવી અને પછી બહુજ કરકસરથી વરતી એક પાઈ પણ વ્યર્થ ખરચવી નહીં. મોતનમાલા તો કરાવવી જ જોઇએ; કારણ કે,–'હું શેઠજીને ત્યાં લગ્ન પ્રસંગે જનાર છું અને તેથી મોતનમાળા કરાવવાનો મેં વિચાર રાખ્યો છે,' એવી મેં જ્યાં ત્યાં વાત કરી દીધી છે અને હવે મોતનમાલા ન કરાવું

તો એગર લોકો મને ખોટી ફિશિયારી માર-નારી સમજે કે નહીં!" ઘડિમાં વળી તેને એવો પણ વિચાર ઉત્પન્ન થતો હતો કે,—"આડોશીપાડોશીને કહીશું કે એ વિચાર માંડીવાળવામાં આવ્યો છે તો તેમાં ખોટું શું છે? બાઈ પગ તપાસીનેજ સોડ તાણવામાં સાર છે. કોને ખબર છે કાલની! "ચેતતો માણુસ સદા સુખી" એ શિખામણ ઘણી કિંમતી છે. નારે બાઈ, મોતનમાલા મારે નથી જોઇતી. એ મોતનમાલા પેહેર્યાં વિના હું ચ-લાવીશ; પણ પછી ભવિષ્યની વધારે ચિંતા તો નહીં રહે!" આવી રીતે મોતનમાલા નહીં કરાવવાના કે કરાવવાના—એમાંથી એકે નિશ્ચય ઉપર તે આવી શકતી નહોતી. તેનું મન વિચારના વંટોળિયામાં ઉછળીને અટવાયાં કરતું હતું. તે એવાજ પ્રકારના વિચારમાં હતી, તેવામાં કોઈ તેની પડોશણે બારણું ખ-ખડાવી તેને બોલાવી, એટલે તેણે શુદ્ધિપર

આવીને તુરત બારણું ઉઘાડયું. બારણું ઉઘાડતાંવાર તે પડોશણ ગોમતીબાઈ બોલી,— " અહો વિજયાબાઇ, શું તમે અત્યાર સુધી ઉંઘાઈ રહ્યાં હતાં. સાતતો વાગી ગયા. ઘરમાં દીવો પણ કર્યો નથી. હું તો તમારે ત્યાં ચુલો સળગાવવા માટે દેવતા લેવા આવી છું; પણ અહીં તો હજી કશું ઠેકાણું જણાતું નથી. શરીરે સારૂં નથી કે શું?" "બહારથી આવી ત્યારે જરા માથું દુઃખવા આવ્યું, તેથી બારણું વાસીને જરા બિછાનાપર પડી; પણ એટલામાંતો નિદ્રા આવવાથી કેટલો વખત ગયો, તેની શુદ્ધિજ રહેવા પામી નહીં." એવો વિજયાગવરીએ ઉત્તર આપ્યા પછી તે પડોશણ ત્યાંથી વિદાય થઈ ગઇ.

એ પછી વિજયાગવરી દીવો કરી ઘરનાં કામકાજે વળગી; આમછતાં તેનુંચિત્તતો અસ્વસ્થજ હતું. કામકાજ કરતાં પણ,—"મોતનમાલા કરાવવી કે નહીં?" તે વિષેના જ વિચારો તેને ઉ-

પજ્યા કરતા હતા, અને તેમ છતાં વિલક્ષણ વાત તો એ હતી કે તે કશા પણ નિર્ણય ઉપર આવી શકતી નહોતી ! જેમ તેમ કરીને નવ સાડાનવ વાગતા સુધીમાં તે રસોઈ કરી રહી અને એટલામાં લજ્જાશંકર પણ આવ્યો. આજ બન્ને જણાની વૃત્તિ બદલાયલી હોવાથી એકબીજાંનાં મનની સ્થિતિ એકબીજાંનાં જાણવામાં આવી શકી નહીં. જમતાં જમતાં લજ્જાશંકરે,—" રુપિયા રતન શેઠાણીને આપી આવી ?" એમ પૂછ્યું અને "હા" એવો વિજયાગવરીએ ઉત્તર આપ્યો. બીજે દહાડે પુના જવાનું હોવાથી સામાનસુમાન બાંધવામાં કેટલોક વખત ગયો. એ કાર્ય ઉપર ઉપરથી બનતાં છતાં જેમ બન્નેનાં મનમાં એકજ પ્રકારના વિચારો ચાલી રહેલા હતા, તેમ તેઓ બન્ને એકબીજાંને પોતાના મનની વાત નહીં કહેવાનો ઠરાવ પણ સાથેલાગો કરી નાંખતાં હતાં ! લજ્જાશંકરના મનમાં વીમો

ઉતરાવવાનું મુલતવી રહેવાથી બહુ દુઃખ થતું હતું અને તેથી મોતનમાલા કરાવાનું લફરૂં ન નિકળ્યું હોત, તો તે કાર્ય કરીને ભવિષ્યની ચિંતાથી પોતે મુક્ત થઈ શકત, એમ તે માનતો હતો. વિજયાગવરીના મનમાં પણ મોતનમાલા કરાવવી કે તેટલી રકમ સાચવી રાખવી ? એ પ્રશ્ન વારમવાર ઉપસ્થિત થયાં કરતો હતો અને તેથી ભવિષ્ય વિષેની માઠી કલ્પના કરીને તેનું ચિત્ત દુઃખી બનતું હતું. બન્ને ભાવી સ્થિતિના અમંગળ વિચારો—એક સરખા વિચારો કરવામાંજ ગુંથાઈ રહ્યાં હતાં. મોતનમાલા કરાવવાના કે નહીં કરાવવાના ચોક્સ નિર્ણયપર આવ્યા વિના બિચારી વિજયાગવરી પોતાના પ્રાણનાથને પોતાના મનની સ્થિતિ શી રીતે વ્યક્ત કરી શકે? બાકી માધવજીના શોકદાયક વૃત્તાન્તે તો તેના હૃદયની શાંતિનો કેવળ નાશ કરી નાંખ્યો હતો અને એ નાશ થયા પછી મોતનમાલાએ તો

મ્હોટો ઉલ્કાપાત કરી મૂકયો હતો!! લજ્જાશંકર લગભગ એક મહિનાથી અને વિશેષે કરીને બે દિવસથી ભાવીસ્થિતની દુઃખદાયક કલ્પના કરવામાં રોકાયલો હોવાથી તેની કલ્પના અને તે કલ્પના વડે આતુર થયેલી તેની તે લાગણીઓ જરા નરમ પડી હતી; વળી આજ બે દિવસ થયાં શેઠજીનાં કામકાજને અંગે તેને અતિશય શ્રમ કરવો પડતો હતો, તેથી બિછાનાપર પડતાંવાર આજે તેને નિદ્રા આવી ગઈ; પરંતુ વિજયાગવરીના સંબંધમાં તેમ બનવા પામ્યું નહીં. તેને તો આજે જ ભાવી સ્થિતિની માઠી કલ્પના ઉપજવા પામી હતી અને તેનું હજી બહુજ પ્રબળ હોવાથી તેની લાગણીઓ ઘણી ઉશ્કેરાઈ ગઈ હતી; વળી મોતનમાલા કરાવવા કે ન કરાવવાના નિર્ણય ઉપર પણ તેનું મન આવી શક્યું નહોતું, તેથી તે બાપડીને નિદ્રાજ આવી નહીં. આખી રાત્રી વિચારમાં ને વિચારમાં જ તેને

ફુરી મરવું પડ્યું. શનિવારની રાત્રીએ જેવી લજ્જાશંકરની સ્થિતિ હતી, તેવીજ આજે સોમવારની રાત્રીએ વિજયાગવરીની સ્થિતિ થઈ પડી. લજ્જાશંકરને ગાઢ નિદ્રા આવ્યા છતાં માત્ર તેને વિજયાગવરીની પેઠે સુખદાયક સ્વપ્ન આવ્યું નહોતું; પણ વિજયાગવરી તો લજ્જાશંકરના સરખાજ વિચારોથી ટળવળી રહી હતી. ભાવી સ્થિતિના વિચારો કરીને દુઃખી થવું એ જો કે ડહાપણ નથી, તોપણ ભાવી સ્થિતિનો જેને વિચાર ઉપજ્યો નથી તે સમજુ નથી, એમ કહેવામાં આપણે જરા પણ જૂઠું બોલતા નથી. વિજયાગવરી ભાવી સ્થિતિનો વિચાર કરીને દુઃખી થાય છે એ જો કે ખોટું કરે છે; પણ તેને ભાવી સ્થિતિનો જે વિચાર ઉપજ્યો છે, તેતો ખચીત ડહાપણ' વાળો છે અને તેથી આ વાર્તાનો લેખક ભાર મૂકીને કહેશે તો તે ખોટું નથી કે,—" સમજુની બલિહારી !! "

પ્રકરણ પાંચમું.

—:०:—

દયા, આનંદ અને કૌતુક!

આ સંસારમાં કયો પ્રસંગ ક્યારે બનશે અને તેનું પરિણામ કેવું ક્યારે આવશે, તે કોઈના પણ સમજવામાં આવી શકતું નથી. મનુષ્યનાં તન મનના અનંત વ્યવહારો અહોરાત્ર ચાલી રહેલા હોય છે; પણ તે વ્યવહારોનાં પરિણામની આશા કિંવા નિરાશા ધારીને રાજી કે દુઃખી થતાં સર્વ મનુષ્યોને આપણે જોઇએ છીએ; છતાં વિલક્ષણ વાત તો એ છે કે કેટલીક વાર આશાવંત કેવળ નિરાશ થાય છે અને નિરાશાવાળો આશા નહીં છતાં લાભને પામી આનંદમાં નિમગ્ન બનેછે! મનુષ્ય માત્ર કાર્ય કરવામાં સ્વતંત્ર છે પણ ફળ ભોગવવામાં કેવળ પરતંત્ર હોવાથી તેના વિચારો ઘડીઘડીમાં બદલાય છે અને એ

વિચારો બદલાવાથી તેના આયુષ્ક્રમની (
બદલાય છે. શેલી નામના એક અંગ્રે
કવિએ કહ્યું છે કે,—"પ્રત્યેક મનુષ્ય
ક્રમમાં એક એવું ઠેકાણું આવે છે કે
એક સરખા બે માર્ગો ફંટાય
બે માર્ગોમાંથી જે જમણા માર્ગે (
તેના ભાગ્યનો ઉદય થઇને તે સુખ
નંદ પામે છે; પરંતુ જે ડાબા માર્ગે (
તે દુર્ભાગી બનીને દુઃખ અને દુર્ગતિ પ
આ કવિરાજનું કહેવું કેટલું અર્થ ગંભ
સત્ય છે! આ વાર્તાના લેખકના વિચાર
જો પ્રત્યેક મનુષ્ય પોતાના ગુજરેલા (
આયુઃક્રમનું સિંહાવલોકન કરે, તો તેને
અમુક પ્રસગે હું અમુક અમુક રીતિયે વર
તો આના કરતાં પણ મારી સ્થિતિ વધ
થઈ હોત." એમ જણાયા વિના રહે
વળી એવા પૂર્વાવલોકનને લીધે તેને
આયુઃક્રમમાં એક ઠેકાણેથી ફંટાયલા

પણ સ્પષ્ટપણે જણાઈ આવવા સાથે,–" હું જે રસ્તે વિચર્યોછું, તેનાથી ઉલટેજ—એટલે આ બીજે રસ્તે વિચર્યો હોત તો મને ઘણો લાભ થાત." એમ પણ લાગ્યા વિના રહેજ નહીં. પોતાના આયુઃક્રમના જે ઠેકાણેથી બે માર્ગો ફંટાય છે, તે ઠેકાણે આવીને જો માણુસ ગુંચવણમાં પડી જાય, તો પછી તેના સારા માઠા ભવિષ્યનો આધાર તેના નસિબ ઉપરજ રહે છે. તત્વજ્ઞાનીઓ કે વિદ્વાન પંડિતોની વાત જુદી જ છે; પરંતુ સાધારણ પંક્તિના લોકો પૈકી સેંકડે નવાણું જણાઓ તો " આ માર્ગે વળવું કે તે માર્ગે વળવું," એ તેના સ્વાધીનની વાત ન હોવાથી—એ સમજવા જેટલું તેઓમાં જ્ઞાન ન હોવાથી નસિબ ઉપરજ આધાર રાખીને ગમે તે માર્ગે પોતાના મનને ઝુકાવી દે છે. આપણી વિજયાગવરી સૃષ્ટિ નિયમના સપાટામાં સપડાઇને અત્યારે આયુઃક્રમના બે રસ્તા ફુટનારા સ્થળ

પર આવી પહોંચી હતી. જો કે અમુકજ રસ્તે વિચરવાનો વિચાર કરવા વિષેનું તેનામાં ડહાપણ હતું, જો કે નસિબ પર આધાર રાખીને ગમે તે રસ્તે મનને ઝુકાવી દે—એવી તે અણુસમજુ સ્ત્રી નહોતી, તોપણ તેણે તે સ્થલથી અમુક રસ્તે વિચરવા માટે હજી એક પણ પગલું ભર્યું નહોતું. તે અત્યારે માત્ર ગુંચવણમાં પડી ગઈ હતી. કયો રસ્તો લેવો તે વિષેનો હજી તે કશોપણ નિર્ણય કરી શકી નહોતી. કોઈ કદાચ અહીં પ્રશ્ન કરશે કે,—" એક મોતનમાલા સરખો દાગીનો કરાવવા કે નહીં કરાવવા વિષેનો વિચાર કરવામાં વાર્તાના લેખકે આયુઃક્રમના બે માર્ગની લાંબી લાંબી વ્યાખ્યા શા માટે આપી? મોતનમાલા કરાવવાથી તે જીવનપર્યંત દુઃખદાયક—એવા ખરાબ માર્ગે પ્રવૃત્ત થઈ કિંવા મોતનમાલા નહીં કરાવવાથી તે જીવન પર્યંત સુખદાયક એવા રૂડા માર્ગે વિચરી શકી—એમ

મનાવાનો યત્ન કરવો, એ શું તરણાનો મેરૂ કરવા સરખો અતિશયોક્તિ ભરેલો પ્રકાર નથી?" આ પ્રશ્નનું ટુંકામાં અને વળી સહજ સમાધાન થઇ શકે તેમ છે. નજીવી બાબતો જ આગળ જતાં મોટું ભયંકર રૂપ પકડે છે, એ કાંઇ કોઇથી અજાણ્યું નથી. અફીણની રા-ઇના કણુસરખી કાંકરી ખાતાં ખાતાં આખરે સોપારી જેટલું અફીણ ખાવાની ટેવ પડે છે, અને જીંદગી સુધી દુર્વ્યસની રહી મહા દુર્ગતિ પમાડે છે. ધારો કે ભવિષ્યની સ્થિતિનો વિ-ચાર વિજયાગવરીને ઉપજ્યા છતાં તેને દૂર કરી અત્યારે તે મોતનામાલા ખરીદ કરે, ખ-રીદ કરીને પેહેરવા લાગે, અને તેવામાં વળી તેના પતિની થોડી આવક વધવાથી બેચાર મહિને એક સારી રકમ એકઠી થવા પામે, તો તેને તેવોજ બીજો દાગીનો કરાવી પેહેરવાનું શું મન નહીં થાય? "ઘોડે ચઢે તે પડે!" એ શું આપણે નથી જાણતા? એવી રીતે અનેક

દાગીના કરાવ્યા, તેમાંનો એકાદો ખોવાયો, તો તે વિષે કશી કાળજી નહીં ઉપજતાં ફરી નવો કરાવ્યો અને બસ થઈ રહ્યું—ત્યાર કેડે તો વાત હાથથી ગઇ ! છૈયાં છોકરાં થયાં તેને લાડથી ઉછેરવાની અને લ્હાવો લેવાની ઇચ્છા પાર પાડવામાં ખર્ચનો પાર રહ્યો નહીં! દાગીના કરાવવામાં રોકાયલું દ્રવ્ય "સોના સાઠ" સમાન થયું અને સારા માઠા પ્રસંગોમાં તે વપરાઈ ગયું. પોતાને કે પોતાના ભરથારને લાંબી મુદતનો મંદવાડ આવ્યો, તેમાં કિંવા દિકરા દિકરીને વરાવવા પરણાવવાની વાત તો તેઓ યોગ્ય ઉમરના થયા કેડે; પણ તેમને યોગ્ય કેળવણી આપવામાં અને તેવાજ બીજા અવનવા પ્રસંગોમાં મેળવેલું ખર્ચાઈ ગયું. આગ થવાથી સીધી રીતે ચરિતાર્થ ચલાવવામાં પણ અડચણ આવવા લાગી અને તેવામાં આ બાળકોને નિરાધાર મૂકી દુર્દૈવે કરીને તેનો વાલી કિરતારની હજુરમાં ચાલી

નિકળ્યો, તો પછી કેવી દુર્ગતિ? આ ઉપરથી સુજ્ઞવાચકોના લક્ષમાં તુરત આવી જશે કે જો અત્યારે વિજયાગવરી મોતનમાલા કરાવવાના વિચારપર આવે તો તે જીવન પર્યંતના દુઃખદાયક માર્ગે પ્રવૃત્ત થઈ, એમ માનવા મનાવવામાં આપણે કશી ભૂલ કરતા નથી. વળી તેવીજ રીતે વિજયાગવરીને અત્યારે ભવિષ્યની સ્થિતિનો વિચાર ઉપજવાથી મોતનમાલા કરાવવાનો તે વિચાર માંડી વાળે અને સદા સાવચેત રહીને હવે પછીથી ઘર સંસાર ચલાવતી રહે, તો તે ભવિષ્યમાં ઘણો સારો દ્રવ્યનો સંચય કરી ભાવી પ્રસંગોમાં પણ સંકટનું નિવારણ કરવા જોગ સાધનો મેળવી શકે, તેમાં નવાઈ શી? આવી રીતે થવું જ્યારે અસંભવિત નથી, ત્યારે મોતનમાલા કરાવવાનો વિચાર વિજયાગવરી માંડી વાળે તો તે જીવન પર્યંતના સુખદાયક માર્ગે વિચરી, એમ માનવા મનાવવામાં શી અતિ-

શાયોક્તિ કરી કહેવાય ? કશીજ નહીં.

તાત્પર્ય એટલોજ કે અત્યારે આયુઃક્રમના ફંટાયલા એ માર્ગ નજીક આપણી વિજયાગ· વરી આવીને મોટી ગુંચપણમાં પડી ગઇ હતી. એકવાર,—" બેંકમાંથી લાવીને શેઠાણીને આપેલા રૂપિયાની મોતનમાલાજ ક-રાવી નાંખવી." બીજીવાર,—"ના, ના, એમ તો ન કરવું. રૂપિયા સાચવી રાખવાથી પ્રસંગે તે જેવા ઉપયોગી થઇ પડશે તેવી મોતનમાલા કાંઇ ઉપયોગી થઇ શકશે નહીં.' એમ તેના મનમાં અનુકૂલ પ્રતિકૂલ વિચારો ઉપજવા લાગ્યા. એમ કરતાં કરતાં પ્રભાત થયું. તેને જાન સાથે ચાલી નિકળવાનો સમય થયો જાનમાં ગયા પછી ત્યાં કેવી રીતે વર્તવું, તે વિષેની તેના પતિએ ટુંકામાં તેને ભલામણ કરી, અને "સારી વીશીમાં જમવાનું રાખવું તથા શરીરને સંભાળવું," એવી તે ગુણવાન ભાર્યાએ પોતાના પતિને ભલામણ કરી. એ

પછી તુરતજ લજ્જાશંકર વિજયાગવરીને લઇ ત્રીકમજી શેઠને ઘેર ગયો. ત્યાં પહોંચ્યાને થોડો વખત થયો નહીં, એટલામાં જાનમાં જનારાં સર્વ માણસો ઘરની તથા ભાડાની ગાડીઓમાં બેસી બોરીબંદરપર ગયાં. ત્યાં જઇને ટીકીટો કઢાવી. સ્ત્રીઓ અને પુરૂષો ત્યાં તૈયાર ઉભી રહેલી ગાડીના જૂદા જૂદા ડબામાં બેસી ગયાં, એ શિવાય જેમ શેઠ ત્રીકમજી પોતાના અતલગના મિત્ર અને સહોદર મળીને સાત આઠ જણાને લઈ એક ખાસ "કમ્પાર્ટમેંટ" માં બેઠો, તેમ રતનબાઈ શેઠાણી પણ તેની ભાણેજ મોતીબાઈ, બીજી તેની ચારપાંચ સગી, વિજયાગવરી અને બીજા બે કારકુનની સ્ત્રીઓને સાથે લઇને બીજા એક ખાસ "કમ્પાર્ટમેન્ટ" માં બેઠી. ત્યારપછી દશેક મિનિટની અંદર ગાડીએ સીસોટી વગાડી પુના તરફનો રસ્તો લીધો.

રતનબાઇની ભાણેજ મોતીબાઇ વયમાં

વિજયાગવરીના સમાન હતી. વળી તે સારૂં શિક્ષણ પામેલી તથા મિલનસાર સ્વભાવની હતી. બાળપણથીજ રતનબાઇને ત્યાં તેનું બહુવાર રહેવું થતું હતું, મોતીબાઇની મા એટલે રતનબાઇની બેહેન ગુજરી ગઇ હતી, મોતીબાઇનો બાપ ગરીબી સ્થિતિનો અને વ્યસની હતો, તથાપિ દલાલીનો ધંધો કરાવી ત્રીકમજી શેઠ તેને ગુજરાન ચલાવવા જોગ આવક મેળવી આપતા હતા. મોતીબાઇનું સાસરિયું પણ ગરીબી સ્થિતિનુંજ હતું, પણ તેને પતિ સુશિક્ષિત અને સદ્ગુણી મળ્યો હતો. રતનબાઇનો મોતીબાઇને મોટો આધાર હતો. રતનબાઇને ત્યાં મોતીબાઇનું ઘણીવાર રહેવું થવાથી અને વિજયાગવરીનું ત્યાં વારંવાર જવું થવાથી મોતીબાઇને અને વિજયાગવરીને મૈત્રી થઇ હતી. વિજયાગવરી અને મોતીબાઇનું જ્યારે જ્યારે મળવું થતું, ત્યારે ત્યારે તે બન્ને સહિયરો પોતપોતાનાં સુખ દુઃખની બહુ મમતા અને શ્રદ્ધાથી

વાતચિત કરતી હતી. આવા પ્રકારની તેમની મૈત્રી હોવાથી તેઓએ ગાડીમાં સાથેજ બેઠક લીધી હતી. પ્રથમ પ્રથક્ પ્રથક્ વિષયપર વાતચિત થયાપછી દાગીના વિષે વાત નીકળી. આ વેળાએ વિજયાગવરીની દ્રષ્ટિ મોતીબાઇએ પેહેરેલી મોતનમાલા પર પડી. વિજયાગવરીનું સર્વ લક્ષ મોતનમાલામાંજ લાગી રહેલું હતું. તેણે મોતીબાઇને તુરતજ પૂછ્યું; "બેહેન, કહોને આ મોતનમાલા કેટલાની થઇછે?" "મને ખબર નથી. એતો મારાં રતનમાસીએ મને પહેરવા આપીછે." એવો મોતીબાઇએ ઉત્તર આપ્યો. "ત્યારે તમે જે મોતનમાલા વારંવાર પહેરોછો, તે આ નહોય ખરૂં? પણ આ મોતનમાલાના કરતાં તો તે તમારી વધારે સતેજ લાગતી હતી ખરૂં?" એમ વિજયાગવરીએ આતુરતાથી પૂછ્યું. મોતીબાઇ કશો ઉત્તર ન આપતાં માત્ર હસી. વિજયાગવરીએ હસવાનું તેને કારણ પૂછ્યું. આથી મોતીબાઇએ ફરીથી હસીને તેના કાનમાં

કહ્યું,–"હું જે વારંવાર પેહેરૂં છું, એ મોતનમાલા તો ખોટીછે!" "ખોટી!" વિજયાગવરીએ એમ બોલી આશ્ચર્ય બતાવ્યું. "હા બાઇ, તે મોતનમાલા કેવળ ખોટીછે" એમ કહી પુનઃ હસીને મોતીબાઇએ પોતાનું બોલવું આગળ ચલાવ્યું,–"અમારા લોકોમાં ગરીબગુરબાં તો શું, પણ ક્યારેક ક્યારેક શ્રીમંત લોકો પણ હમેશ પેહેરવાના દાગીના ખોટા રાખેછે, અને તેમ કરવાના સંબંધમાં કાંઇ કોઇનું કોઇ ખોટું બોલતું નથી. હમેશાં જોખમ ભરેલા મોટી કિંમતના સાચા દાગીના વાપરવામાં આવેતો ચોરાઇ જવાની કે ખોવાઇ જવાની ધાસ્તી રહે. આમ હોવાથી નિત્યને માટે તો નિર્ભયપણે ખોટા દાગીનાજ વાપરવા સારા." આ સાંભળીને વિજયાગવરી તો આશ્ચર્યથી કેવળ સ્તબ્ધ બની ગઈ. મોતીબાઈની હમેશની પેહેરવાની મોતનમાલા ખોટી હશે, એવી શંકા પૂર્વે તેને કદી પણ આવી નહોતી; અને વળી પોતાની નાગર બ્રાહ્મણની

જ્ઞાતિમાં ખોટા દાગીના પેહેરવાનો ચાલ નહોતો, એ જ્ઞાતિમાં દાગીના ન હોય તો ચાલે; પણ ખોટા તો કોઈ પેહેરેજ નહીં. વળી વિજયાગવરી તો એવા વિચારની હતી કે ખોટા દાગીના પેહેરવા એ તો એક પ્રકારની મૂર્ખાઈ છે! આમ હોવાથી મોતીબાઈની મોતનમાલા વિષેની સાંભળેલી હકીકતથી તેને આશ્ચર્ય ઉપજે તેમાં નવાઈ શી? થોડો વખત સુધી તો કેવળ તે સ્તબ્ધ જ બેસી રહી, તેના મનમાં વિલક્ષણ વિચારો ઉપજવા લાગ્યા. પ્રથમ તો એવા વિચારો નહીં કરવાનો નિશ્ચય તેનું મન કરવા લાગ્યું; પરંતુ એ વિચારો એવા તો બલવત્તર હતા કે તેણે તેના અંતઃકરણને એકદમ કબજે કરી લીધું. તેને એકદમ અબોલ થઇ ગયેલી જાણી, તેમ કરવાનું મોતીબાઇએ તેને કારણ પૂછ્યું. "મને જરા આશ્ચર્ય ઉપજ્યું તેથીજ બોલતી બંધ થઈ હતી," એવો વિજયાગવરીએ ઉત્તર આપ્યો. એટલામાં મોતીબાઇને

બીજી એક બાઇએ પોતાની કને આવવાનો આગ્ર-હ કરવાથી તે તેની કને બેસવા ગઇ, અને ત્યાં જઈને તેની સાથે વાતચિત કરવામાં ગુંથાઈ. રતનબાઈ તો ક્યારનાંએ નિદ્રાધીન થઈ પડ્યાં હતાં. પડોશમાં એક કારકુનની સ્ત્રી બેઠી હતી, પણ બેઠાં બેઠાં થોડો વખત બગાસાં ખાધાં પછી હવે તેનો ડોલાં ખાવાનો વખત આવ્યો હતો, આથી આપણી વિજયાગવરી એકલી જેવી થવાથી જો કે તે બારીમાંથી રસ્તાપરની મ-જાહ જોતી હોય એમ જણાતું હતું; તોપણ તેના અંતઃકરણની અવસ્થા તો એથી નિરા-ળાજ પ્રકારની હતી. આગલા દહાડાની સંધ્યા-કાળના કરતાં પણ અત્યારે તેના વિચારોમાં વધારે પુખ્તપણું આવ્યું. ઘડીમાં,—"આપણે પણ એક ખોટી મોતનમાલા કરાવીએ તો દાગીના પેહેરવાની હોંશ પૂરી થાય અને રૂપિ-યાનો પણ બચાવ થાય; માટે તેમજ કરવું," એમ નવિન વિચારના સપાટામાં સપડાયલી

વિજયાગવરી પોતાના મનમાં કહેવા લાગી અને વળી ઘડીમાં,–" તેમ તો કદી પણ કરવું નહીં, ખોટો દાગીનો પેહેરવા કરતાં દાગીના વિનાજ ચલાવવું." એમ જૂના વિચારનું જોર થવાથી વિજયાગવરી પુનઃ પોતાના મનને વારવા લાગી. ઘડીમાં નવિન વિચારના પ્રબલે વિજયાગવરી પોતાના મનમાં કહેવા લાગી,–"ખોટી મોતન માલા કરાવી પ્રસંગ પાર પાડવામાં શી હરકત છે? એથી નુકશાન શું છે?" અને વળી ઘડીમાં જૂના વિચારના પ્રબળે વિજયાગવરી એથીજ ઉલટું બોલવા લાગી,—"ખોટો દાગીનો પેહેરવાથી જો કોઈ પારખી લે તો શું પોતાની થોડી ફજેતી થાય? માટે બેહેતર છે કે મોતનમાલા વિનાજ ચલાવવું." તેવામાં વળી દાગીના પેહેરવાની હોંશ હૃદયમાં ઉછાળો મારવાથી તેના પ્રબલે તેને હૃદયમાં એમ થવા લાગ્યું કે,–"જ્યારે બેંકમાંથી રૂપિયા લાવીને શેઠાણીના સ્વાધીન કીધા છે, ત્યારે તો મોતનમાલા ક-

રાવી નાંખવી એજ ઉત્તમ છે, અને તેને બદલે હવેથી બહુ સંભાળ અને ત્રેવડથી ઘરખરચ ચલાવીશું;" પરંતુ તેજ ક્ષણે પેલા માધવજીના વૃત્તાંતનું સ્મરણ થવાને લીધે વળી તેના વિચારો બદલાવાથી તેના મનમાં "વિક્રાળ કાળ કાંઈ કોઇને કહીને આવતો નથી. બહુજ જલદીથી જ—અરે આજ કાલજ માઠો પ્રસંગ પ્રાપ્ત નહીં થાય તેની ખાત્રી શી? હું તો ધારૂંછું કે મોતનમાલા કરાવવાનો વિચાર માંડીવાળી રૂપિયા સાચવી રાખવા તેજ સારૂં," એમ લાગ્યા વિના રહ્યું નહીં. આવી રીતે અનેક પ્રકારના તેના મનમાં વિચારો ઉપજવાથી તે મહા મુંઝવણમાં પડી ગઇ. તે કોઈપણ પ્રકારના નિશ્ચય પર આવી શકી નહીં. તેનું મન પુનઃ ઘણુંજ અસ્વસ્થ બની રહ્યું. તે હવે તો અહીંથી ઉઠીને તહીં અને તહીંથી ઉઠીને અહીં બેસવા લાગી. ઘડીમાં બારીમાંથી ડોકિયું કરીને બહાર જોવા અને ઘડીમાં અંદર આવી

દીગૂમૂઢ સરખી થઇને ઉભા રહેવા લાગી. આવી સ્થિતિમાં પંદરેક મિનિટ થઈ નહીં, એટલે તે કંઈ નિર્ણયપર આવી હોય એમ જણાયું. તે તુરતજ પોતાની બેઠકપર ઉભડક બેસી, પગપર કોણી ટેકાવી, લમણે હાથ દઈ વિચાર કરવા લાગી. એ વિચારોમાં જૂદી જૂદી બાબતોનું મિશ્રણ હોવા જેવું જણાયું; કારણ કે તે વિચાર કરતી કરતી, "આમ કરવાથી આમ થશે અને આમ કરવાથી આમ થશે," એમ કાંઈ બડબડતી આંગળીના ચાળા પણ કરતી જતી હતી. તેને લાગ્યું કે,—"જો કેવલ ખરાં મોતી સરખીજ—કોઈ પારખી શકે નહી તેવી—ખોટી મોતનમાલા થઈ શકતી હોય તોજ રતનબાઈ મારફત કરાવવી, અને જો તેમ બની શકતું નહોય, તો પછી મોતનમાલા વિનાજ રહેવું." આવો વિચાર બણવા ઠણવાની હોંશવાળી વિજયાગવરીને કેટલો અનુરૂપ હતો વારૂ? સુશોભિત બનવાની લઘુતાવાળી

વિજયાગવરીએ એ સંબંધે એટલીજ ત્રોડ કહાડી કે,—"સાચાં મોતી સરખી જણાતી ખોટી મોતનમાલા કરાવવામાં કાંઇ હરકત નથી. પ્રસંગ શિવાય તેને પેહેરવાજ કહાડવી નહીં. આમ કયારેક કયારેક પેહેરવાથી કાંઈ કોઇ એમ એકદમ પારખી કહાડશે નહીં, અને દાગીના પેહેરવાની હોંશ પણ પૂરી પડશે; વળી દ્રવ્ય સંચય કરવાની પ્રબલ ઈચ્છાવાળી આ- પણી એ વિજયાગવરીએ એમ પણ વિચાર્યું કે,—"દ્રવ્યનો બચાવ થવા સાથે જ્યારે ખોટી મોતનમાલાથી નભી શકે તેમ છે, ત્યારે તેમ કરવામાં હરકત શા માટે માનવી જોઇએ?" જ્યારે વિજયાગવરી આવા પ્રકારના નિર્ણય પર આવી શકી ત્યારે હવે રહ્યું શું? હા, હજી. પણ તેના મનમાં એક પ્રકારની કાળજી રહી એ કાળજી એ હતી કે,—"હું ખોટી મોતનમા- લા કરાવીને પેહેરૂં, લગ્ન સમારંભ પૂરો થયા પછી પાછી મુંબઈ જાઉં અને એ વાત માર

પતિને કહી સંભળાવું તો તે વેળાએ તેઓ મને શું કહેશે ? તેમને આ ખોટી મોતનમાલા ખરીધાની તથા પેહેર્યાની વાત રૂચશે કે નહીં?" પણ એ ચિંતાદર્શક વિચારોનું તુરતજ તેણે પોતેજ સમાધાન કરવા માંડ્યું,—" એ વાત એમને શા માટે નહીં રૂચે ? પૈસાના પૈસા બચાવ્યા, અને દાગીનાનો દાગીનો કરાવ્યો, તો એ શું ડહાપણ ભરેલું કાર્ય તેઓ નહીં માનશે ? શા માટે નહીં માને ? વળી રતનબાનિી સંમતિથીજ ખોટી મોતનમાલા લીધેલી હોવાથી તેઓને નારાજ થવાનું પણ કારણ રહેવા પામશે નહીં અને એમ છતાં કદાચ નારાજ થશે ? નહીં; એવા પ્રકારનું મારૂં ધારવું ત્ર મિથ્યા છે અને તેમ છતાં તેવું કાંઈ થયું તો ઘણાંએ રતનશેઠાણી તેમના મનનું સમાધાન કરશે. " આવી રીતે ચોક્સ નિર્ણયપર તેનું ચિત્ત આવવાથી તે સ્વસ્થ થઈ શક્યું. એટલામાં મોતીબાઈ તેની જોડમાં આવીને

બેઠી, પુનઃ પ્રથક્ પ્રથક્ વાતો કરવામાં તે બન્ને સખીઓ ગુંથાઈ. રતનબાઈ પણ જાગ્રત થઈ ને બેઠાં. બીજી બાઇઓ પણ પરસ્પર વાતચિત્ત કરવા લાગી. એમ કરતાં કરતાં પુનાનું સ્ટેશન આવ્યું. સર્વજણાં ગાડીમાંથી ઉતર્યાં અને સ્ટેશનપરથી, વાહનોમાં બેસી અગાઉથી મુકરર કરી રાખેલા ઉતારાપર ગયાં.

તે દિવસનો બાકીનો ભાગ સામાન સુમાનની વ્યવસ્થા કરવામાં તથા ત્યાંના લોકોને મળવા હળવામાંજ પૂરો થયો. બીજે દિવસે પ્રભાતમાં ઉઠતાં વાર,—" એકવાર ખાનગીમાં રતનબાઇને મળીને મોતનમાલા વિષેનો ખુલાસો કરી નાંખું તો ઠીક." એવી વિજયાગવરીને ઉત્કંઠા થઈ; પરંતુ તે દહાડે પણ એકાંતમાં વાત કરવાનો સમય તેને પ્રાપ્ત થઈ શકયો નહીં. ત્રીજે દિવસે બપોરના રતનબાઈએજ,—"તમોને મોતનમાલા કરાવી આપવાનું હું ભૂલી નથી ગઇ હો બાઈ. આજે

જ તે તૈયાર કરાવી મંગાવવાનો મારો વિચાર છે," એમ વિજયાગવરીને જણાવ્યું. તે વેળાએ ત્યાં મોતીબાઈ શિવાય બીજું કોઈ હતું નહીં. બીજી બાઇઓ ત્યાંથી ઘણી વેગળે બેઠેલી હતી. તેથી "અત્યારે ઠીક લાગ છે," એમ સમજી વિજયાગવરીએ રતનબાઇને ધીમે અવાજે જણાવ્યું,– "મોતનમાલા માટે મોતી મંગાવતાં પેહેલાં મારે આપને એક અગત્યની વાત ખાનગીમાં કહેવાની છે." આટલું કહેતાં કહેતાં વિજયાગવરીની મુખચર્યા એવી તો વિલક્ષણ થઇ પડી કે તે નિહાળતાંવાર, એ અગત્યની ખાનગી વાત સાંભળવા માટે રતનબાઈ બહુજ આતુર થઈ પડી. તુરતજ તે જોડના ઓરડામાં તેને લઇ ગઇ અને કહ્યું,– "બોલો, હવે તમારે ખુશીથી જે કાંઈ કહેવું હોય તે કહો." વિજયાગવરીએ અથથી ઇતિ પર્યંત સર્વ હકીકત અને પોતાના મનમાં ઉપજેલા વિચારો તેને વિવેદન કર્યા. માધવજીનું

હૃદયદ્રાયક વૃત્તાન્ત કહી સંભળાવતાં તથા તેની સાથે પોતાના પતિની અને તેની સ્ત્રી સાથે પોતાની તુલના કરતાં તો તેનાં ચક્ષુઓમાંથી અશ્રુની ધારાઓ ચાલી નીકળી. તે હકીકત સાંભળી તથા વિજયાગવરીની તે સ્થિતિ જોઇને દયાળુ અંતઃકરણની રતનબાઇને પણ બહુ દુઃખ ઉપજ્યું દયાથી તેનું હૃદય દ્રવવા લાગ્યું. વિજયાગવરીના બોલવાની સત્યતા તેને સ્પષ્ટપણે જણાવા લાગી. તેનું ડહાપણ, સેની દીર્ઘદૃષ્ટિ અને તેનો દૃઢ નિશ્ચય જોઇને તથા પોતે તેની સગી સંબંધી કે નાતજાતની નહીં છતાં તેનો પોતા પ્રત્યે વિલક્ષણ વિશ્વાસ, પ્રેમ અને વળી તેના અંતઃકરણનું નિખાલસપણું જાણીને, દયા, આનંદ અને કૌતુક એવા અનેક પ્રકારથી રતનબાઇનું હૃદય ભરાઇ આવ્યું. તે કેવળ ગદ્ગદિત બની ગઇ. તેનાં નેત્રની પાંપણપર અશ્રુબિંદુ પણ આવી રહ્યાં. થોડો વખત તે સ્તબ્ધ થઇ

બેસી રહી, અને પછી થોડો વિચાર કરીને એકદમ બોલી,—"હું તમોને એવી તો મોતનમાલા કરાવી આપું છું કે ગમે તેવો ઝવેરી પણ તેનું ખોટાપણું પારખીજ શકે નહીં." એ સાંભળી વિજયાગવરીને બહુ સારૂં લાગ્યું. તેણે આભાર સૂચક શબ્દો કહી સંભળાવવા સાથે "મારા પતિને ખોટી મોતનમાલા ખરીદવાની વાત કહેવાથી તેઓ ગુસ્સે તો નહીં થાય?" એવી પોતાને ઉપજેલી શંકા પણ રતનબાઈને કહી સંભળાવી. "તેની તમારે કશી ચિંતા રાખવી નહીં," એવો રતનબાઈએ પ્રેમથી તેની પીઠ-પર હાથ ફેરવીને ઉત્તર આપ્યો; બાર પછી તે બન્ને જણાંઓ બેઠકવાળા ઓરડામાં આવ્યાં. બીજેજ દિવસે સાંજના ચાર વાગતામાં મોતનમાલા તૈયાર થઈને રતનબાઈના હાથમાં આવી, અનેતે તેણે વિજયાગવરીની કોટમાં પેહેરાવી. પુષ્કળ સ્ત્રીઓએ તેને તપાસી પણ તે,—"ખોટી છે" એવું કોઈનાથી પણ કહી શકાયું નહીં.

આથી "મારે ખોટી મોતનમાલા પહેરવી પડે છે," એવો ખેદ પણ વિજયાગવરીને ઉપજવા પામ્યો નહીં. પ્રિય વાચકવૃંદ! આ તો આપણી શહાણી વિજયાગવરીના મનનું ધાર્યું જ થયું કે,– "મોતનમાલાની મોતનમાલા થઈ અને રૂપિયાના રૂપિયા બચ્યા;" પણ તે શાથી? કહો કે ઉદાર અને દયાળુ અંતઃકરણની રતનબાઇના મનમાં વિજયાગવરીના વિષે દયા, આનંદ અને કૌતુક ઉપજ્યાં તેથી જ!!

પ્રકરણ છઠ્ઠું.

—:o:—

ચિત્તા સમાન ચિંતા !

મનુષ્ય પોતાના કિંવા તે જેના સંબંધમાં આવેલો હોય છે, તેના મૂર્ખત્વથી કે અજ્ઞાનથી દુઃખી થાય છે. જે વાત પોતાના હાથમાં હોતી નથી, તેવી વાતનાં સારાં ફલની આશા બાંધીને કિંવા શક્તિ ઉપરાંતનું સાહસ કરીને મનુષ્ય દુઃખ પામે છે. સૃષ્ટિનિયમોનું યથાવિધ પાલન કરવા જોગ પોતામાં જ્ઞાન ન હોવાને લીધે જ મનુષ્ય દુઃખી થાય છે, અને તેમ છતાં વિલક્ષણ પ્રકાર તો એ છે કે તે દુઃખ પામનાર મનુષ્ય "દૈવ" કે "નશીબ" એવું કંઈ માનીને તેનો દોષ કહાડે છે! હરકોઇ પ્રકારનું સંકટ કાંઇ પોતાને આવવાનો સમય કે પોતાનું સ્વરૂપ આગળથી જણાવીને આવતું નથી, એ વાત સાચી છે, તથાપિ સંકટને

આવવાનું કારણ આપનાર તો મનુષ્ય પોતેજ છે, એ તેના ક્યાં સમજવામાં આવે છે? અજ્ઞાન લોકો આવેલા સંકટને નશીબ સમ પોતાનું મન વાળતાં છતાં વારંવાર અનેક પ્રકારનાં સંકટમાં ફસાઇ પડે છે; સાધારણ બુદ્ધિનાં જનો આવેલા સંકટના સંબંધમાં "થવા કાળ મિથ્યા થતો નથી." એમ સમજી પોતાના મનનું સમાધાન કરતાં છતાં ઉલટું દુ:ખને આદર આપવા સરખું વર્ત્તન ચલાવે છે; અને વિદ્વાન મનુષ્યો આવેલા સંકટના સંબંધમાં પોતાના તરફથી હરકોઇ પ્રકારનો દોષ થયેલો સમજી, તે દોષને જાણવાનો યત્ન કરવા લાગે છે, કિંવા દોષ ફરી ન થવા દેવાના અને એવું દુ:ખ ફરી ન આવવા દેવાના સંબંધમાં સાવધાન રહે છે. આપણો લજ્જાશંકર સાધારણ બુદ્ધિનોજ મનુષ્ય હતો એ વાત પ્રિય વાચકોએ ભૂલી જવી નહીં જોઇએ.

વિજયાગવરીનું પુને જવું થવાથી લજ્જા-શંકરને વીશીમાં જમવા જવું પડયું, મુંબઇ-ની વીશીઓમાં જમવાનું ભેંશના ખાણ કરતાં પણ બહુ ભુંડું હોય છે, એ તો જેને ત્યાંના ભોજનનો અનુભવ મળેલો હોય છે તેઓજ સારી રીતે સમજે છે. તેમાં વળી કદીપણ વીશીમાં જમવાનો પૂર્વે પ્રસંગ આવ્યો નથી, એવા લજ્જાશંકરને આ વેળાએ ત્યાં જમવા-થી કેવું લાગ્યું હશે, તેની વાચકોએજ કલ્પના કરી લેવાની છે. ત્રીકમજી શેઠના ઘરનાં તથા દુકાનનાં સર્વ માણસો લગ્ન પ્રસંગને લીધે પુને ગયેલા હોવાથી કામનો સર્વ પ્રકારનો બોજો એકલા લજ્જાશંકર ઉપર જ પડયો હતો. એ કામનો બોજો માત્ર એક સ્થળે બેસીને નામું લખવાનો નહોતો; પરંતુ આખા શેહેરમાં રઝળીને ઉઘરાણી વસુલ કરવાનો, બજારમાં ભટકી આડતિઆઓની માગણી પ્રમાણે માલ ખરીદી તે રવાના કરવાનો અને તે ઉપરાંત

દુકાન અને ઘર સંભાળવાનો પણ હતો. બાપડા લજ્જાશંકરને આ વેળાએ સર્વ બાબતો એકેકથી કેવળ પ્રતિકૂલ થઇ પડી હતી. તેના મનની સ્થિતિ કેવળ અસ્વસ્થ થઈ પડી હતી, ભાવીસ્થિતિના વારંવાર દુઃખદાયક વિચારો ઉપજવાથી તે વિષેની તેની ચિંતાનો પણ પાર રહ્યો નહોતો, ચૈત્ર માસના પ્રખરતાપમાં દિવસોનો મોટો ભાગ આખા શેહેરમાં ભટકવામાંજ ગાળવો પડતો હતો, અને અધૂરામાં પૂરૂં એવી બળીઝળી હાલતમાં વીશીનું ભેંશના ખાણા કરતાં પણ ભુંડું ભોજન મળતું હતું! આમ હોવાથી તેની આરોગ્યતાના સંરક્ષણનો આધાર માત્ર પરમાત્માની કૃપા ઉપર જ રહ્યો હતો! પરંતુ આ સ્થળે કહ્યા વિના ચાલતું નથી કે હાથે કરી મનુષ્ય ચિંતાતુર બનીને દુઃખ વ્હોરી લે કિંવા પ્રકૃતિ શિથિલ થવા જોગ જાણી જોઇને ઉપચારો કરે, ત્યારે ત્યાં પરમાત્મા કેવી રીતે કૃપા કરી શકે

વારૂ ? લજ્જાશંકરે એવી સ્થિતિમાં એક અઠવાડિયું ગુજારી નાંખ્યું. આઠમે દિવસે માત્ર તેને થોડો તાવ આવ્યા સરખું જણાયું; પણ તે તરફ તેણે તાદ્દશ લક્ષ નહીં આપતાં પોતાના નિત્યક્રમમાં જેમનો તેમ તે લાગીજ રહ્યો. તેને દિનપ્રતિદિન અશકિત સરખું અધિકાધિક જણાવા માંડયું, શરીરમાં આળસ નિત્ય નિત્ય ભરાવા લાગ્યું, દુર્ગંધ મારનારા ઓડકારો પણ હમેશાં આવવા લાગ્યા; અને તેવી સ્થિતિ થયાં છતાં પણ વિના ઔષધ•ઉપચારે બીજા સાત આઠ દહાડા નિકળી ગયા. એ પછી આપણા લજાશંકરને લાગ્યું કે,–"હવેતો ખરેખર મારી પ્રકૃતિ બગડતી ચાલીછે" આટલું લાગ્યા પછી ચિંતાતુર હૃદયના લજાશંકરને વધારે ક્ષીણ થવા માટે બીજું કયું અધિક કારણ જોઇએ? "અરેરે હું કદાચ ભયંકર રોગનો ભોગ થઈ પડીશ તો! હાયહાય મારાપર, મારા મરણ પામેલા મિત્ર કૃષ્ણશંકર જેવો માઠો પ્રસંગ ગુજરશે તો! અને એમ થશે તો મારી પાછળ મારી પ્રિય

ભાર્યાની કેવી દુર્દશા થશે?" એમ પદેપદે અને ક્ષણેક્ષણે જેના ચિંતાતુર અંતઃકરણને લાગતું હતું—એવા લજ્જાશંકરને,—"પોતે આજારીજ થયો છે," એવી ખાત્રી થયા પછી કયાં ભયંકર દુઃખ દરદની બાકી રહે? તેના મનમાં અમંગળ અને વિલક્ષણ વિચારો વારંવાર ઉપજવા લાગ્યા; આમ થવાથી તેના સ્વભાવમાં ચીડ ઉપજવાનાં, તેની મુખમુદ્રામાં શોક ચિંતાનાં અને તેના શરીરમાં ક્ષીણુતાનાં ચિન્હો સ્પષ્ટપણે જણાવાં લાગે તેમાં નવાઇ શી? તેમ જો થવા પામ્યું ન હોત તોજ માત્ર નવાઈ હતી ખરી!

વિજયાગવરીને મુંબઈ પાછા આવવાના સંબંધમાં હજી ચારપાંચ દિવસનો અવકાશ હતો. "હું હવે બહુ આજારી થઈ પડીશ અને તેમાંજ મારો અંત આવશે!" એમ લજ્જાશંકરને લાગવા માંડયું. એક દિવસે તો તેના મનમાં એમ આવ્યું કે,—"જ્યારે મૃત્યુનો સમય નજીક આવ્યો છે, ત્યારે તો હમણાથીજ

ડહાપણનો માર્ગ સ્વીકારવો એ વધારે ઉત્તમ છે. એ ડહાપણનો માર્ગ એજ છે કે આજ કાલજ કોઈ સ્નેહી કનેથી જોઇતી રકમ ઉછીની લઇને જીંદગીનો વીમો એકદમ ઉતરાવી નાંખવો, અને પછી જો હું જીવતો રહીશ તો તેની રકમ પહોંચતી કરીશ અને મરણ પામ્યો તો મારી સ્ત્રીને જે વીમાની રકમ મળશે તેમાંથી તે મિત્ર વસુલ કરી લેશે !" આવા પ્રકારની વાત મનમાં ઉપજતાંવાર તેણે તે ઉપર પુષ્કળ વિચાર કર્યો, તો તે વાત તેને સર્વથા હિતકારક ભાસી અને તે પ્રમાણે તજવીજ કરવાનો ઠરાવ કરી તેણે એક સ્નેહી કને જઇને સવાસો રૂપિયાની માગણી કરી. તેનો તે સ્નેહી ઘણો ભલો અને પરગજુ સ્વભાવનો હતો. તેણે તુરતજ તેની માગણી મુજબ તેટલી રકમ ઉછીની આપી. એ રકમ લઇને તે ઘેર આવ્યો. બીજે દહાડે તેણે "ઓરિયન્ટલ લાઈફ ઇન્સ્યુરન્સ કંપની"ના એક એ-

જંટ મારફત એક પોતાનું અને એક સાક્ષીદારનું—એવા બે ફારમ ભરી મોકલાવ્યાં, અને ત્રીજે દિવસ ડાકતરકને પરીક્ષા આપવા જવા માટે મુકરર કરવામાં આવ્યો. આવા પ્રકારની વ્યવસ્થા થવાથી લજ્જાશંકરના મનનું ઠીક સમાધાન થયું. ત્રીજે દિવસે બપોરના એક વાગતે તે વીમાકંપનીના એજન્ટ સાથે કંપનીની કોટમાંની ઑફિસમાં ગયો. ત્યાં તેને એક ઓરડામાં લઈ જઈ કંપનીના ડાકતરે તેની પરીક્ષા લીધી. પરીક્ષા લેવામાં ખાસ્સો દોહોડ કલાક નિકળી ગયો. ડાકતરે પરીક્ષા લેવામાં તેનું શરીર તપાસ્યું—તેની છાતીપર ભુંગળી મૂકી, તેની બગલમાં "થરમામેટર" મેલી જોયું, તેનું પેટ દાબીને તપાસ્યું, તેની જીભ બહાર કઢાવીને તપાસી, તેની આંખો ફડાવીને તેના ડોળા જોયા, અને તેને તે ઓરડામાં આમ થી તેમ દોડાવી તપાસ્યો. બસ થયું—હવે બાકી શું રહ્યું? હજી એક પ્રકાર બાકી રહ્યો

હતો, અને તે પેશાબ કરાવી તેને કાચની નળીમાં ભરી ગરમ કરી તપાસ્યો, એટલે તે સર્વ પ્રકારની પરીક્ષા પૂરી થઈ. એ પછી ડાકતરે ટેબલપર બેસી એક ફારમ કહાડી, લજ્જાશંકરને કેટલાક પ્રશ્નો પૂછીને તે ભરી કહાડ્યું અને ત્યારબાદ,—"તમારી પરીક્ષા થઇ ચૂકી," એમ કહ્યું. પોતે પાસ થયો કે નાપાસ? તે જાણવા માટે લજ્જાશંકર બહુ આતુર બની રહ્યો હતો; પણ પોતે પાસ થયો છે એમ દર્શાવનારાં કે પોતે નાપાસ થયો છે, એવું દર્શાવનારાં ચિન્હો તો ડાકતરનાં મ્હોં તરફ ધારી ધારીને તેણે નિહાળ્યાં છતાં કશ્યાં જણાયાં જ નહીં! ઉમેદવાર રોગી હોય તોપણ કંપનીના ડાકતરો તો ગંભિર મુદ્રાનાજ રહેવાના! પરીક્ષાનું પરીણામ જાણવા માટે લજ્જાશંકરની મુંગી ઉત્સૂક્તા પોતાના સમજવામાં આવવાથી ડાકતરે,—"ભય પામવાનું પ્રયોજન નથી. ઠીક છે." એટલું કહીને ત્યાંથી વિદાય કર્યો

અને એ પછી કંપનાની ઑફિસના દાદરના પગથિયાં ઉતરતાં ઉતરતાં કંપનીના એજન્ટે પણ,—"જે હશે તે કંપની તરફથી આઠ દશ દહાડામાં લખાઇને તમારા તરફ આવશે. તમે હવે ખુશીથી ઘેર પધારો," એમ કહીને રૂખસદ માગી. લજ્જાશંકર એકલો ત્યાંથી પોતાને ઘેર આવ્યો. આ પ્રકાર બનવા પામ્યો તે દિવસે લજ્જાશંકરના જીવને જરા ઠીક લાગ્યું; પરંતુ પુનઃ "કંપની તરફથી કેવા પ્રકારનો ઉત્તર આવે છે," એવી ચિંતા ઉપજવાથી તેના જીવને તે "ઠીક લાગવું" વધારે વખત ટકી શક્યું નહીં.

વિમા કંપનીમાં જઇને ડાકતરની પરીક્ષા આપી આવ્યા પછી બીજે દિવસે વિજયાગવરી પુનેથી આવી. આવતાં વારજ તેણે ઉત્સાહભેર પોતાના પ્રાણનાથને પેલી મોતનમાલા બતાવી. તેણે જોઈ ન જોઈ કરીને "સારી છે," એમ કહ્યું. "મોતનમાલા ખરી

નથી પણ ખોટી છે અને મેં તે ફલાણાં ફલાણાં કારણોથી ખોટી કરાવી છે; વળી એમ કરવાથી રૂપિયા સાબુત રહ્યા છે અને તે રતનબાઈ કનેજ છે," એમ કહી સંભળાવવાનું વિજયાગવરીના મનમાં આવ્યા છતાં,—"કોણ જાણે કદાચ ખોટી મોતનમાલા કરાવવાના સંબંધમાં તેઓ નારાજ થશે તો! આજે એમનું મન પણ ઉદાસ જણાય છે, માટે કાલે જ્યારે તેઓ આનંદમાં હશે, ત્યારેજ આ વાત કહી સંભળાવવી ઠીક પડશે," એવા હેતુથી તેમ કરવાનું તેણે બંધ રાખ્યું આ વેળાએ તેના મનમાં એવો પણ એક વિચાર આવ્યો કે,—"મારા પતિને મોતનમાલાની હકીકત કહી સંભળાવવી કે નહીં, તે વિષે રતનબાઇનો અભિપ્રાય પૂછ્યા વિના એવું સાહસ કરવું એ ઠીક નહીં. પ્રથમ તેનો અભિપ્રાય લઇને પછીથી કાં તો હુંજ તે હકીકત કહીશ અથવા રતનબાઇ દ્વારા કહેવરાવીશ." વળી તેને

એમ પણ લાગ્યું કે,–"મેં આ મોતનમાલા ખોટી કરાવી છે એમ એકદમ કહી દેવામાં કશી મજાહ કે ગમ્મત નથી; પરંતુ પ્રથમ તેમની મેળેજ મોતનમાલાની પરીક્ષા કરવા દેવી અને તેઓ કહે કે મોતનમાલા સાચી છે, તો પછી "આવીજ પરીક્ષા કરશો કે!" એમ તેમની મશ્કરી કરીને સાચી હકીકત કહી દેવામાં ઘણીજ મજાહ અને ગમ્મત પડશે, માટે તેઓનું ચિત્ત જ્યારે પ્રસન્ન હશે, ત્યારે મોતનમાલા ફરીથી તેમને બતાવી, પરીક્ષા કરાવીનેજ સાચી હકીકત કહેવી, એ વધારે ઠીક પડશે." આવી રીતે જેમ વિજયાગવરીએ પોતાના સંબંધની હકીકત પોતાના પતિને જણાવવાનો વિચાર હાલ તુરત માંડી વાળ્યો, તેમ પોતાની પ્રકૃતિ દિનપ્રતિદિન વધારે વધારે ક્ષીણ થતી ચાલ્યાની વાત પણ પોતાની ભાર્યાને કહેવાનો વિચાર લજ્જાશંકરે માંડી વાળ્યો; કારણ કે એ વાત કહીને

તેને ચિંતા કે ગભરાટ ઉપજાવવાનું તેને યોગ્ય લાગ્યું નહીં. વળી આ વેળાનું તેનું મૌન્ય તેના સ્વભાવને અનુરૂપજ હતું. પ્રથમથી જ તેણે પોતાની સ્ત્રીથી પોતાના સર્વ વિચારો છૂપાવ્યા, અને તેમ કરીને તે મનમાં ને મનમાં મુંજાઈ, ભાવી સ્થિતિના સંબંધમાં કેવળ ચિંતાતુર બની રહ્યો અને માઠી માઠી કલ્પના કરવા લાગ્યો, તેથીજ ઘોંટાળો થયો! પુનાથી આવતાં વાર વિજયાગવરીએ જ મોતનમાલાની સર્વ હકીકત તેને નિવેદન કરીને રૂપિયા બચાવ્યાની વાત કહી દીધી હોત તો લજ્જાશંકરને પણ પોતાનું વૃતાન્ત વિજયાગવરીને કહેવાની ફરજ પડત—કહો કે પોતાના મનને ગમતું થવાથી–પોતે છૂપાવેલી હકીકત ઘણી ખુશીથી કહેત, અને સર્વ પ્રકારનો ખુલાસો થઈ જવાથી ચિતા સમાન ચિંતામાં બળવાનો વખત ન આવત; પરંતુ લજ્જાશંકરના મનની ચિંતાનો અવધી વિ-

શેષ હોવાથી તેમ બનવા પામ્યું નહીં, એટલે ઉપાય શો? દૈવવાદીઓની પેઠે "થવાકાળ ! તે-થીજ બન્નેને તેવા પ્રકારની બુદ્ધિ સૂઝી," એમ સમજી હવે પછી શું શું બન્યું, તેનો ચિતાર આપવામાં વાર્તાનો લેખક ન રોકાય તો તે બાપડો બીજું કરે પણ શું !!

વિજયાગવરીનો બીજો દિવસ ગડબડમાં ગયો. આ મળવા આવી, તે મળવા આવી; એને પુનેથી લઈ આવેલી વસ્તુ આપી, તેને લગ્ન સંભારંભની વાત કહી સંભળાવવામાં આવી; એમ કરતાં કરતાં આખો દહાડો પૂરો થયો. પડોશની સ્ત્રીઓએ નવી કરાવેલી મોતનમાલા જોવા માગી, ત્યારે,–"એતો અમારા ગરીબની મોતનમાલા ! એમાં તે શું બતાવવું હતું!" એમ કહીને મોતનમાલા ન બતાવવા માટે જ વિજયાગવરીએ તે સ્ત્રીઓને ઉડાઉ જવાબો આપ્યા; એમ ઉડાવવાનું કારણ એજ હતું કે,—" મોતનમાલા બતાવવાથી તે-

ને જો એકાદી ચતુર બાઈ, તે ખોટી છે, એમ ઓળખી કહાડે તો ફજેતી થયા વિના રહે નહીં!" પરંતુ એ સ્ત્રીઓજ કે નહીં! અતિશય દુરાગ્રહ કરીને પણ તેમણે મોતનમાલા બતાવવાની વિજયાગવરીને ફરજ પાડી-અને જ્યારે મોતનમાલા જોઇને,–"બહુમજાની છે," એવો જ્યારે સર્વ સ્ત્રીઓએ અભિપ્રાય આપ્યો, ત્યારેજ વિજયાગવરીના મનને નિરાંત વળી! તે દિવસે વિજયાગવરીથી રતનબાઇ કને જવાનું બની શક્યું નહીં, અને તેથી પોતાના પતિને મોતનમાલાની હકીકત કહેવી કે ન કહેવી, એ વિષેનો નિર્ણય કરવાનું કામ લંબાયું. ત્રીજે દિવસે ત્રીકમજીશેઠ તરફથી લજ્જાશંકરને એક પેંઠની ઉત્તમ પાઘડી અને રતનબાઈ શેઠાણી તરફથી વિજયાગવરીને એક ચીનાઈ સાડી લગ્ન પ્રસંગ નિમિત્તે એક માણસ આપી ગયો. શેઠ શેઠાણીની આવા પ્રકારની ઉદારતા ભરેલી પોતા ઉપરની મમતાથી

લજ્જાશંકર તથા વિજયાગવરી રળિયાત થયાં. તે દિવસે પણ વિજયાગવરીથી રતનબાઈકને જઈ શકાયું નહીં. ચોથે દિવસે માત્ર તે રતનબાઈ કને જવા પામી; પરંતુ રતનબાઈ બહુ કામમાં હોવાથી તેની સાથે વાતચિત કરવાનો પ્રસંગ વિજયાગવરીને પ્રાપ્ત થઇ શક્યો નહીં, અને તે પોતાને ઘેર પાછી આવી. તેણે વિચાર કર્યો કે,—"આજ નહીં અને બે દહાડા પછી મોતનમાલાની વાત કરીશું તો શી હરકત છે? એમણે પોતે કાંઈ હજી સુધી ફરીને મોતનમાલાની વાત કહાડી નથી, અને હવે જ્યારે કહાડશે ત્યારે કહીશું. રૂપિયા તો રતનબાઈ કને સાબુતજ છે, તે વિષેની કાંઇ ચિંતા કરવા સરખું નથી." એ પછી વળી બીજા બે ચાર દહાડા મોતનમાલાની વાત કર્યા વિનાજ નિકળી ગયા. પોતાના શેઠજીના પુત્રની જાન જતાં પેહેલાં બે ચાર દિવસ જેમ લજ્જાશંકરને બહુ કામમાં રોકાઇ રહેવું પડ્યું

હતું, તેમ જાન પાછી આવ્યા પછી પણ કામનું ઘણુંજ દબાણ હોવાને લીધે લજ્જાશંકરથી પણ પોતાની સ્ત્રી તરફ કે પોતાના ઘરનાં કામકાજ તરફ વિશેષ ધ્યાન આપી શકાયું નહીં. હમણાં હમણાં લજ્જાશંકરનું ચિત્ત કાંઈ પ્રથમની પેઠે ઘણું અસ્વસ્થ નહોતું. "અર્ધું કામ તો પાર પડયું છે, હવે તો વીમાકંપની તરફથી જવાબ આવવાની જ માત્ર ખોટી છે. અનુકૂલ જવાબ આવ્યો એટલે એક વર્ષની રકમ ભરી દીધી કે તુરત કામ એવડેહારે પૂરૂં થયું સમજવું!" એમ તેના મનને લાગતું હતું, આમ હોવાથી તે તરફ તથા શેઠજી તરફના કામકાજ તરફ તેનું લક્ષ લાગી રહેલું હોવાને લીધે પ્રથમની પેઠે તેનો ચેહેરો પણ કાંઇ એટલો બધો ઉદાસ જણાતો નહોતો; પરંતુ ગડબડના એ બે ચાર દિવસ પસાર થઇ ગયા પછી પોતાના પતિના મનની સ્થિતિસંબંધી એકેક બાબત વિજયાગવરીના જા-

ણુવામાં આવતો ગઇ. "પૂર્વની પેઠે મારા પતિ હવે આનંદમાં રહેતા નથી. તેઓ પૂર્વની પેઠે હવે મારી સાથે હાસ્યવિનોદ કરતા નથી. તેઓ પૂર્વની પેઠે ધરાઇને પણ જમતા નથી. હમણા હમણા તેમનું ચિત્ત સ્થિર જણાતું નથી. કોઈપણ પ્રકારની ચિંતા તેમના હૃદયને બાળતી હોય એમ જણાયછે," એવું તેના સમજવામાં આવ્યું, અને તેથી અત્યંત પ્રેમ અને મમતાવડે તેણે એ સંબંધી વારંવાર પોતાના પતિને પ્રશ્નો પણ પૂછવા માંડયા; પરતુ,—"મને કશું થયું નથી. સવારમાં ચહા પીઉંછું અને બપોરના પણ કોટમાં જવું થવાથી ત્યાં પણ ચહા પીઉંછું, તેથી ભૂખ ઓછી લાગેછે." એવો લજ્જાશંકરે પોતાની પ્રેમી ભાર્યાને ઉત્તર આપીને ઉડાવી; એવા ઉત્તરથી વિજયાગવરીના મનનું સમાધાન થયું નહીં. તેણે તો તેની શિથિલથતી જતી પ્રકૃતિના સંબંધમાં વારંવાર પ્રશ્નો પૂછવા શરૂજ રાખ્યા. તે

એવી તો તેની પાછળ પડી કે આખરે લજ્જા-શંકરથી,—"હા કાંઈક એવું જણાય છે તો ખરૂં. હમણા હમણા ઓછી ભૂખ લાગે છે ખરી," એવો ઉત્તર આપ્યા વિના છૂટકો થયો નહીં તે બિચારી પણ શું કરે? "વૈદ્ય ડાક્તરને એકવાર પ્રકૃતિ બતાવો અને પછીથી બરોબર નિયમિત રીતિયે દવા લીધા કરો," એમ તે બિચારીએ અનેકવાર કહી સંભળાવ્યું. લજ્જાશંકરે પણ "હા, હા," કહ્યા કર્યું. એમ કરતાં કરતાં બીજા આઠ દિવસ ગુજરી ગયા. તે આઠ દિવસમાં એકવાર વિજયાગવરી રતનબાઈ કને ગઈહતી અને તે વેળાએ,—"મેં એમને મોતનમાલા-ની વાત હજી સુધી કહી નથી; માટે હવે કહું કે નહીં?" એમ તેને પૂછી જોયું; પરંતુ ગમે તે કારણથી તેણે,—"મોતનમાલાની વાત બિલ-કુલ લજ્જાશંકરને કહેશો નહીં. તમે હજી સુધી તે વાત કહી નથી એ ઠીક કર્યું. મારૂં કહ્યું માનીને તે વાત તેને કહેશો જ નહીં. વળી

મોતનમાલા એવી તો ઉત્તમ બનાવવામાં આ-વેલી છે કે લજ્જાશંકર તેને બિલકુલ પારખી શકે તેમ નથી. તમારા રૂપિયા મારી કને–જેમ બેંકમાં હોય–તેવી રીતે સાબુત છે. તે વિષે જરા પણ ચિંતા કરશો નહીં," એવો જવાબ આપ્યો. દિવસ ઘણા ગુજરી ગયા અને ફરી લજ્જાશંકરે મોતનમાલાની કદી પણ વાત ઉચ્ચારો ન હોવાથી તેને રત્નબાઇની આજ્ઞા શિવાય તે વાત ન કહેવામાં કાંઇ અઘટિત જણાયું નહીં; વળી,–"કોઇ પણ દિવસે અચાનક આ વાત કહી સંભળાવીને તેમને આશ્ચર્યમાં પાડી દઇશ," એમ તેણે ધાર્યું.

સુમારે એક પખવાડીયું ગુજરી ગયા પછી એક દિવસે બપોરના વીમાકંપનીનો સિપાઇ લજ્જાશંકરનું નામ પૂછતો વિજયા-ગવરીના હાથમાં એક બીડેલો કાગળ આપી ગયો. તે દિવસે રાત્રીએ લજ્જાશંકર ઘેર આ-વ્યો કે તુરત વિજયાગવરીએ તે કાગળ તેના

હાથમાં આપ્યો લજ્જાશંકરે બ્હિતાં બ્હિતાં તે ફાડીને વાંચવા માંડયો. વાંચતાં વાંચતાં તેના હાથ પગ થર થર ધ્રુજવા લાગ્યા. કોઇ કોઇ વાર મઠી હકીકત જાણુવામાં આવતાં પેહેલાં જ મનુષ્યોને માઠા વિચારો ઉપજે છે, તેવો જ પ્રકાર લજ્જાશંકરના સંબંધમાં અત્યારે બન્યો. તે કાગળ વાંચતાં પેહેલાંજ લજ્જા-શંકરના મનને લાગ્યું કે,–" આમાં શુભ સ-માચાર હશેજ નહીં !" કાગળ જેમ તેમ કરીને પૂરો વાંચ્યો તો તેને જણાયું કે તેમાં કેવળ અનિષ્ટકારક જ હકીકત હતી. " ત-મારી જીંદગીનો વિમો કંપની ઉતારી શકતી નથી, માટે કંપનીના ડિરેકટરો ઘણાજ દિલગીર છે," એવી એ કાગળમાંની હકીકત હતી, એ હકીકત વાંચતાંવાર તે શબ્દ રૂપ લેખંડના ધગધગતા ડહામ તેના હ્રદયમાં દેવાયા ! તેની આંખોએ અંધારી આવી, તે ત્યાંજ બેભાન સરખો બની ગયો. તેણે તે કાગળને ફાડીને

કચરાના ઢગલા તરફ એકદમ ફેંકી દીધો, અને એ પછી ઓરડીમાંની ગાદીપર લાંબો થઇ પિછોડી ઓઢીને સૂતો સૂતો તે શોક કરવા લાગ્યો. આ વેળાએ વિજયાગવરી ઓરડીના અંદરના ભાગમાં ઘરનું કામકાજ કરવામાં રોકાયલી હતી. કામમાંથી પરવારી જેવી તે બહાર આવીને જુવે છે, તેવાજ આ રાજેશ્રી પગના નખથી તે માથાની શિખા સુધી પિછોડી ઓઢીને સૂતેલા જણાયા! "કેમ આજ અત્યારમાંથી જ સૂઇ ગયા? પ્રકૃતિ ઠીક નથી કે શું ? કેમ કશું બોલતા નથી? કેમ ઊંઘી ગયા કે શું ?" એમ પૂછ્યા છતાં કશો ઉત્તર નહીં મળવાથી,– 'તેઓ કદાચ ઊંઘી ગયા હશે," એમ સમજી વિજયાગવરી ઓરડીના અંદરના ભાગમાં જઇને રસોઇ કરવા વળગી. રસોઈ કરીને પરવાર્યા પછી તેણે લજ્જાશંકરને બૂમ મારીને,–"જમવા ઉઠશો ?" એમ પૂછ્યું. "આજે મને બિલકુલ ભૂખ નથી. તું જમી લે," એવો જવાબ

મળવાથી પોતે જમીને તથા અઓટ કરીને પોતાના પ્રાણનાથની પથારી કને આવી "શરીરે કેમ છે? દવા કાંઈ પીશો?" એમ તેણે પ્રેમથી પૂછ્યું; પરંતુ કશો ઉત્તર નહીં મળવાથી,–"તેઓ ઊંઘી ગયા હશે," એમ સમજી તે પણ જોડમાં સૂતી. તે બિચારીને સ્વામિના મનની સ્થિતિનો વિચાર ઉપજવાથી તે રાત્રીએ સ્વસ્થ નિદ્રા આવી નહીં. લજ્જાશંકરને પણ,– "હું ક્યાં પડયોછું અને શું કરૂં છું," તેનું પણ તે રાત્રીએ ભાન રહેવા પામ્યું નહોતું. તે બિછાનાપર પડયો પડયો અનેક માઠી કલ્પના કરવામાં ચકચૂર બની રહ્યો હતો. માઠી કલ્પના કરતાં કરતાં તેને એટલું તો દુઃખ ઉપજ્યું કે તેનું હૃદય કેવળ મુંઝાઇ ગયું. તેની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલી નિકળી. આંખો મોતીઆના છેડાથી લુંછી લુંછીને લાલચોળ બની સુજી ગઈ. "હવે જરૂર માઠો પ્રસંગ ગુજરવાનો જ! વીમો ઉતારવા જોગ મારી

પ્રકૃતિ વીમા કંપનીના ડાક્તરને જ્યારે જણાઇ નહી, ત્યારે જરૂર મને કોઈ ભયંકર રોગ લાગુ પડેલો હોવો જોઇએ, અને એ રોગથી જ થોડા વખતમાં મારી ઇતિશ્રી થવી જ જોઇએ!" એવું તેના મનમાં પૂર્ણપણે ઠસી ગયું. "જો લાંબો વખત હું આજારી રહીશ, તો મારી નોકરી જશે અને ઔષધ પાણીના તથા ખાવા પીવાના પણ દ્રવ્ય વિના હાલ હ-વાલ ભોગવવા પડશે!" તે વિષેની પણ તેને ઘણી ચિંતા ઉપજી. ફરીફરીને,–"જે મને મારા પ્રાણ કરતાં પણ અધિક વહાલી છે, જેના સુખ માટે યત્ન કરવો એજ હું મારૂં કર્ત્તવ્ય સમજાુંછું, જેને હું કેવળ મારા પરમ દૈવત પ્રમાણે માનુંછું, તે મારી વ્હાલી સ્રીનું અરેરે મારી પાછળ શું થશે! હું મરણ પામ્યા પછી તે બાપડીની અતિ દુઃખદાયક હાલત થઈ પડશે. તે બિચારીને આ જગતમાં મારા શિવાય બીજા કોઈનો

પણ આધાર નથી!" એવાજ પ્રકારની તેને ચિંતા ઉપજ્યા કરતી હતી. પોતાના મરણની તેને જેટલી ધાસ્તી ઉપજતી નહોતી, તે કરતાં અધિક ચિંતા તો,–"મારી પાછળ મારી સ્ત્રીનું શું થશે!" તે વિષેજ તેને ઉપજતી હતી. લજ્જાશંકર ખરેખરો પત્નીપરાયણ પુરૂષ હોવાથી પત્નીની ભાવી સ્થિતિની કલ્પના કરીને અત્યારે અતિશય ચિંતાતુર બની રહ્યો હતો. તેના મનમાં,—"તે બિચારીના પાલનનો આધાર કેવળ મારા ઉપરજ છે અને તેમ છતાં મારૂં મૃત્યુ થાય તો પછી તેની શી સ્થિતિ થાય?" એજ નિદિધ્યાસ થઈ રહ્યો હતો, આટલા દિવસ તો ગમેતેમ કરીને પણ વીમો ઉતરાવી નાખવાની આશા હતી, અને હવે તો,—"કેમે કરતાં પણ વીમો ઉતરાવી શકાય તેમ નથી," એવી તેની ખાત્રી થવાથી તેનું મન અતિશય નિરાશા યુક્ત બનીને,–"મને જરૂર ભયંકર રોગ લાગુ પડયો

છે અને તેથીજ વિમા કંપનીએ વીમો ઉતારવાની ના પાડી!" એમ માની ફેરવળ ભયભિત બની રહ્યો. એ નિરાશા અને ભય સાથે,—"હાયહાય, જો હું મરણ પામીશ તો પછી મારી સ્ત્રીનું શું થશે?" એવી ચિંતાએ પણ તેના હૃદયને સળગાવી મૂક્યું. તેની એવા પ્રકારની ઘાતકી ચિંતાએ તેના હૃદયમાં એવો તો દાવાનલ પ્રકટાવ્યો કે તેમાં સ્થૈર્ય, સમાધાન, આનંદ આદિને રહેવાની એક રતિ પૂર જગ્યા પણ રહેવા દીધી નહીં. વ્યાજબી જ છે કે જ્યારે તેના અંતઃકરણમાં આનંદાદિનું રાજ્ય હતું, ત્યારે આ ચિતા સમાન ચિંતાને તથા તેના ગોતરિયાં શોક, દુઃખ, ભય, અસ્થૈર્યાદિને રહેવા માટે ક્યાં બિલકુલ જગ્યા રહેવા પામી હતી?

બીજા દિવસનું પ્રભાત થયું. લજ્જાશંકર પથારીમાંથી ઉઠીને તુરત જે સ્નેહીના સવાસો રૂપિયા ઉછીના લીધા હતા, તે લઇને પાછા

આપવા માટે તેને ત્યાં ગયો. "જે કામ માટે એ રકમ લાવવામાં આવી હતી, તે કામ તો થતું નથી, તો પછી એ રકમ ઘરમાં શા માટે રાખી મૂકવી જોઇએ?" એવા વિચારથી જ તે રૂપિયા તે સ્નેહીને પાછા આપવા ગયો, રૂપિયા પહોંચાડીને ત્યાંથી તે પરભાર્યોજ ત્રીકમજી શેઠને ત્યાં ગયો. ત્યાં થોડુંઘણું—કરવાનું હતું તે કામ કરીને પરવાર્યા પછી શેઠજીએ તેને ચઢેલો પગાર અને તે ઉપરાંત, લગ્ન પ્રસંગમાં કરેલી મેહેનતની ખુશ કરી પાંચ રૂપિયા બક્ષીસ આપ્યા. તે લઇને બપોરના બાર વાગતે લજ્જાશંકર પોતાને ઘેર પાછો આવ્યો. ઘેર આવીને શેઠજીએ આપેલા રૂપિયા તેણે પોતાની સ્ત્રીને સ્વાધીન કર્યા; પરંતુ આ વેળાએ તેની મુખમુદ્રા કેવળ વિલક્ષણ પ્રકારની બની રહેલી તેની સ્ત્રીના જોવામાં આવી. તે બિચારીએ ગભરાઈને કહ્યું,—"નાથ, હું કહી કહીને થાકી છતાં આ-

ષધ કરવાની વાત આપ ધ્યાન પર લેતા નથી; પણ આપના શરીરની સ્થિતિ તો દિવસે દિવસે બહુ બગડતી જાય છે. બળ્યું, હવેથી નોકરી પર જવાનું પણ માંડી વાળો. જીવીને ખાવું પાલવશે, પણ મરીને કાંઈ ખવાશે નહીં! બસ હવે જો આપ મારૂં કહ્યું માનીને ઔષધ નહીં કરો તો હું પણ અન્નપાણી તજી દઈશ!" આ કરતાં અધિક કાળજીવાળાં વચનો બીજાં કયાં હોઈ શકે! પણ તેનો પ્રત્યુત્તરજ લજ્જાશંકરે આપ્યો નહીં. તેણે ટગર ટગર તે સાધવી સ્ત્રીના સામે એકસરખું જોયાંજ કર્યું. વળી બીજા આઠ દિવસ એવી જ મનની સ્થિતિમાં લજ્જાશંકરે ગુજારી નાંખ્યા; પરંતુ એ પછી તો તેના હૃદયની ઘાતકી ચિતા સમાન ચિંતાએ તેના રૂધીરને બાળી ભસ્મ કરી નાખ્યું. તે નવમેજ દહાડે બિછાનાપર પછડાઈ પડયો. તેનામાં ચાલવા હાલવાની પણ શકિત રહી નહીં. તેની જી-

બને રૂચિ તજી ગઈ, અને ખરાશ તથા કડવાશે તેની જીભમાં પોતાનું થાણું બેસાડયું! તેનો જઠરાગ્નિ, હૃદયમાં બળતી ચિતા સમાન ચિંતાની હોળીના પ્રભાવે કેવળ મંદ પડી ગયો, અને જઠરને શરદ તથા નિર્બલતાએ પોતાનું રહેઠાણ બનાવ્યું! નિદ્રા દેવી પણ તેની ચિતા સમાન ચિંતાની હોળીથી અકળાઇને નાસી છૂટી અને તેની જગોએ લાડજ્વરે પોતાનું પગડું બેસાડયું! સર્વાંગો કળવા લાગ્યાં, માથું દુઃખવા માંડયું, વાંસો ફાટવા લાગ્યો—અરેરે ચિતા સમાન ચિંતાએ તો બિચારા લજ્જાશંકરને પૂર્ણપણે ઘેરી લીધો !!

પ્રકરણ સાતમું.

—:૦:—

થવાનું તે થાય!

લજ્જાશંકરની આવી રીતે અતિશય માઠી સ્થિતિ થવાથી તેનો એક સ્નેહી તેને તેજ દિવસે ડા૦ કાણેની ડિસ્પેન્સરીમાં લઈ ગયો. ડા૦કાણેએ તેને ઔષધ આપવાની શરૂઆત કરી, નિત્ય આઠ આનાના ખર્ચની શરૂઆત થઈ. તે શિવાય ગાડી ભાડું થાય તેતો વળી જુદું! વિજયાગવરીએ આ દુ:ખદાયક હકીકત રતનબાઇને નિવેદન કરી. નિત્ય ગાડીભાડાના ૭ સાત આના અને ઔષધના આઠ દશ આના મળીને એક રૂપિયો ખર્ચ કરવો તે ગરીબ કુટુંબને શી રીતે પાલવે? રતનબાઈ બહુ દયાળુ અને ઉદાર દિલની સ્ત્રી હતી. તેણે ડાક્તરને ત્યાં લઈ જવા માટે હમેશાં પોતાની ગાડી મોકલાવવાની વ્યવસ્થા કરી આપી. રો-

ગીનું મન શુદ્ધ નહોય તો ઔષધ શી રીતે ગુણ કરે વારૂ ? એક અઠવાડિયા સુધી ઔષધોપચાર બરોબર કર્યા છતાં કશો પણ ફાયદો થયો નહીં. ઉલટી પ્રકૃતિ વધારે બગડતી ચાલી. હવે તો ગાડીમાં બેસીને ડાકતરને ત્યાં જવાની પણ લજ્જાશંકરમાં શક્તિ રહી નહીં. બીજા મહિનાનો પગાર પણ રતનશેઠાણીના કહેવાથી ત્રીકમજીશેઠે મોકલાવી આપ્યો; એ પચીશ રૂપિયામાં આવો મ્હોટો ખર્ચ શી રીતે પૂરો થાય? એકાંતરે ડાકતરને ઘેર બોલાવવામાં આવે તો તેના એક ફેરાની બે રૂપિયા ફી આપવી પડે. વિજયાગવરી પોતાના પ્રાણનાથના આવા પ્રકારના મંદવાડથી બહુ ગભરાઇ ગઈ. મંદવાડ લાંબો ચાલ્યો. બીજું એક અઠવાડિયું ગુજરી ગયું. પચીશ રૂપિયા ખર્ચાઈ ગયા. પાસે પાઇ સરખી રહી નહીં અને પોતાના પ્રાણનાથના ઔષધોપચારની બરોબર તજવીજ રાખ્યા વિના છૂ-

ટકો નહીં, ત્યારે હવે ખર્ચ ખૂટણુ માટે કરવું શું? બિચારી વિજયાગવરીએ રતનબાઈ કને જઇને પોતાની આ મુજવણુની હકીકત નિવેદન કરી. તેણે વિશેષમાં એમ પણ જણાવ્યું કે,—"મારી કને ન્હાના મ્હોટા થઇને દોઢસો બસો રૂપિયાની કિંમતના દાગીના છે, તે વેચીને અને કહો તો મોતનમાલાના આપની કને જે ત્રણસો રૂપિયા અનામત છે તે ઉપાડીને મારા સ્વામિની ચાકરી કરૂં. વળી તેમ નહીં તો પછી, મને ઉનના ગલપટા, મોજાં વગેરે ગુંથતાં આવડે છે તથા ટોપી, ઝબલાં વગેરે શિવતાં આવડે છે, તો કોઈ દુકાનદાર તરફથી તેવા પ્રકારનું કામ રોજરોજ મળતું હોય તો તે કરી તેનાવડે પ્રાપ્ત થતા દ્રવ્યથી મારા સ્વામિની સારવાર કરૂં." તેના આવા પ્રકારના બોલવાથી તથા તેની દયામણી મુખમુદ્રાથી રતનબાઇના દયાળુ અને ઉદાર અંતઃકરણમાં ઘણું લાગી આવ્યું. "મારી વ્હાલી વિજયાગવરી, તું કશી પણ ચિંતા ન કર. તારા દાગીના વેચવાનું કે અનામત રાખેલા

રૂપિયા ઉપાડવાનું કાંઇપણ પ્રયોજન નથી. તને હું મારા પેટની પુત્રી પ્રમાણે સમજું છું. હું તને મારી ખાનગી મૂડીમાંથી પચાસ રૂપિયા આપુંછું તે તું લે, અને કાળજીથી તારા પતિની સારવાર કર." એટલું કહીને આગ્રહ પૂર્વક રતનબાઇએ વિજયાગવરીને પચાસ રૂપિયા આપ્યા. વિજયાગવરીએ,–"તમે અનાથના બેલી છો, તમારો અનેક પ્રકારનો અમારા ઉપર ઉપકાર થયોછે અને વળી એ ઉપકારમાં વૃદ્ધિ કરતાં રહોછો, તોપણ તમોને પણ વારંવાર કેટલી અને ક્યાંસુધી તસ્દી આપવી? ભલાં થઇને કોઇ દુકાનદાર સાથે બંદોબસ્ત કરી આપવાની કૃપા કરો કે જેથી મોજાં, ગલપટા ગુંથીને કે ટોપી, ઝબલાં શિવીને હું મારો થોડો ઘણો ખર્ચ ચલાવું," એટલું બોલતાં બોલતાં તો વિજયાગવરીથી રડી જવાયું. રતનબાઇએ તેને મમતાથી પોતાની છાતી સરસી ચાંપીને દિલાસો આપ્યો. પોતાની સા-

ડીના છેડાવડે તેનાં અશ્રુથી ભરેલાં ચક્ષુઓ લૂછયાં. "બાઈ, ગભરા નહીં. પરમાત્મા બહુ દયાળુ છે. જરૂર તારાપર આ આવેલું સંકટ થોડા વખતમાં દૂર કરશે," એમ દિલાસો આપતાં આપતાં તો રતનબાઈનું હૃદય પણ ભરાઈ આવ્યું. ખરેખરાં પ્રેમ અને દયા તો સ્ત્રીઓમાંજ હોય છે, ઘણા થોડા પુરૂષોજ સ્ત્રીઓની પેઠે પ્રેમી અને દયાળુ હોયછે. રતનબાઈનું આ વેળાનું સ્વરૂપ નિહાળનારને એમ કહ્યા વિના ચાલશે જ નહીં કે તે એક ખરેખરી પ્રેમ અને દયાની પ્રતિમાજ છે! વિજયાગવરીનાં દુઃખથી પોતાના હૃદયમાં આવેલા દુઃખના ઉભરાને સમાવ્યા પછી અનેક સુબોધક અને મમતાનાં વચનોથી પુનઃ તેણે વિજયાગવરીને દીલાસો આપ્યો અને તે પછી તેને પોતાને ત્યાંથી વિદાય કરી.

લજ્જાશંકર તો અતિશય કૃશ, નિસ્તેજ અને ભયકર બની ગયો હતો. "થવાનું તે થાય!" એમ સમજી,—"હું હવે જરૂર મરવા-

નોજ " એમ તે અંતઃકરણપૂર્વક માનતો હતો અને તેથી ઔષધોપચાર ઉપર તેની બિલકુલ શ્રધા રહેવા પામી નહોતી. " મારો અંતકાળ હવે બહુ નજીક આવ્યો છે. હું હવે કદી પણ બચવાનો નથી. વીમો ઉતરાવવાનાં ફાંફાં માર્યા છતાં તે ઉતરાવી શકયો નહીં. વીમો ઉતરાવવા જોગ મારી સ્થિતિજ રહેવા પામી નહીં, ખચીત થવાનું તે થાય જ ! ઉપાય શો ? અરેરે મારી સ્રી મારી પાછળ હવે નિરાધાર થઇને રઝળશે ! જીવવું એ કાંઈ મારા હાથમાં રહ્યું નથી. હું શું કરૂં ? થવાનું તે થાય જ !" એવાજ પ્રકારના વિચારોથી હજી પણ તેનું મન વ્યાપ્ત રહ્યા કરતું હતું. હવે તો તાદૃશ તેના પોતાના શરીરની પણ કાળજી તેનામાં રહેવા પામી નહીં. પોતાની સ્રી ઔષધ આપે તે તુરત મુંગે મ્હોંડે પી જતો હતો. અને જે કાંઈ ખાવાનું આપતી હતી તે પણ મુંગે મ્હોંડે આરોગી જતો હતો. વિજયાગવરી તેનાથી ઘરની અંદરનું કામકાજ કરવા માટે દૂર થતી

હતી કે તુરતજ તે ન્હાનાં બાળકની પેઠે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગતો હતો. વિજયાગવરી જ્યારે પાસે આવતી, ત્યારે ચૂપ થઈ જતો અને લાગલોજ પોતાના મ્હોંપર પિછોડી ઓઢી લઇને આંખો લુંછી કહાડતો હતો. તેની સ્ત્રી કંઈ પૂછે તો તેનો ટુંકામાં ભાગ્યો તૂટ્યો ઉત્તર આપવા ઉપરાંત તે તેની કને કશું પણ બોલતો નહોતો. મંદવાડ તો લંબાયાજ કર્યો. રતન બાઇએ આપેલા પચાસ રૂપિયા પણ પૂરા થવા આવ્યા; પરંતુ ધન્ય છે તે સ્વાવલંબન પર આસ્થા અને ધીરજ રાખનારી વિજયાગવરીને ! દયાળુ રતનશેઠાણીને ફરીથી તેવા પ્રકારની તસ્દી આપવી ન પડે, તેટલા માટે કોઈ પડોશીની દ્વારા એક દુકાનદારનાં ટોપી, ઝબલાં શિવી આપવાનું અને ગલપટા, મોજાં ગુંથી આપવાનું કામ કરવા માંડ્યું અને ઉપર દર્શાવેલી પચાશ રૂપિયાની રકમ પૂરી થવા આવી, તેટલામાં તો બીજા પચાસ રૂપિયા મેળવી કહાડ્યા. પતિની સારવાર કરવા ઉપરાંત

તે બપોરના અવકાશ મેળવીને તથા રાતના ઉજાગરો કરીને પણ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે શિવવા ગુંથવાનો ઘણો શ્રમ કરવા લાગી. "ઔષધોપચારનો અને પોષણાદિનો ખર્ચ શી રીતે ચાલે છે?" એવો પ્રશ્ન લજ્જાશંકરે કદી પણ તેની ભાર્યાને પૂછ્યો નહીં. એમ પૂછવા જેટલી તેનામાં શુદ્ધિ કે કાળજી જ ક્યાં રહેવા પામી હતી? હવે તો તેણે સર્વ પ્રકારની કાળજી જ તજી દીધી હતી, કાળજી નહીં, પણ કહો કે એક પ્રકારની ભ્રમણા માત્ર તેને લાગી હતી. તે એ હતી કે,–"હું નક્કી હવે મરી જઈશ. પાછળથી મારી સ્ત્રીની બૂરી દશા થશે; પરંતુ થવાનું તે થાય, તેમાં હું પણ શું કરૂં?" એમ વારમવાર પોતાના મનમાં અને ક્યારેક તો મોટે મોટેથી પણ બોલતો હતો. આવી સ્થિતિમાં કેટલાક દિવસ ગયા પછી એક દિવસે એક વિલક્ષણ પ્રકાર બન્યો. લજ્જાશંકર બિછાનાપર સૂતેલો હતો, અને તેના પગ નજીક બેસીને વિજયાગવરી

એક મખમલની ટોપીની પટીપર રેશમનાં ફુલો ભરતી હતી. તે જે વેળાએ પ્રથમ પથારી કને આવીને બેઠી તે વેળાએ લજ્જાશંકરની આંખો મીંચાયલી હોવાથી, તેને નિદ્રાધિન સમજી વિજયાગવરીએ પોતાનું લક્ષ તે ફુલો ભરવામાં જ પરોવ્યું હતું. તે ફુલો ભરવાનું કામ પૂરૂં થવાથી વિજયાગવરીને મેહેનતાણાનો એક રૂપિયો મળવાનો હતો. અર્ધુંકામ પૂરૂં થયું તેવામાં લજ્જાશંકર જાગ્રત થઇને વિજયાગવરી તરફ જોવા લાગ્યો. તે કેવળ અબોલ રહીનેજ તેના તરફ જોયા કરતો હતો. આ વેળાએ તેનું ચિત્ત કેવળ વિજયાગવરીમાં જ એક સરખું લાગી રહ્યું. વિજયાગવરીની આ વેળાની ઘણી મોહક પણ અતિ ઉદાસ મુખમુદ્રાએ આ વેળાએ લજ્જાશંકરના ચિત્તનું એકદમ આકર્ષણ કરી લીધા છતાં, વિલક્ષણ વાત તો એ બની કે વિજયાગવરીના સમજવામાં તે વાત બિલકુલ આવવા પામી નહીં. પોતાની પ્રિય પત્નીની મોહક અને ઉદાસ મુખમુદ્રા

એક સરખી નિહાળવાથી તેના મનમાં,–"હાય હાય, થોડાજ દિવસમાં આ કોમલાંગીની દુર્દશા થશે! હવે એને કેનવાસ, ઉન અને રેશમ કોણ લાવી આપશે? હવે તેના મમતાથી લાડ કોડ કોણ પૂરા કરશે? ઇચ્છા થતાંવાર તુરતજ જોઈએ તે વસ્તુ હવે તેને પ્રેમથી કોણ લાવી આપસે? અરેરે! મારી પાછળ તે કેવળ નિરાધાર બનીને આખા જગતની તેને ઓશિયાળી થવું પડશે ખરૂં? પણ જ્યારે જીવવાનો ઉપાય મારા હાથમાં નથી; ત્યારે હું શું કરૂં? થવાનું તે થાયજ!" એવા વિચારો ઉપજવા લાગ્યા. થોડીવાર કાંઈક મનમાં જ બરબડીને પુનઃ "જ્યારે જીવવાનો ઉપાય મારા હાથમાં નથી, ત્યારે હું શું કરૂં? થવાનું તે થાયજ?" એ વાકય તેનાથી મ્હોટેથી બોલી જવાયું. "નાથ, આ તમે શું બોલો છો? તમારો વાળ પણ વાંકો થનાર નથી. પરમાત્મા ઘણો દયાળુ છે. તેનું સ્મરણ કરો. થવાનું કાંઈ નથી. સારૂંજ થશે." હાથમાંનું

કામ પડતું મૂકી એટલું બોલી વિજયાગવરી આપડી ગળગળી થઈ રહી. લજ્જાશંકરે થો-ડીવાર મૌન્ય ધારણ કરી વળી એકદમ તેના મનમાં કાંઈ આવવાથી વિજયાગવરી પ્રત્યે કહ્યું,–"તને કાંઇ દિવસો રહ્યા છે કે?" આવો અચાનક વિલક્ષણ પ્રશ્ન પૂછવાથી પ્રથમ તો તેને લાગ્યું કે,–"કદાચ બેભાન થવાથી ગમે તેમ તેમનાથી બોલી જવાયું હશે;" પરંતુ જ્યારે છેક નજીક આવીને તેણે તેને બરાબર તપાસ્યો ત્યારે,–"તેઓ શુદ્ધિપરજ છે," એવી તેની ખાત્રી થઈ, માત્ર પોતાનો પતિ પોતાના પ્રત્યે એક સરખો ટગરટગર જોયાજ કરે છે, એમ તેને જણાયું. તેણે પોતાના સ્વામિના મ્હોંપર હાથ ફેરવ્યો અને આંખમાંથી આંસુ નિંગાળ્યાં. લજ્જાશંકરે એજ પ્રશ્ન ફરીથી પૂ-છયો અને તેથી,–"કેમ વારૂ? એમ શા માટે પૂછો છો?" એ શિવાય વિજયાગવરીથી વધારે બોલી શકાયું નહીં. ત્રીજીવાર પણ લજ્જાશં-કરે એજ પ્રશ્ન પૂછીને ઉત્તર આપવા માટે

આગ્રહ કર્યો, ત્યારે વિજયાગવરીથી ઉત્તર આપ્યા વિના છૂટકો થયો નહીં. "ખાત્રીથી હું કાંઈ કહી શકતી નથી; પરંતુ છઠ્ઠા દહાડા પરની બીજ પાળી પણ એમને એમ ગઈ છે, તેથી કોણ જાણે કદાચ કાંઈ હોય તો!" એટલું બોલતાં બોલતાં તો વિજયાગવરીને ભોંય ભારે થઈ પડી! વિજયાગવરીનું બોલવું પૂરૂં થતાં વાર લજ્જાશંકરે,–"એ તો મેં ધાર્યું હતું જ! થવાનું ને થાયજ!" એટલું કહીને ઉપરા ઉપરી નિશ્વાસો નાખવા માંડ્યા. અત્યાર સુધી તેણે દાબી રાખેલું દુઃખ હવે તેના હૃદયમાં ઉછળીને બહાર નિકળવાનો યત્ન કરવા લાગ્યું. "અરેરે, મારી પાછળ આવી હાલતમાં તારૂં શું થશે? કૃષ્ણુશંકરની સ્ત્રી સરખીજ અવસ્થા તો!! હવે ઈલાજ શો? થવાનું તે થાયજ–રે પ્રભુ!!" એટલું બોલી વિજયાગવરીને કોટે વળગી તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

પ્રકરણ આઠમું.

—:૦:—

શંકાથી સંકટ.

જ્યારે તેના પતિએ વિલક્ષણ પ્રકારનો પ્રશ્ન કરી, તેની કોટે વળગીને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યું, ત્યારે એ પતિપ્રેમાસક્તા વિજયાગવરીના મનની કેવી સ્થિતિ થઈ હશે, તે વિષેની કલ્પના કરવાની શક્તિ આ વાર્તાના લેખકમાં પણ રહેવા પામી નહીં! તેના અંતઃકરણમાં પ્રવેશ કરીને તેના વાસ્તવિક સ્વરૂપને જાણવાનો યત્ન કરવામાં આ વાર્તાના લેખકે તો કશી મણા રાખી નહીં; પણ તેનો તે યત્ન કેવળ વ્યર્થ ગયો! એવું અંતર્યામિપણું તેનામાં હોય જ શાનું? નિરૂપાયે આ વાર્તાના લેખકથી કહ્યા વિના ચાલતું નથી કે,—"જે સ્વરૂપ મારા પોતાના સમજવામાં આવી શકતું નથી, જેના અતિ અકળાયલાં—ગુંચવાયલાં અંતઃકરણના

પારને પામવાની મારામાં શક્તિ નથી, તેની તે વેળાની સ્થિતિનું વર્ણન હું શી રીતે કરી શકું ? આ વેળાએ જો પ્રત્યક્ષ બ્રહ્મદેવ આવીને ઉભો રહ્યો હોત તો હું ખાત્રીથી કહું છું કે તે પણ તેની સ્થિતિનું યથાર્થ વર્ણન કરી શકત નહી; કારણ કે વર્ણન કરવામાં રોકાવા કરતાં દયાથી તેનું દિલડું દ્રવવાથી ને તેને સહાયતા કરવામાં જ રોકાઈ જાત !" ચિંતાથી સૂકાયલા અને દુઃખથી દુણાયલા પોતાના પતિનું આ વેળાનું વર્તન નિહાળી કેવળ ભયભિત થઇ રહેલી વિજયાગવરીનું અંતઃકરણ ચીરાઇ જવા લાગ્યું. તેની આંખોનું નીર ખૂટી ગયું. તેના મુખમાંનું અમી સૂકાઈ ગયું. તેનો કંઠ દબાઈ ગયો, તેનું ઉર થડકવા લાગ્યું. તેના આશાપૂર્ણ હૃદયમાં,–"આ મંદવાડમાંજ મારા પતિનો અંત આવશે !" એમ કદી પણ આવ્યું નહોતું. આજ નહીં તો બે દહાડાપછી, બે દહાડાપછી નહીં તો અઠવાડિયા પછી લજ્જાશંક-

રને આરામ થશે, એવી તેને ખાત્રી હતી. પરંતુ લજ્જાશંકરે જે ભયંકર ઉદ્ગાર કહાડીને રડવાની શરૂઆત કરી, તે ભયંકર ઉદ્ગારથીજ તેની આશાનો સમૂળગો નાશ થઈ ગયો. તે બિચારી કમરમાંથી જ લચી પડી. તેનામાંનું ધૈર્ય એકાએક જતું રહ્યું. પોતાની કોટે વળગીને રૂદન કરનાર પોતાના પ્રાણનાથને પોતે વળગી પડીને વિજયાગવરી પણ કાળું કલ્પાંત કરવા લાગી. થોડી વાર પછી તે પોતાના સ્વામિથી છૂટી પડી, અને તેની સામે બેસીને રૂદનથી થાકીને લોથ થઈ પડેલા પોતાના પતિ પ્રત્યે ઘેલી સરખી ટગર ટગર જોવા લાગી. આ વેળાએ લજ્જાશંકર પોતાની આંખો મીંચી ગયો હતો. અતિશય રૂદનના પરિણામે તેને ગ્લાનિની નિદ્રા આવી હતી. પોતાના પતિ પ્રત્યે એક સરખી મીટ માંડીને જોતાં જોતાં તો વિજયાગવરી કેવળ સ્તબ્ધ—કાષ્ટની કે ધાતુની પૂતળી સરખી બની

ગઇ. અત્યંત ભયંકર અને અત્યત દુઃખદાયક એવા ચિત્રથી જેનું મન અપ્રતિમ રીતિએ પૂર્ણપણે આકર્ષિત થાય છે, તેવા અત્યંત તટસ્થ પ્રેક્ષકના સરખી જ વિજયાગવરીની આ વેળાએ સ્થિતિ થઈ પડી. તેનાં ચક્ષુ સમિપ કયું ભયંકર અને દુઃખદાયક ચિત્ર હતું, તે સહૃદય વાચકો ક્યારનાએ સમજી ચૂકેલા હોવાથી તે સંબંધે વિશેષ કહેવા સરખું રહેતું નથી. પતિનું મૃત્યુ થવાથી નિરાધાર સ્ત્રીઓને જે દુઃખાયતના ભોગવવી પડે છે તે સર્વ મૂતિમાન બનીને તેની દૃષ્ટિ સમિપ દેખાવા લાગી, અને એ દુઃખયાયતના નજરે દેખાવા માંડ્યા પછી તે તટસ્થ બની જાય તેમાં જેટલું આપણને આશ્ચર્ય ઉપજતું નથી, તે કરતાં અધિક દયા ઉપજીને આપણું હૃદય દ્રવ્યાવિના રહેતુ નથી. અદ્યાપિપર્યંત તેના મનની આવા પ્રકારની સ્થિતિ કદીપણ થવા પામી નહોતી. અદ્યાપિ પર્યંત આવા પ્રકારનો ખ્યાલ

પણ તેના મનમાં ઉપજવા પામ્યો નહોતો. “ પતિ આજારી થઈ પડ્યા, આપણે નિર્ધન છીએ, ઔષધોપચાર તથા તેમની ઘટતી સારવાર કરવામાં જોઇતું દ્રવ્ય કયાંથી કહાડીશું ? ” એવા પ્રકારની ચિંતાએ જો કે તેને ઘેરી લીધી હતી, તોપણ અદ્યાપિપર્યંત તેના મનમાં કદીપણ અશુભ વિચારો ઉપજવા પામ્યા નહોતા. પતિ મરણ પામ્યા પછી નિરાધાર સ્ત્રીને જે નાના પ્રકારની દુઃખયાતના ભોગવવી પડે છે, તે દુઃખયાતનાની કલ્પના કરીને તેને હૃદયમાં ધારણ કર્યા પછી તે દુઃખયાતનાનું મૂર્તિમાન ચિત્ર વિજયાગવરીના ચક્ષુ સમિપ ખડું થયું, અને તે ભયંકર દેખાવ નિહાળતાં નિહાળતાં, પોતાની આવેલી સુવાવડ, જન્મેલું બાળક અને ત્યાર પછી પોતાના થયેલા હાલ હવાલનો જ્યારે તેને ખ્યાલ આવ્યો અને એ ખ્યાલ વડે જ્યારે તેવા પ્રકારનો ભયંકર દેખાવ તેની નજર સા-

મે ઉભો રહ્યો, ત્યારે તેનાં ચક્ષુઓમાંથી ખૂટી ગયેલું નીર એકદમ કોણ જાણે કયાંથી એ આ-વીને એટલુંબધું તો વેહેવા લાગ્યું કે ન ભૂતો ન ભવિષ્યતિ ! તે છાતીફાટ રૂદન કરવા લાગી. "મારો આજારી પતિ અહીં નજીકજ છે." એ વાત તેના લક્ષમાં રહેવા પામી નહીં; પણ એટલું ઠીક થયું કે અદ્યાપિ પર્યંત લજ્જાશંકર જાગ્રતાવસ્થાને પામ્યો નહોતો. ઘણો વખત સુધી રૂદન કર્યા પછી વિજયાગવરી જરા શુદ્ધિ પર આ-વીને, તે પોતાના પતિનાકેવળ ફીક્કા પણ શાંત જણાતા ચેહેરા તરફ લક્ષ લગાડીને જોવા લાગી. કેટલોક વખત એ રીતે જોયા પછી તે એકદમ ઘેલી સરખી બડબડવા માંડી,–" હું પણ કેવી મૂર્ખછું ? શું ભવાની માને મેં માનતા કરેલી ફોકટ જશે ? શું મેં બાધા રાખેલી વ્યર્થ જશે ? કદીપણ નહીં, મને વિશ્વાસ છે. મારી પક્કી ખાત્રી છે કે મારા પતિ જરૂર આ મંદવાડ-માંથી સાજા થશે." એટલું બોલીને તે જરા

બોલી. પુનઃ પોતાના પતિના ચેહેરા તરફ ધારી ધારીને જોવા લાગી, અને છેક તેના કાન નજીક મ્હોં રાખીને બોલી,–'ભવાનીમાએ મને સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું છે કે આપ જરૂર સાજા થશો. શું ભવાનીમાનું વચન ખોટું પડશે ? ચિંતા ન રાખો. મને પૂરો ભરોંસો છે કે આપ જરૂર થોડા વખતમાં જ સાજા થશો." તેનું આવા પ્રકારનું છેક કાન નજીક બોલવું થવાથી લજ્જાશંકર જાગી ગયો, અને તુરતજ પોતાની ભાર્યા પ્રત્યે જોવા લાગ્યો. પોતાનો પતિ પોતાના તરફ જુએ છે, એમ જાણીને તે ખડખડ હસવા લાગી, અને વળી "આપ જરૂર સાજા થશો ! ભવાનીમાની મેં માનતા કરી છે અને બે ચાર વસ્તુની બાધા પણ રાખી છે. દયાળુ ભવાનીમા કદી પણ મારૂં અશુભ થવા દેશે નહીં. આપ કશી પણ ચિંતા ન કરશો." એમ બ્રમિષ્ટની પેઠે બોલી. જરાવારમાં ઘેલી સરખી ખડખડ હસવા લાગે

અને જરાવારમાં શુદ્ધિપર આવે. વળી તેને એમ પણ લાગે કે,–"હું આમ કેમ છેક ભ્રમિષ્ટ સરખી બની ગઈ છું?" પણ પોતાને ભ્રાંતિ થઈછે, તે વાત તેના લક્ષમાં આવી શકે નહીં. થોડીવાર પછી તે સ્તબ્ધ બેસી રહીને શુદ્ધિપર આવી, અને પોતાના પતિને પૂછવા લાગી,– "કેમ વારૂ આજ આપને આટલું બધું માઠું લાગ્યું?" લજ્જાશંકરે તેનો કશો પણ ઉત્તર આપ્યો નહીં. વિજયાગવરીએ વળી,–"શું ત્યારે મારી સાથે બોલશોજ નહીં કે?" એમ પૂછ્યું. આજ લજ્જાશંકરનું મન બહુજ ચમત્કારિક બની રહ્યું હતું. પોતાની સ્ત્રીનો તે પ્રશ્ન સાંભળ્યા પછી તો તે અત્યંત વિકળ હૃદયનો થઈ રહ્યો. "મારા મનની સર્વ હકીકત તેને આજ કહી સંભળાવું તો ઠીક. હવે તેનાથી છૂપાવીને તે ક્યાં સુધી રાખું?" એવો તેને વિચાર ઉપજ્યો. આ વેળાએ,–"શું ત્યારે હવે આપ મારી સાથે બોલશોજ નહીં કે?" એવો ફરી વિજયાગવ-

રીએ પ્રશ્ન પૂછ્યો. લજ્જાશંકરે ઈશારતથી તેને છેક નજીક આવવાનું કહ્યું અને તે નજીક આવી કે તુરત તેની કોટે વળગીને,–" હવે હું શું બોલું ? " એમ કહી પુનઃ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. વિજયાગવરી પાછી ભ્રમિષ્ટ સરખી બની ગઈ. " ભવાનીમાની મેં માનતા માની છે તથા બાધા રાખી છે. જરૂર તે આપને સાજા કરશે. " એમ તેણે વારમવાર બોલવા માંડ્યું. વળી તે શુદ્ધિપર આવીને " અરેરે શું આપ મારી સાથે કશું બોલશો જ નહીં કે ? " એવો તેણે પ્રશ્ન કર્યો. લજ્જાશંકરે તૂટક તૂટક પણ આજ સુધીની સર્વ હકીકત તેને વિવેદન કરી. તેનું બોલવું પૂરૂં થયા પછી વિજયાગવરી થોડો વખત સ્તબ્ધ બેસી રહી, અને પછી એકદમ ઉઠીને પોતાની પેટીમાંથી મોતનમાલા કહાડી લઈ આવીને, તેણે પોતાના પતિના હાથમાં આપી. હાથમાં આપતાં તેણે કહ્યું,–"આ મોતનમાલા ખરી નથી પણ ખોટી છે. ન ઓળખી શકાય

એવી સરસ તે રતનબાઇએ ખત રાખીને કાતરી આપી છે. આપણા પેલા ત્રણસો રૂપિયા જેમના તેમ રતનબાઈ કનેજ સાબુત પડ્યા રહ્યા છે. આપ આટલાબધા આભારી થઈ પડ્યા; પણ તેમાંથી મેં એક પાઈ સરખી વાપરી નથી. રતનબાઇએ એકવાર આપનો એક મહિનાનો પગાર મોકલાવ્યો હતો, બીજીવાર તેમણે પોતાની પદરના પચાસ રૂપિયા આપ્યા હતા અને ત્યાર પછી તો હું એક દુકાનદારનાં ટોપી, ઝબલાં શિવીને કે મોજાં ગલપટાગુંથી આપીનેતેનીમજુરીમાંથીનિર્વાહચલાવું છું.” આ હકીકત સાંભળતાં વાર લજ્જાશંકર કેવળ ચકિત થઈ ગયો. તેણે તે મોતનમાલા પ્રથમ જોઈ હતી, અને તે વેળાએ તેને જેમ તે ખોટી લાગી નહોતી, તેમ “તે ખોટી છે” એમ વિજયાગવરીએ પણ તેને કહ્યું નહોતું. પોતાના હાથમાં અનેકવાર મોતીના સાચા ખોટા દાગીના આવી ગયેલા છતાં અને પોતાનું ઝવેરીઓને ત્યાં શેઠજીના કામે વારમ-

વાર જતું આવવું થવાથી ખરાખોટાની તેને થોડી ઘણી પરીક્ષા હોવા છતાં,–" આ મોતન-માલા ખોટીજ છે," એવી તેની ખાત્રી ન થવાથી તે બહુજ વિસ્મય પામ્યો. તેણે અ-ત્યારે તે મોતનમાલા બહુ બારીકીથી તપાસવા માંડી; પણ જ્યારે,–" તે ખરીજ છે," એમ તેને લાગ્યું, ત્યારે તો તે એકવાર મોતનમાલા તરફ અને બીજીવાર પોતાની સ્ત્રીના મ્હોં તરફ, એમ વારમવાર જોવા લાગ્યો. કેટલોક વખત સુધી એમ કર્યા પછી તે બોલ્યો,–" તું આ શું બોલે છે? શું તું આ મોતનમાલાને ખોટી કહે છે?" આ પ્રશ્ન પૂછતાં લજ્જાશંકરની મુખ મુદ્રા એવી તો વિલક્ષણ પ્રકારની થઈ અને તેના ગળામાંથી એવો તો ભયંકર અવાજ નિકળ્યો કે તે જોતાં તથા સાંભળતાંવાર વિ-જયાગવરીનું મન લાગલુંજ અસ્વસ્થ બની ગયા વિના રહ્યું નહીં. " હા, હા, તે ખોટીજ છે. મારે આપની કને શા માટે ખોટું બોલવું જોઇએ? આપના કરતાં મને કોણ અધિક વ્હાલું છે?

આપને હું ખોટું બોલીને શા માટે છેતરૂં ?" એમ બોલીને તે સ્તબ્ધ થઈ રહી. લજ્જાશંકરે પણ તે મોતનમાલા,–"લે એને મૂકી દે," એમ કહી તેના પર ફેંકી, અને એ પછી પિછોડીથી મ્હોં ઢાંકીને મુંગે મ્હોંડે પડી રહ્યો. વિજયાગવરીએ,–" નાથ આમ શા માટે કરો છો ? કેમ અબોલ થઇ રહ્યા છો ? આપના મનમાં શું આવ્યું છે?" એમ પૂછ્યું; પણ,–"કાંઈ નહીં," એટલોજ માત્ર તેને લજ્જાશંકર તરફથી ઉત્તર મળ્યો, અને તેમ થયા પછી આવી હાલતમાં ફરી ફરી પ્રશ્ન પૂછીને તેને વધારે ત્રાસ આપવો વિજયાગવરીને યોગ્ય લાગ્યો નહીં.

મનુષ્યનું મન એકવાર શંકાશીલ બન્યું એટલે પછી તેના મનમાં સારા વિચારો ઉત્પન્ન જ થવા પામતા નથી. ન્હાનાં બાળકોની રમતમાંની સંતતિ જેમ કેવળ કાલ્પનિક હોય છે, તેમ શંકાશીલ બનેલા માણસની વિચાર સંતતિ પણ કેવળ કાલ્પનિક–ખરેખર ખોટી જ હોયછે. લજ્જાશંકર શંકાશીલ બન્યો હતો. શં-

કાથી જ તેને આટલું સંકટ પ્રાપ્ત થયું હતું. શંકાથી જ તેણે માઠી માઠી કલ્પનાઓ કરીને અને અભદ્ર–અમંગલ વિચારો બાંધીને વિના પ્રયોજનનું દુઃખ ઉપજાવી કહાડયું હતું. શંકાથી જ ઉપજાવી કહાડેલા દુઃખથી અત્યારે તે આજારી બનીને બિછાનાપર પડયો હતો. શંકાથી જ,–"હવે હું નક્કી મરણ પામીશ અને તેથી મારી સ્ત્રીની પાછળથી બહુ બૂરી દશા થશે!" એમ ધારીને તે શોકાતુર બની રહ્યો હતો. શંકાથી જ,–"થવાનું તે થાય જ!" એમ માનીને જીવવાની આશા તજીને તે પોતે દુઃખી થઈ પોતાની તે સાધ્વી–પ્રેમી સ્ત્રીને દુઃખી કરતો હતો. લજ્જાશંકરના હૃદયમાં સ્થાન મળ્યા પછી તો એ ઘાતકી શંકાએ તો તેના અને તેની સ્ત્રીના સુખનું નિકંદન કરી નાંખ્યું હતું. જે વિજયાગવરી પોતાને માટે તેનો પ્રાણ કહાડી આપતી હતી—વખતો-વખત પોતાને માટે ઓછી ઓછી થઈ જતી હતી, અને જે વિજયાગવરીને માટે પોતે કા-

લોભેલો બની જતો હતો, તેજ પોતાની પ્રાણાધિકપ્રિય વિજયાગવરીના વિષે લજ્જાશંકરના મનમાં શંખણી શંકાએ પોતાનું રાજ્ય બનાવ્યા પછી બહુ બૂરા વિચારો ઉપજવા લાગ્યા. "મોતનમાલા ખોટી નથી પણ ખરી છે અને તેમ છતાં તે જાણી જોઇને જુઠું બોલેછે. મોતનમાલા ખરી નહોત તો રતનશેઠાણી કને ત્રણસો રૂપિયા રહેવા દેવાનું શું કારણ હતું? મોતનમાલા ખોટી હોત અને રતનશેઠાણી કને ત્રણસો રૂપિયા અનામત રહ્યા હોત, તો તેણે પચાસ રૂપિયા પદરના આપવાનું અને તેણે લેવાનું શું પ્રયોજન હતું? છતે રૂપિયે તેણે બીજા કને શા માટે ભીખ માગવી જોઇએ? ટોપી, ઝબલાં શિવીને અને મોઝાં, ગલપટા ગુંથાને તેને છતે અવેજે પૈસા મેળવવાની શી જરૂર હતી? મોતનમાલા ખોટી હોવાની મારી તો ખાત્રી થતી નથી. જરૂર તે ખરી જ છે અને તેમ છતાં તે ખોટું બોલીને મને છેતરેછે. મારા ધારવા પ્રમાણે જો તે ખરી હોય

તો કાંઈ ત્રણુસો રૂપિયામાં એવી સરસ મોતનમાલા બની જ શકે નહીં. મને લાગે છે કે કુમાર્ગે પ્રવૃત્ત થઈ તેણે છૂપી રીતે મેળવેલા ધનને પેલા ત્રણુસોના અવેજ સાથે મેળવ્યું હશે અને તેમ કરીને આવી ભારે મોતનમાલા ખરીદ કરી હશે. રતનશેઠાણી ક્યાં એવી પનોતા પગલાની છે કે આવી વાત છાની ન રાખે!" આવા પ્રકારનું તેનું શંકાશીલ–દુષિત મન તેને કહેવા લાગ્યું. જેમ જેમ તે વિચાર કરવા લાગ્યો, તેમ તેમ તેના શંકાશીલ હૃદયે અવળો જ અભિપ્રાય ગ્રહણ કરવા માંડ્યો. "હું આટલો બધો આજારી છતાં જ્યારે તે ટોપી ઝબલાં શિવવા કે ગળપટા મોજા ગુંથવામાં મંડી રહેછે, ત્યારે તેને મારી બિલકુલ કાળજીજ નથી એમ સિદ્ધ થાયછે," એમ તેને લાગવા માંડ્યું. શિવ! શિવ! જે બિચારી પોતાના પતિના દુઃખે અતિશય દુઃખી થાયછે, પતિના મંદવાડથી જે બિચારી કેવળ મરવા પડીછે અને પતિની સારવાર કરવામાં અડચણ ન આવે,

એટલા માટે જે બિચારી અતિશય શ્રમ કરીને કાળજીથી થોડું ઘણું દ્રવ્ય ઉપાર્જન કરેછે, તે સાધ્વી વિજયાગવરીના વિષે પ્રેમળ લજ્જાશંકરના મનમાં આવા ભયંકર અને દુષ્ટ વિચારો શું ઉપજવા જોઇએ? ઉપજવા તો નહીં જોઇએ; પણ ઘાતકી શંકાએ તેના હૃદયને કેવળ કૃતઘ્ની બનાવી મૂક્યું હતું એટલે તેનો પણ ઇલાજ શો? જો આ વેળાના તેના મનમાં ચાલી રહેલા વિચારો, જોડમાં જ અત્યંત દુઃખિત બનીને પતિની મમતાથી કાળજી કરનારી વિજયાગવરીના સમજવામાં આવ્યા હોત તો તે બાપડીની કેવી દશા થાત?

લજ્જાશંકરના હૃદયમાં દુષ્ટ શંકાએ પોતાનું સામ્રાજ્ય સ્થાપન કર્યા પછી વિજયાગવરીની પ્રત્યેક કૃતિ તેને વિષ તુલ્ય ભાસવા લાગી. "પોતાના પતિના મનને આરામ થવા માટે પ્રસન્ન મુદ્રા રાખવી કિંવા હસવું એ કાંઈ ખોટું નથી; કારણ કે દરદીને આનંદ એ મોટામાં મોટું ઔષધ છે," એમ

સમજી વિજયાગવરી હસતી, તો તુરત,–" હું આટલોબધો આજારી છતાં તેના મનને કશું લાગતું જ નથી. જો લાગતું હોય તો તે હસે જ શાની? આનંદમાં રહે જ શાની?" એવો વિચાર તે કરવા લાગતો હતો. વિજયાગવરી પીવા માટે ઔષધ લાવતી તો તે ચિડાઇને ખાળમાં ઢોળી દેતો હતો અને તેમ કરીને વળી મનમાં કાંઈ બડબડતો હતો. તે કાંઈ પૂછતી તો તેને ઘટતો ઉત્તર આપવાનું પણ તેને ગમતું નહોતું. જે લજ્જાશંકરના હૃદયમાં થોડા દિવસની પેહેલાં પોતાના ઔષધોપચારનો ખર્ચ શી રીતે કરવામાં આવે છે? એવો પ્રશ્ન પણ ઉદ્ભવ્યો નહોતો, તેજ લજ્જાશંકરને અત્યારે એમ લાગવા માંડયું કે,–"એ તો કુમાર્ગે મેળવેલા પૈસા માત્ર લોકલજ્જાએ જ બહુ કરકસરથી મારે માટે ખર્ચે છે બાકી તેને મારી કશી કાળજી જ નથી." વિજયાગવરી જમવાના સંબંધમાં અનેકવાર મમતા ભરેલા પ્રશ્નો પૂછે તો તે,–"ના, ના" કહેતો

હતો અને તેથી જો ફરીને પૂછવાનો કે આગ્રહ કરવાનો યત્ન તે ન કરે તો લાગલો જ તે "તેને મારી શી ગરજ છે કે હવે તે આગ્રહ કરીને મને જમાડે!" એમ મનમાં જ બોલતો હતો. આવી સ્થિતિમાં પાંચેક દિવસ ગુજરી ગયા. પેહેલાં એક બે દિવસ તો,—"અતિશય આજારી થવાથી અને અતિશય અશક્તિ આવવાથી તેઓને બહુ ત્રાસ ઉપજ્યો છે અને તેથીજ આમ ચિડાયલા રહેતા હશે." એમ વિજયાગવરીને લાગ્યું; પરંતુ એ પછીના દિવસોમાં પણ એવો જ ક્રમ ચાલેલો જ્યારે તેના અનુભવવામાં આવ્યો, ત્યારે બોલ્યાવિના તેનાથી રહી શકાયું નહીં. "પ્રાણનાથના મનમાં મારા વિષે કાંઈ ખોટા વિચારો આવવા જોઇએ; એમ ન હોય તો તેઓ આવી રીતે વર્તે જ નહીં." એમ તેને લાગ્યું. ઔષધ ખાળમાં નાંખી દેવું, સીધો ઉત્તર ન આપવો, અને,—" મારી પાછળ તારૂં શું થશે?" એમ ચિંતાતુર બનીને ન પૂછવું—ઇત્યાદિ પ્રકારોથી

વિજયાગવરીના મનની ખાત્રી થઈ કે,— " મારા સ્વામીને મારા વિષે કાંઇ શંકા આવેલી છે." થોડો વિશેષ વિચાર કરતાં, ક્યારથી પોતાના પતિને પોતાના સંબંધમાં શંકા ઉપજી છે, તે વિષેનું પણ તે અનુમાન કરી શકી; પરંતુ શંકા ઉપજવાનું શું કારણ બન્યું હશે, તે વિષેનો ઘણો ઘણો વિચાર કર્યા છતાં તેનો નિર્ણય તે કરી શકી નહીં. ભોળા, ભલા અને નિષ્કપટી મનુષ્યને આવે પ્રસંગે જે વિચારો ઉપજે છે, તેજ વિચારો અત્યારે વિજયાગવરીને ઉપજ્યા. "હું પોતે પૂછું તે કરતાં તેઓ મને સ્પષ્ટપણે કહે, ત્યારે જ તેમના મનની શંકા દૂર કરી નાખવી ઠીક પડશે." એમ તેને લાગ્યું; પરંતુ તુરત જ તેનો તે વિચાર એકદમ વળી પાછો ફરી ગયો,—"બસ શડચું ત્યારથી જ કાપી નાંખવામાં સારછે, વધારે વખત તેમને શંકાશીલ રહેવા દેવા એ સુખકાર કે હિતકારક વાત નથી." એવા વિચારથી તે ઉઠીને છેક લજ્જાશંકરની નજીક ગઈ, અને કરગરીને

કહેવા લાગી,–"આપ આજ પાંચ સાત દિવસથી કેમ મારી સાથે બરોબર બોલતા નથી? કહોને આપના મનમાં શું આવ્યું છે? ઔષધ પણ કેમ લેતા નથી? આધારરૂપ અન્નનો પણ આપ કેમ તિરસ્કાર કરવા લાગ્યા છો? કહોને મારા વિષે આપના મનમાં શું આવ્યું છે?" લજ્જાશંકરે તો મુંગા મુંગા તેના તરફ જોયાં જ કર્યું. પોતાના પતિના તરફથી કશો ઉત્તર નહીં મળવાથી વિજયાગવરીએ,–" તમે જો ખુલાસો નહીં કરો તો હું અન્નપાણી તજી દઈશ! હું ધારૂં છું કે આપને મારા સંબંધમાં કાંઈ શંકા ઉપજી છે અને તેથી જ આવું વર્ત્તન આદરીને મનમાંને મનમાં વધારે ને વધારે દુઃખી થયા કરો છો. આવા મંદવાડમાં આમ કરવું શું ઘટિતછે?" એટલું ભાર મૂકીને કહ્યું તો ખરૂં; પણ તુરત તેનાથી રડી જવાયું. એ પછી લજ્જાશંકર બોલી ઉઠ્યા,–"એ મોહનમાલા તું ખોટી કહે છે, પણ હું કહુંછું કે તે કેવળ ખરી છે. એ ત્રણસો રૂપિયા કરતાં પણ વધારે

કિંમતની છે, તો તે વધારાના રૂપિયા તથા હું આજારી પડ્યા પછી જે ખર્ચ કરવામાં આવે છે—તે સર્વ કઈ કમાઈમાંથી ? એ સર્વ પૈસા તું કયાંથી લાવી ? મને તો એમાં કાંઈ ઠીક આચરણ લાગતું નથી." આવાં વચનો સાંભળતાં વાર વિજયાગવરીના મનની સ્થિતિ અતિશય વિલક્ષણ પ્રકારની થઈ રહી. થોડી વાર સુધી તો તે અબોલ જ રહી; પણ પછી એકદમ,—" પ્રાણનાથ, આપના મનમાં મારા વિષે આવી શંકા આવશે, એમ મને કદીપણ લાગ્યું નહોતું: પણ જ્યારે આપના હૃદયમાં ન ઉપજવી જોઇએ તેવી શંકા ઉપજી છે, ત્યારે આપની તે શંકા દૂર થતાં સુધી મારે અન્ન પાણી આરોગવાં હરામ છે! શંકાથી જ આપ અને હું આટલાંબધાં સંકટમાં આવી પડ્યાં છીએ. કહ્યું છે કે,—" શંકા એજ સંકટ ! " એ કાંઈ ખોટું નથી. " એટલું કહીને તે ઘરમાંથી બહાર ચાલી ગઈ.

પ્રકરણ નવમું.

—:o:—

ખોટી નહીં પણ ખરા !

વિજયાગવરી ઘરમાંથી બહાર નિકળીને એકદમ રતનશેઠાણીને ઘેર ગઇ. ત્યાં જઇને તેમના પ્રત્યે બોલી,—" ગાડી જોડાવીને હમણા ને હમણા મારી સાથે મારે ઘેર પધારવાની કૃપા કરો. " ખરા બપોરનો આ સમય હતો. રતનબાઇને તેના આવા પ્રકારના બોલવાથી ભય ઉપજ્યો. " એવું કાંઇ અગત્યનું કામ હોય તો હું આવવાને તૈયાર છું, પણ—" "પણ આપને હમણાજ પધાર્યા વિના છૂટકો નથી." રતનબાઇને બોલતી અટકાવીને વિજયાગવરીએ કહેવા માંડ્યું,—" શા કામ માટે હું આપને મારે ત્યાં લઈ જાઊંછું, તે હું આપને રસ્તામાં કહી સંભળાવીશ; પણ આપ એકદમ ગાડી જોડાવો. " આ વેળાની વિજયાગવરીની ચર્યા

વગેરે જોતાં,–"કાંઈ વિલક્ષણ પ્રકાર બનેલો હોવો જોઇએ," એવું રતનબાઇએ અનુમાન કર્યું તેણે ગાડીવાનને ત્વરાથી ગાડી જોડવાની આજ્ઞા કરી. ગાડી જોડાઇને તૈયાર થઈ કે તુરત તેઓ બન્નેએ તેમાં બેઠક લીધી અને તુરત તે ગાડી વિજયાગવરીના ઘર તરફ ચાલવા લાગી. ગાડી ચાલતી થયા પછી વિજયાગવરીએ રતનબાઇને એટલુંજ કહી સંભળાવ્યું કે,—"મોતનમાલા ખરી નથી; પણ ખોટી છે, એમ મેં મારા પતિને કહ્યું; પરંતુ તેઓ તે વાત માનતા નથી. તેઓ તો કહે છે કે—'મોતનમાલા ખરી જ છે અને તું જૂઠું બોલે છે.' આ ઉપરથી એમના મનની ભ્રાંતિ આપના આવવાથી જ દૂર થશે, એમ સમજી હું આપને બોલાવવા આવી અને આપને મારે ત્યાં પધારવાની મેં તસ્દી આપી." આવા પ્રકારનો ખુલાસો થયા પછી રતનબાઈના જીવને નિરાંત વળી. જ્યાં સુધી,–"શા માટે તેને ત્યાં

વિજયાગવરી લઈ જાય છે? " એ તેના સમજવામાં આવ્યુ નહોતું, ત્યાં સુધી તેના મનમાં એક પ્રકારનો વિલક્ષણ ભય ઉપજ્યો હતો અને તેથી તે અનેક પ્રકારની કલ્પના કરવા લાગી હતી. લજ્જાશંકરના મંદવાડની તેને બહુ કાળજી હતી અને તેવા કાળજી રાખવા જોગ સમયમાં આમ એકાએક બોલાવી લઈ જવાનું થાય, ત્યારે ભય ભરેલા વિચારો ઉપજવા સ્વાભાવિકજ છે. પોતાના પતિના મનમાં પોતાના વિષે શંકા ઉપજી છે, એવું વિજયાગવરીએ રતનબાઇને જણાવ્યુંજ નહીં. માત્ર મોતનમાલા 'ખોટી નહીં પણ ખરી છે,' એવી પોતાના પતિને ભ્રાંતિ ઉપજ્યા વિષેની જ વાત તેણે કહી. પતિ પ્રત્યે ખરી શ્રદ્ધા, પુજ્ય બુદ્ધિ અને પ્રેમ ભક્તિ રાખનારી—વિજયાગવરી સરખી સાચી સાધવી, પોતાના પતિના શરમ ભરેલા સંશય માટે, કદી પણ બીજા માણસને એક શબ્દ પણ બોલે ખરી?

કદાપણુ નહીં. પોતાના પતિને તે પોતાનું પરમ દૈવત સમજનારી સુશીલ સ્ત્રી હતી. પોતાના પતિના સદ્‌ગુણો તરફજ સદા એનું લક્ષ રહેતું હતું. ધન્ય છે એ સ્વધર્મનિષ્ઠ અને પતિપ્રેમાસક્તા વિજયાગવરીને !

પાંચ સાત મિનિટમાં લજ્જાશંકરના રહેઠાણવાળા ઘર નજીક ગાડી આવીને ઉભી રહી. રતનબાઈ અને વિજયાગવરી ગાડીમાંથી ઉતરીને દાદરે ચડવા લાગ્યાં. વિજયાગવરી ઉતાવળે ઉતાવળે દાદરો ચડી જઇને પોતાની ઓરડીમાં દાખલ થઈ, અને તેણે મોતનમાલા પેટીમાંથી કહાડી પોતાના પતિને તે આપીને કહ્યું,—" રતનશેઠાણીને હું તેડી લાવી છું. તેમને પૂછીને આ મોતનમાલા વિષે તથા રૂપિયા વિષેની આપની શંકાનું કૃપા કરી સમાધાન કરી લ્યો, આવા મંદવાડમાં શંકાશીલ રહેવું એ હિતકર નથી. " તેનું બોલવું પૂરૂં થાય છે, એટલામાં તો રતનબાઇએ દ્વારમાં

પ્રવેશ કર્યો. " આવો, પધારો, " કહીને તથા આસન આદિ આપીને વિજયાગવરીએ તેમનું આદરાતિથ્ય કર્યું. રતનબાઇને ઓરડીમાં બેઠાને પાંચ મિનિટ થઈ નહીં, એટલામાં તો " આમની સાથે વાત કરીને આપની શંકા દૂર કરજ્યો. હું જોડમાંજ મોંઘીબાઈની ઓરડીમાં જરાવાર જઈ બેસુંછું." એમ કહીને વિજયાગવરી ઓરડીમાંથી બહાર નિકળીને પોતાની એક પડોશણને ત્યાં જઈ બેઠી. રતનબાઇને પણ વિજયાગવરીના રૂબરૂ મોતનમાલા વિષેનો ખુલાસો કરવાની વાત રૂચતી નહોતી, એમ પાંચ મિનિટના તેના અબોલપણાથી જ જણાઈ આવતું હતું. વિજયાગવરીની હાજરીમાં મોતનમાલા વિષેનો ખુલાસો નહીં કરવામાં રતનબાઇનો શો હેતુ હશે તે તો તે જાણે ! વિજયાગવરી બહાર ગયા પછી રતનશેઠાણીએ લજ્જાશંકરને પૂછ્યું,—" ભાઈ, તમારી સ્રીને કરાવી આપેલી મોતનમાલા ખોટી છતાં તમે પારખી શક્યા નહીં ખરૂં ?"

આ વેળાએ લજ્જાશંકરે પોતાના હાથમાંની મોતનમાલાને બારીકીથી ફરી તપાસીને,—"મોતનમાલા ખરી છે પણ ખોટી નથી; પરંતુ મને આમ બોલીને છેતરવામાં આવે છે," એવું અબોલ હાલતમાં જ પણ પોતાની ચર્યામાં ફેરફાર કરીને જ જણાવી દીધું. રતનબાઇએ,—" કેમ કશું બોલતાં નથી ? મોતીના વ્યાપારીઓને ત્યાં તો આપણી દુકાનના કે આપણા ઘરના સંબંધને લીધે ઘણીવાર તમારૂં જવું થાય છે, વળી ખોટાં સાચાં મોતીના અનેક દાગીના તમારા હાથમાં અનેકવાર આવી ગયેલા છે, છતાં તમે આ મોતનમાલા ન પારખી શક્યા, એ શું આશ્ચર્યની વાત નથી ?" એમ કહ્યું. લજ્જાશંકરથી હવે બોલ્યા વિના રહેવાયું નહીં. તે બોલ્યો,—" મોતનમાલા ખોટી નહીં પણ ખરી છે એવી મારી ખાત્રી થાય છે, છતાં તે ખોટી હોવાનું જે દૃઢતાપૂર્વક કહેવામાં આવે છે, તે વિષેનું મને પણ આશ્ચર્ય ઉપજે છે! બાઈ સાહેબ, મને તો એ

મોતનમાલા કેવળ ખરી લાગે છે અને તેમ છતાં આપ એને ખોટી ઠરાવવા માગો છો એટલે મારો ઈલાજ નથી!" લજ્જાશંકરનું દૃઢતાભરેલું બોલવું સાંભળીને રતનબાઇને હસવું આવ્યું. એ પછી,—"લજ્જાશંકર, તમે ખરેખરા પરીક્ષક છો, તેમાં કશો પણ શક નથી હવે હું એ મોતનમાલાના સંબંધમાં અથથી ઇતિ પર્યંત તમામ હકીકત તમોને કહી સંભળાવુંછું, અને તે ઉપરથી તમારી ખાત્રી થશે કે તમારી સ્ત્રી ઉપર મ્હારો કેટલોબધો પ્રેમ છે," એમ કહીને તેણે સર્વ હકીકત તેને નિવેદન કરી. વિશેષમાં તેણે એમ પણ જણાવ્યું કે,—' તમારા ધારવા પ્રમાણે મોતનમાલા ખોટી નહીં પણ ખરી છે; પરંતુ તે વેળાની વિજયાગવરીના મનની સ્થિતિ ઉપરથી મને બહુ દયા ઉપજી અને તેથી મેં તેને સાતસો રૂપિયાની ખરાં મોતીની તે કરાવી આપી. આવી રીતે કેવળ ખરી મોતનમાલા કરાવી આપ્યા છતાં મેં તેને જાણી

જોઇને,—" કોઇથી પણ ન પારખી શકાય તેવી—ખોટી કરાવી આપી છે અને તારા ત્રણસો રૂપિયા મારી કને સાબુત છે," એમ કહ્યું. તમારો મંદવાડ લાંબો ચાલ્યાથી ખરચ ખૂટણના સંબંધમાં વિજયાગવરી બહુ ગભરાઈ ગઈ અને મારી કને આવીને પોતાના દાગીના વેચીને અથવા પેલા મારે ત્યાંના અનામત રૂપિયા ઉપાડીને તમારી સારવાર કરવા વિષે નો તેણે મારો અભિપ્રાય પૂછ્યો. મેં તેમ કરવાની તેને સાફ ના પાડીને મારી ખાનગી મૂડીમાંથી પચાસ રૂપિયા આપ્યા. ત્યાર પછી જોકે ફરીને મારી કને આવીને તેણે નાણા સંબંધી મુંજવણની વાત મને જણાવી નથી, તોપણ મેં સાંભળ્યું છે કે કોઇની મારફત કોઈ દુકાનદારનાં ટોપી ઝબલાં શિવી આપીને કે ગલપટા, મોજાં ગુંથી આપીને તે ઘરનો ખર્ચ ચલાવે છે." આ સાંભળતાં વાર લજ્જાશંકરના મનની શંકા એકદમ દૂર થઇ, અને તેનું મન કેવળ શુદ્ધ બની ગયું. 'વૃથા કુતર્ક

કરીને મેં મારા પોતાના મનને તથા મારી સુશીલ ધર્મપત્નીના મનને બહુ દુઃખ ઉપજાવ્યું ! અરેરે તે વેળાએ મારી અક્કલ ક્યાં ગઈ હતી !!" એવો એક ક્ષણમાંજ તેના મનમાં વિચાર ઉપજ્યો અને તેથી તેને અતિશય પશ્ચાતાપ થવા લાગ્યો. તેને એટલો તો પશ્ચાતાપ થયો કે પોતાની સમિપ રતનશેઠાણી બેઠેલાં છે, તે વિષેનું પણ તેને ભાન રહેવા પામ્યું નહીં. તે એકદમ,–"અરેરે ! કેવો હું દુષ્ટ !" એમ મોટેથી બોલીને રડવા લાગ્યો. રતનબાઈએ,–"ભાઈ, આમ કેમ કરો છો? રડવા જેવું તમે શું કામ કર્યું છે ? તમોને શી બાબતનો પશ્ચાતાપ ઉપજે છે ?" એવા પ્રશ્નો પૂછ્યા. લજ્જાશંકરે, પોતે જે જે વાત વિજયાગવરીથી છૂપાવી હતી, તે તમામ રતનશેઠાણીને કહી સંભળાવી અને વિશેષમાં વિજયાગવરીનાં વર્તન વિષે પોતાને ઉપજેલી શંકા અને તેથી પોતાને ઉપજેલાં શોક તાપનું પણ વર્ણન કરી સંભળાવ્યું. ત્યાર પછી તે જરા

બોલીને વળી,–" રતનબાઈ, કહો જોઉં, મારા જેવો દુષ્ટ માણસ બીજો કોણ હશે ! " એમ બોલી રૂદન કરવા લાગ્યો. જે વિજયાગવરીના સદ્‌ગુણોપર પોતે આટલી બધી લુબ્ધ હતી અને જે વિજયાગરીનાં સદ્‌ગુણોને લીધે તેને પોતાની પેટની પુત્રી કરતાં પોતે અધિક વહાલી ગણુતી હતી, તેજ વિજયાગવરીના સંબંધમાં તે કેવળ નિર્દોષ છતાં તેનો પતિ કેવળ કુતર્ક કરીને શંકાશીલ બની ગયો, તેથી રતનશેઠાણીને બહુ સંતાપ ઉપજ્યો. એ સંતાપના આવેશમાં લજ્જાશંકરના મંદવાડની વાત તેના લક્ષમાં રહેવા પામી નહીં. તે એકદમ બોલી ઉઠી,–" એ કેવળ નિર્દોષ છતાં પરમ પવિત્ર છતાં, કાયા વાચા અને મને કરીને અન્યન્ય ભાવે તમારી સેવા કરતાં છતાં તેના વિષે તમોને, શંકા ઉપજી ? તમારૂં તે શી રીતે કલ્યાણ થાય ?! " આવેશમાં એવા પ્રકારનું રતનશેઠાણીથી બોલી તો જવાયું; પરંતુ પેટની પુત્રી કરતાં પણ વિજયાગવરી પોતોને અધિક

વહાલી હોવાથી તેના પતિને આમ કહેવું તે તેને યોગ્ય નહીં લાગવાથી તુરતજ તે બોલી, "જે થઈ ગયું, તેના વિષે હવે પશ્ચાતાપ કરવાનું પ્રયોજન નથી. હવેથી માત્ર શુદ્ધ મનથી વરતી સુખી થાઓ, એજ મારો આશિર્વાદ છે. તમારો મંદવાડ કેવળ તમારા શંકાશીલ હૃદયથીજ ઉપસ્થિત થયેલો છે; માટે હવે શુદ્ધ મન રાખી સર્વ પ્રકારની ચિંતા દૂર કરો, એટલે તુરત તમોને આરામ થશે. અનિષ્ટ સરખા વિચારો કરીને કદી પણ દુઃખ ઉપજવા ન પામે એટલા માટે મન ઉપર બરોબર કાબુ રાખતા રહો અને પછી જુઓ કે તમે કેટલા બધા સુખી થાઓ છો. મારી વહાલી વિજયાગવરીનું પરમાત્મા જરૂર કલ્યાણ કર્યા વિના રહેશે નહીં. દ્રવ્ય સંબંધી હવે પછી તમે કશી પણ કાળજી કરશો નહીં. હું જ્યાં સુધી જીવતી છું, ત્યાં સુધી તમોને કોઈ પણ પ્રકારની મુંજવણમાં રહેવા દઈશ નહીં. હવે ફરીને મોતનમાલાના સંબંધમાં વિજયાગવ-

રીની સાથે કશી પણ વાત કરશો નહીં. ભલેને ‘એ ખોટી છે,’ એમ તે માન્યાજ કરે! ‘એ મોતનમાલા ખરી છે,’ એવું તમારા સમજવામાં આવી જશે, એમ હું ધારતી નહોતી અને તેવીજ વિજયાગવરીને તે સંબંધી તેમોને કાંઈ પણ ન કહેવાની મેં મના કરી હતી; પરંતુ જ્યારે,–“તે ખોટી નહીં પણ ખરી છે!” એમ તમારા સમજવામાં આવી ગયું અને વિજયાગવરીના બોલવાપરથી તમારો ભરોંસો ઉઠી ગયો, ત્યારે તમોને ખરી હકીકત કહી સંભળાવ્યા વિના મારો છૂટકો થયો નહીં! ચાલો, જે થયું તે ઠીકજ થયું; પણ–‘મોતનમાલા ખોટી છે,’ એમ વિજયાગવરી અત્યાર સુધી માનતી આવેલી છે, તો હજી પણ તેને તેમ જ માનવા દેવી. તમારે તેને તે સંબંધમાં કશું પણ કહેવુંજ નહીં. વખત આવશે ત્યારે હું મારી મેળેજ તેને તે ખરી હોવા વિષેની વાત કરી સંભળાવીશ.”

લજ્જાશંકરે રતનબાઈનું સર્વ બોલવું મુંગે

મ્હોંડે સાંભળી લીધું. એક શબ્દ પણ તે વચ્ચે બોલ્યો નહીં; પરંતુ ત્યાર પછી પોતાની સ્ત્રી પ્રત્યેના તેમના અપૂર્વ પ્રેમના સંબંધમાં તથા તેમની અસાધારણ દયા અને ઉદારતાના સંબંધમાં ટુંકામાં પ્રશંસા કરી રતનબાઈનો તેણે ઘણો આભાર માન્યો. "હું હવે રજા લઉં છું. કશી પણ ચિંતા નહીં કરતાં હવેથી શુદ્ધ મનથી વર્તજ્યો અને વિજયાગવરી જે ઔષધ આપે તે બરોબર લેજ્યો, એટલે જલદીથી સાજા થઈ જશો." એમ કહીને રતનશેઠાણી પોતાને ઘેર જવા માટે ઉઠી. ઉઠતાં ઉઠતાં તેણે વિજયાગવરીને હાક મારી પોતાની કને બોલાવી, અને,—"બ્હેન. હું હવે રજા લઉં છું. લજ્જાશંકરના મનની શંકા મેં દૂર કરી છે. હવે તમારે તે વિષે કશી ચિંતા કરવા જેવું રહ્યું નથી. કાળજીથી તેમને ઔષધ પાણી આપતાં રહેશો." એટલું કહીને તે નીચે ઉતરી. વિજયાગવરી તેને છેક નીચે સુધી વળાવા ગઈ. રતનશેઠાણી ગાડીમાં બેસીને વિદાય થયાં પછી

તે ઉપર આવીને પોતાના સ્વામિ કને બેઠી. કેટલોક વખત સુધી તે પતિપત્ની પરસ્પર કશું પણ બોલ્યાંજ નહીં. તેમણે એક બીજાના સામે મુંગે મ્હોંડે જોયાંજ કર્યું. આખરે અતિ પ્રેમથી લજ્જાશંકરે વિજયાગવરી પ્રત્યે કહ્યું,— "મને થોડું કંઈ ખાવા માટે આપ." વિજયાગવરીએ તૈયાર કરી રાખેલી સાબુ ચોખાની કાંજી તેને આપી, અને તે તેણે સારી રીતે પીધી. એ પછી,—"તું હમે જમી લે તો ઠીક. આજ મારૂં મન નિર્મલ થવાથી મને બહુ ઠીક લાગે છે," એવું લજ્જાશંકરે કહ્યું. વિજયાગવરી કશું પણ નહીં બોલતાં પ્રસન્ન મુદ્રાની બનીને ઓરડીના અંદરના ભાગમાં જઇને જમવા બેઠી. જમી પરવારીને પાછી તે પોતાના પતિની જોડમાં આવીને બેઠી. આ વેળાએ લજ્જાશંકર નિદ્રાધીન થઈ ગયો હતો. બપોરના અઢી વાગેથી તે સૂતો તે છેક રાતના સાડાબાર વાગતે જાગ્રત થયો. જાગ્રત થઇને તે જુએ છે તો વિજયાગવરી તેની જોડમાંજ જાગતી બે-

ઠેલી તેના જોવામાં આવી. સારી રીતે નિદ્રા આવવાથી લજ્જાશંકરને અત્યારે ઠીક આરામ થયો હતો. આવી નિદ્રા આજ કેટલાક દિવસથી તે મેળવવા પામ્યો નહોતો. તેણે પ્રસન્ન મુદ્રાથી પોતાની પ્રિય ભાર્યા પ્રત્યે પૂછ્યું,–"તું શું અત્યાર સુધી જાગતીજ બેસી રહી?" "આપને આજ ઘણે દિવસે સુખરૂપ નિદ્રા આવી ગઈ હતી અને તેથી મારા મનને આનંદ ઉપજ્યો હતો. એ આનંદને લીધે મને આનંદદાયક વિચારો આવવા લાગ્યા અને તેથી જાગતાં છતાં વખત કેટલો ગયો તેની પણ મને ખબર પડી નહી!" વિજયાગવરીનું બોલવું પૂરૂં થતાંવાર લજ્જાશંકરે,–" મેં આજ ચાર પાંચ દિવસથી તને દુઃખ આપવામાં મણા રાખી નહોતી; પણ હવે હું જીંદગી સુધી એવા પ્રકારનું તને કદી પણ દુઃખ આપીશ નહીં હો!" એમ કહીને તેને અતિ પ્રેમથી ચુંબન લીધું. વિજયાગવરીએ કહ્યું,–" મને કશું દુઃખજ નથી. આપ જલદીથી આરોગ્ય થાઓ એટલે

મને સદા સુખજ છે." "મેં હવે સર્વ પ્રકારની ચિંતા તજી દીધી છે, હવે મને કશા પણ અમંગલ વિચારો ઉપજતા નથી અને તેથી હું બહુજ જલદીથી સાજો થઇશ એમ મને લાગે છે. આવતી કાલે ડાકતર આવશે ખરૂં?" લજ્જાશંકરને વિજયાગવરીએ ઉત્તર આપ્યો,- "હા. કાલે આવવાનો તેમનો વારોજ છે." લજ્જાશંકરે કહ્યું,-" રાત્રી ઘણી ગઇ છે, તું હવે નિદ્રા લે. મારી કશી પણ ચિંતા રાખવાનું હવે પ્રયોજન નથી. મને લાગે છે કે હવે હું જલદીથી સારો થઇશ." "ભવાની મા આપને આરામ કરો." એમ બોલતાં બોલતાં વિજયાગવરી બિછાનાપર સૂતી. પ્રભાત થયું એટલે તે પતિપત્ની જાગ્રત થયાં. આઠેક વાગ્યાને સુમારે ડાકતરે આવી પ્રકૃતિ તપાસીને ઔષધ આપ્યું. લજ્જાશંકરને તે દહાડે પણ બહુ આરામ લાગ્યો. "હું જલદીથી સારો થઈ જો મારી પ્રિય ભાર્યાને અતિશય સુખ આપું, તોજ ખોટી શંકાથી તેને આપેલાં દુ:-

ખનું ક્ષાલન થયું ગણાય!" એવા એવા પ્રકારના તેને હવે વિચારો ઉપજવા લાગ્યા. એક, બે, ત્રણ—એમ જેમ જેમ દિવસો પસાર થતા ગયા, તેમ તેમ લજ્જાશંકરની પ્રકૃતિ અધિકાધિક સુધરતી ગઈ. તેને જમવાપર રૂચિ લાગતી ગઈ, જઠરાગ્નિ પ્રદિપ્ત થઈ, તેનું મન આનંદમાં રહેવા માંડયું. તેનામાં ઠીક શક્તિ આવી અને તે એક મહિનામાં પૂર્ણપણે આરોગ્ય બની ગયો. આવી રીતે પોતાના પતિની પ્રકૃતિ કેવળ સુધરી ગયેલી જાણી વિજયાગવરીએ ભવાનીની માનતા ફેડવા જવાની તેની આજ્ઞા માગી, અને તે મળતાંવાર ઉત્તમ પોશાક તથા દાગીના પેહેરી—બણીઠણીને માતાજીના મંદિર તરફ ચાલી નિકળી. આ વેળાએ લજ્જાશંકરે તેને હાસ્યમાં કહ્યું,—"મોતનમાલાથી તું બહુજ શોભી રહી છે; પણ તને ખબર છે કે તે ખોટી નહીં પણ ખરી છે!"

પ્રકરણ દસમું.

—:o:—

શુદ્ધ મનથી સુખાનંદ.

પ્રિય વાચકવૃંદ! હવે આ વાર્તા પૂરી થઈ. શુદ્ધ મન થવાથી લજ્જાશંકર કેવળ આરોગ્ય બની રહ્યો, અને એ પછી તેના તથા વિજયાગવરીના સુખાનંદનો પાર રહ્યો નહીં. "મોતનમાલા રતનબાઇએ ખોટી નહીં પણ ખરી અને વળી તે સાતસો રૂપિયાની કરાવી આપી છે." એમ પોતાના સ્વામિએ જણાવવાથી એ શેઠાણીના ઔદાર્ય વિષે તથા પોતા પ્રત્યેના પ્રેમ વિષે વિજયાગવરીને સાનંદાશ્ચર્ય ઉપજ્યું. તેણે રતનબાઇ કને જઇને આભાર માન્યો. રતનબાઈ જ્યારે જ્યારે વિજયાગવરીને ઘેર આવતી, ત્યારે ત્યારે,– 'તમારૂં નામજ લજ્જાશંકર એટલે નામ પ્રમાણેજ ગુણ હોય તેમાં નવાઈ શી! તમારા શંકાશીલ વર્ત્તનના સંબંધમાં આખરે તમારે જ લાજવું પડયું અને

જુઓ મારી વિજયાગવરી! તેણે સદાચારથી તમારા ઉપર કેવો વિજય મેળવ્યો ?!" એમ કહીને વિજયાગવરીનાં રૂબરૂ લજ્જાશંકરનું હાસ્ય કરતી હતી; લજ્જાશંકર પોતાની પ્રિય ભાર્યા પ્રત્યે,—"મોતનમાલા ખોટી નહીં પણ ખરી!" એમ કહીને ઘણીવાર વિનોદ કરતો હતો; અને વિજયાગવરી,—"શુદ્ધ મનથી સુખાનંદ!" એમ બોલી પોતાના પ્રાણનાથને અનેકવાર ગમત ભરેલી રીતે થઈ ગયેલી ભૂલનું ભાન કરાવતી હતી. આવી રીતે તે પતિપત્નીનો સુખાનંદમાં કાળ નિર્ગમન થવા લાગ્યો. ડાહી વિજયાગવરી ત્રેવડથી પોતાનો ઘરસંસાર ચલાવવા લાગી. થોડા સમયમાં તેને પુત્રરત્ન પ્રાપ્ત થયું. ત્રીકમજી શેઠે પોતાની દુકાનમાં લજ્જાશંકરનો બે આનીનો ભાગ કરી આપ્યો અને તેથી નોકર મટીને શેઠ થવાનો તેને વારો આવ્યો; આથી તેની વાર્ષિક આવક ત્રણ હજાર રૂપિયાની થઈ. લક્ષ્મિ અને સંતતિની વૃદ્ધિ થવાથી તેની પૂર્વની સ્થિતિજ

રહેવા પામી નહીં. વિજયાગવરીને અનેક દાગીના કરાવીને પેહેરવાનો રૂડો પ્રસંગ પ્રાપ્ત થયાં છતાં પેલી મોતનમાલા પ્રત્યે તેની મમતા કમી થવા પામી નહીં. એ મોતનમાલા વિજ-યાગવરી જ્યારે પેહેરતી, ત્યારે લજ્જાશંકર "એ ખોટી નહીં પણ ખરી!" એમ કહીને તેનું હાસ્ય કરતો અને જ્યારે લજ્જાશંકર તેનું એવા પ્રકારનું હાસ્ય કરતો ત્યારે વિજ-યાગવરી,—"પણ નાથ! શુદ્ધ મનથી સુખા-નંદ!" એમ કહીને હાસ્યમાંજ તેને બહુ ગમત ઉપજાવતી હતી. મતલબ કે આ વા-ર્તાનો લેખક એ પતિપત્નીના સુખાનંદનું વર્ણ-ન કરવા માંડે તો આ વાર્તા કરતાં બીજું વીશ ગણું લખતાં પણ તેનો પાર આવે તેમ નથી અને તેથી તેવી કશી ભાંજગડમાં નહીં ઉતરતાં આ વાર્તાની પૂર્ણાહુતી કરતાં, પ્રિય વાચકોને સદાસર્વદા એટલુંજ યાદ રાખવાની ભલામણ કરે છે કે—"શંકાથી સંકટ અને શુદ્ધ મનથી સુખાનંદ!!"
